પાણિનિ પછીનો બીજો પ્રાચીન સંપ્રદાય કાતંત્ર વ્યાકરણનો છે. આચાર્ય હેમચંદ્રનું વ્યાકરણ રચાયું તેના ઘણા સમય પહેલાં અને તે પછી પણ ગુજરાતમાં પાણિનિ ઉપરાંત કાતંત્ર વ્યાકરણનો પણ અભ્યાસ થતો હતો. ગુજરાતમાં કાતંત્ર વ્યાકરણ પર ઠીક ઠીક ટીકાગ્રંથો, ખાસ કરીને જૈન સાધુઓ દ્વારા લખાયા છે. ઈ.સ. ૧૧૧૬માં અભયદેવસૂરિના શિષ્ય વર્ધમાનસૂરિએ 'કાતંત્રવિચારવૃત્તિ' લખી. જિનેશ્વર સૂરિના શિષ્ય જિનપ્રબોધસૂરિએ' કાતંત્રવ્યાકરણ પર સં. ૧૩૨૮ (ઈ.સ. ૧૨૭૨)માં 'દુર્ગપ્રબોધ' ટીકા રચી. સં. ૧૩૫૨ (ઈ.સ. ૧૨૯૬)માં જિનપ્રભસૂરિએ 'કાતંત્રવિભ્રમ' ટીકા રચી. ખાસ નોંધપાત્ર બાબત છે કે આ જિનપ્રભસૂરિએ આ ટીકા ઉપરાંત, મહાવીરના અનન્ય ઉપાસક રાજા શ્રેણિકના ચરિતને વર્ણવતું ૧૮ સર્ગ અને ૨૨૯૭ શ્લોક ધરાવતું 'શ્રેણિકચરિત' નામનું શાસ્ત્રકાવ્ય રચ્યું, જેમાં તેમણે કાતંત્ર વ્યાકરણ પરની દુર્ગસિંહરચિત વૃત્તિ પ્રમાણે, સૂત્રોને ઉદાહૃત કર્યા છે, તેથી તે 'દુર્ગવૃત્તિદ્વયાશ્રયમહાકાવ્ય' તરીકે ઓળખાય છે. આમ પાણિનિ, સિદ્ધહેમ અને કાતંત્ર વ્યાકરણનાં સૂત્રોને ઉદાહૃત કરતાં અનુક્રમે ત્રણ શાસ્ત્રકાવ્યો 'ભટ્ટિકાવ્ય', 'દ્વયાશ્રય' અને 'શ્રેણિકચરિત'ગુજરાતમાં જ રચાયાં છે.-

મૂળ મારવાડમાં જન્મેલા, પણ જેમની કર્મભૂમિ ગુજરાત હતી, તેવા મેરુતુંગસૂરિ (સં. ૧૪૦૩-

૧૪૭૭)એ 'કાતંત્ર વ્યાકરણ બાલાવબોધવૃત્તિ' નામનો ગ્રંથ લખ્યો છે. આ અંચલગચ્છીય આચાર્યે, કાતંત્ર વ્યાકરણનાં સંધિ, નામ અને આખ્યાન- એ ત્રણેનાં સૂત્રો, કાતંત્ર પરની દુર્ગવૃત્તિ, તથા 'સિદ્ધહેમ' પરની બૃહદ્‌વૃત્તિના આધારે આ સંક્ષિપ્ત વ્યાકરણ રચ્યું છે. તેમાં ચાર અધ્યાય અને કુલ ૨૫ પાદ છે. કુલ ૧૯ ગ્રંથો રચનાર મેરુતુંગસૂરિ બહુશ્રુત વિદ્વાન અને ગ્રંથકાર તરીકે જૈન વાઙ્મયના ઇતિહાસમાં ચિરસ્મરણીય થયા છે. ગુજરાતના રાજા કર્ણદેવના ઉપાધ્યાયના શિષ્ય વર્ધમાનસૂરિએ સં. ૧૪૫૮(ઈ.સ. ૧૪૦૨)માં 'કાતંત્રવિસ્તર' નામનો ગ્રંથ લખ્યો.

ભોજદેવના 'સરસ્વતીકંઠાભરણ' વ્યાકરણ પર પણ ગુજરાતના ભાંડાગારિક પાર્શ્વચંદ્રના પુત્ર આજડે (ઈ.સ.ની ૧૩મી સદી) 'પદપ્રકાશ' નામે ટીકા લખી છે. આ ટીકામાં પ્રાકૃત ભાષાની વિશેષતાનાં ઉદાહરણો અને વ્યાકરણના નિયમોનો ઉલ્લેખ છે.

ગુજરાતમાં શાકટાયન વ્યાકરણનો પણ અભ્યાસ થતો હતો. બુદ્ધિસાગરસૂરિના 'પંચગ્રંથીવ્યાકરણ' પર શાકટાયનની વધારે અસર છે, તે જ પ્રમાણે શ્વેતાંબરાચાર્ય ગોવિંદસૂરિના શિષ્ય વર્ધમાનસૂરિએ સં. ૧૧૯૭ (ઈ.સ. ૧૧૪૧)માં શાકટાયન ગણપાઠ પર 'ગણરત્નમહોદધિ' નામનો ગ્રંથ રચ્યો છે જે ગણપાઠ માટેનો એકમાત્ર આધારભૂત ગ્રંથ છે.

ગુજરાતના રાજા કુમારપાલે પણ સિદ્ધહેમના ગણપાઠ ઉપર 'ગણદર્પણ' નામનો સંસ્કૃત ગ્રંથ ત્રણ અધ્યાયોમાં રચ્યો છે. આ ગ્રંથ પાણિનીય ગણપાઠના સ્પષ્ટીકરણરૂપ છે.

ઈ.સ.ની પંદરમી સદીથી, સંસ્કૃત વ્યાકરણને, ગુજરાતી ભાષામાં સમજાવવાની શરૂઆત થતી જણાય છે. ઈ.સ. ૧૪૧૦ માં ગુણરત્નસૂરિએ 'ક્રિયારત્નસમુચ્ચય' સામનો વ્યાકરણનો ગ્રંથ રચ્યો. તે વ્યાકરણની વિશિષ્ટતા એ છે કે તેમણે 'સિદ્ધહેમ'નાં ધાતુઓનાં રૂપોને સાધવાની પ્રક્રિયા ગુજરાતીમાં સમજાવી છે. એજ સદીમાં થયેલા તપાગચ્છીય દેવસુંદરના શિષ્ય કુલમંડનસૂરિએ, 'મુગ્ધાવબોધઔક્તિક' રચ્યું. ગુજરાતી ભાષા દ્વારા સંસ્કૃતનું શિક્ષણ આપવામાં આવે તેને 'ઔક્તિક' કહે છે. તેમના આ વ્યાકરણમાં ચાર પ્રકરણ સંસ્કૃતમાં છે અને બાકીના પાંચ પ્રકરણ જૂની ગુજરાતીમાં છે. એક ખાસ નોંધપાત્ર બાબત એ છે કે ગુજરાતના મુસ્લિમ શાસકો પણ સંસ્કૃત વ્યાકરણ શીખવામાં રસ ધરાવતા હતા. સં. ૧૭૭૦ (ઈ.સ. ૧૭૧૪)માં ગુજરાતના સુબા શેખ ફતેમિયાંના પુત્ર બડેમિયાં માટે તપાગચ્છીય આચાર્ય વિજયરાજસૂરિના શિષ્ય દાનવિજયે 'શબ્દભૂષણ' નામનું વ્યાકરણ રચ્યું પણ એ હાલ ઉપલબ્ધ નથી. ઈ.સ.ની ૧૫મી સદીમાં રામચંદ્રે 'પ્રક્રિયાકૌમુદી' રચી. ઈ.સ.ની સત્તરમી સદીમાં ગુજરાતમાં ભટ્ટોજી દીક્ષિતે 'સિદ્ધાંતકૌમુદી', તેના પરની પાંડિત્યપૂર્ણ વ્યાખ્યા 'પ્રૌઢમનોરમા', 'શબ્દકૌસ્તુભ', 'વૈયાકરણ સિદ્ધાંતકારિકા' વગેરે ગ્રંથો રચ્યા. ત્યારબાદ 'પ્રક્રિયાપ્રસાદ', 'પ્રક્રિયાસર્વસ્વ' વગેરે પ્રક્રિયા ગ્રંથો રચાયા. તે પછી ગુજરાતમાં 'અષ્ટાધ્યાયી' કરતાં, 'સિદ્ધાંતકૌમુદી' વગેરેનું અધ્યયન વધારે પ્રચલિત થયું-

ઈ.સ.ની ઓગણીસમી સદીમાં, ગુજરાતના સ્વામી દયાનંદ સરસ્વતી (સં. ૧૮૮૧-૧૯૪૦)એ 'અષ્ટાધ્યાયી' પર અને 'ઉણાદિસૂત્રો' પર ભાષ્ય રચ્યું. આ સદીના અંતભાગમાં, પ્રો. કમળાશંકર પ્રા. ત્રિવેદીએ પાણિનિ વ્યાકરણના સૂત્રોને ઉદાહૃત કરતું 'ભટ્ટિકાવ્ય', મલ્લિનાથની ટીકા અને ટિપ્પણ સાથે મુંબઈથી (ઈ.સ. ૧૯૯૮) બહાર પાડ્યું. તેમણે રામકૃષ્ણ ભાંડારકરના "મન્દિરાન્તઃપ્રવેશિકા" નામના અંગ્રેજીમાં લખાયેલા સંસ્કૃત વ્યાકરણવિષયકપુસ્તકનો ઈ.સ. ૧૮૮૯માં ગુજરાતીમાં અનુવાદ કર્યો, અને રામચંદ્રની 'પ્રક્રિયાકૌમુદી' પરની વિઠ્ઠલની 'પ્રસાદ' ટીકાનું પણ ઈ.સ. ૧૯૩૧માં સંપાદન કર્યું. ગુજરાતના સાક્ષર શ્રી કેશવહર્ષદ ધ્રુવે ભાંડારકરની અંગ્રેજીમાં લખાયેલી 'સંસ્કૃત માર્ગોપદેશિકા' નો ગુજરાતી અનુવાદ કર્યો (ઈસ. ૧૮૮૭). વીસમી સદીમાં, ગુજરાતમાં સંસ્કૃતવ્યાકરણ વિષયક નોંધપાત્ર પુસ્તકો લખાયાં છે. આ સદીના

પૂર્વાર્ધમાં 'વિદ્યાભાસ્કર' બિરુદ ધરાવતા વડોદરાના શ્રી મણિશંકર ઉપાધ્યાયે પાણિનિના સ્વરપ્રક્રિયા અંગેના સૂત્રોના સંદર્ભમાં 'સૂક્તાર્થમુક્તાવલી' ગ્રંથ (ઈ.સ. ૧૯૩૩) અને 'સંસ્કૃત બાલબોધ' (ભાગ ૧-૨) નામના ગ્રંથો ઈ.સ. ૧૯૬૪માં પ્રકાશિત કર્યા છે.

અમદાવાદની ગુજરાત કૉલેજમાં સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે લાંબો સમય રહેલા, સંસ્કૃત વ્યાકરણના અઠંગ વિદ્વાન કાશીનાદ વાસુદેવ અભ્યંકરે ભર્તૃહરિના 'વાક્યપદીય'નું, નાગેશભટ્ટના 'પરિભાષેન્દુશેખર'નું તેમજ તેના પરની 'તત્ત્વાદર્શ' ટીકાનું સંપાદન કર્યું છે. તેમણે સંસ્કૃત વ્યાકરણના પારિભાષિક શબ્દોની સમજૂતી આપતી, Dictionary of Sanskrit Grammar' લખીને ઈ.સ. ૧૯૬૧માં ઓરિઍન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, વડોદરાથી બહાર પાડી છે. તે ઉપરાંત તેમણે વ્યાડિથી માંડીને નીલકંઠ સુધીનો બધી પરિભાષાઓને સમાવતો 'પરિભાષાસંગ્રહ' ઈ.સ. ૧૯૬૭માં ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટ, પુણેથી પ્રકાશિત કર્યો છે, તો ભર્તૃહરિની 'મહાભાષ્ય દીપિકા'નું પણ તેમણે સંપાદન કર્યું છે. તેમના શિષ્ય અને પ્રખર વૈયાકરણ ડૉ. જયદેવભાઈ શુક્લે 'ભર્તૃહરિનો તત્ત્વવિચાર', અને 'પાણિનીય વ્યાકરણશાસ્ત્રનો ઇતિહાસ' (ઈ.સ. ૧૯૭૫) એ બે ગ્રંથો લખીને, યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય તરફથી પ્રકાશિત કર્યા છે. અને 'ભર્તૃહરિના' વાક્યપદીય' નો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. (ઈ.સ. ૧૯૮૪)

વલસાડ (પારડી)માં રહેતા અને સ્વાધ્યાયમંડળના સ્થાપક પંડિત સાતવલેકરજીએ સામાન્ય માણસ પણ સહેલાઈથી સંસ્કૃત શીખી શકે, એ હેતુથી ઈ.સ. ૧૯૬૦ના અરસામાં 'સંસ્કૃત સરળપ્રબોધ' નામની પુસ્તિકાઓ બહાર પાડી છે. ભારતીય સંસ્કૃતિ અને ઇતિહાસના પ્રસિદ્ધ વિદ્વાન ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ ઈ.સ. ૧૯૫૬માં વિનયચંદ્રસૂરિના 'કારકસંબંધોદ્યોત' નામની કૃતિનું સંપાદન કર્યું છે.

અમદાવાદના ભો.જે.વિદ્યાભવનના વ્યાકરણના અધ્યાપક સ્વ. ચીમનલાલ જ. શાસ્ત્રીએ "સંસ્કૃત વ્યાકરણ શાસ્ત્રના ઇતિહાસ' પર હિન્દીમાં પુસ્તિકા બહાર પાડી છે. 'મુનિ શ્રી જંબૂવિજયજી મહારાજે સિદ્ધહેમશબ્દાનુશાસન'નું સ્વોપજ્ઞવૃત્તિ સાથે સંપાદન કર્યું છે. તે ઉપરાંત તેમણે 'સિદ્ધહેમલઘુવૃત્તિ' પર એક ગ્રંથ લખ્યો છે અને તેના પર 'રહસ્ય વૃત્તિ' નામની ટીકા લખી છે, જે બંને, હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર, પાટણ દ્વારા પ્રકાશિત થયાં છે (ઈ.સ. ૧૯૯૪).

વડોદરા યુનિ.ના ડી.પી. પતંજલિ શાસ્ત્રીએ 'A Critical Study of Ṛgveda, particularly from the point of view of Pāṇinian Grammar' નામનું પુસ્તક ઈ.સ. ૧૯૬૩માં પ્રકાશિત કર્યું છે.

ગુજરાતના રાષ્ટ્રપતિપુરસ્કૃત વિદ્વાન સ્વ. શ્રી બાલકૃષ્ણ પંચોલીએ કૌંડભટ્ટના 'વૈયાકરણભૂષણસાર' ઉપર રત્નપ્રભા નામની ટીકા લખી છે. તેમણે ઈ.સ. ૧૯૬૯માં સંપૂર્ણ 'વૈયાકરણ સિદ્ધાંતકૌમુદી'નો હિન્દીમાં અનુવાદ કર્યો અને ત્યારબાદ તેના અમુક પ્રકરણોનો ગુજરાતીમાં પણ અનુવાદ કર્યો છે.

અમદાવાદના સ્વામિનારાયણ સંસ્કૃતમહાવિદ્યાલયના અધ્યાપક સ્વ. દયાશંકર શાસ્ત્રીએ, 'વૈયાકરણ-સિદ્ધાંતકૌમુદી'ના સંજ્ઞા, પરિભાષા, પંચસંધિ અને કારક પરનાં પ્રકરણો તેમજ 'પ્રારંભિક પરમ લઘુસિદ્ધાંતકૌમુદી' – આ બધાં પુસ્તકો ઈ.સ. ૧૯૬૬ના અરસામાં, ગુજરાતીમાં પ્રકાશિત કર્યા.

ગુજરાતના રાષ્ટ્રપતિ પુરસ્કૃત વિદ્વાન ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યાએ નાગેશભટ્ટના 'પરિભાષેન્દુશેખર' ગ્રંથનું તથા કૌંડભટ્ટના 'વૈયાકરણભૂષણસાર'નું ગુજરાતીમાં સંપાદન કરી અનુક્રમે તેમને ઈ.સ. ૧૯૮૪ તથી ઈ.સ. ૨૦૦૬માં પ્રકાશિત કર્યા છે તથા તેમની લખેલી 'સ્ફોટવાદ' પરની પરિચય પુસ્તિકા ઈ.સ. ૧૯૯૮માં ગુજરાતની સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત થઈ છે.

ગુજરાતના સાક્ષરવર્ય પંડિત બેચરદાસ દોશીએ કરેલો હેમચંદ્રાચાર્યના 'સિદ્ધહેમશબ્દાનુશાસન'નો

ગુજરાતી અનુવાદ ઈ.સ. ૧૯૯૨માં પ્રકાશિત થયો છે. ડૉ. મુદ્રિકાબેન જાનીએ 'સિદ્ધહેમશબ્દાનુશાસન' પર વિસ્તૃત મહાનિબંધ લખીને પીએચ.ડી. પદવી મેળવી છે. ગુજરાતના રાષ્ટ્રપતિ પુરસ્કૃત વિદ્વાન ડૉ. નારાયણભાઈ કંસારાના વ્યાકરણ વિશેનાં નીચેના પુસ્તકો પ્રકાશિત થયાં છે : પાર્શ્વ પ્રકાશન દ્વારા ઈ.સ. ૧૯૮૭માં 'પાણિનીય લઘુચંદ્રિકા' (ગુજરાતીમાં), ઈ.સ. ૧૯૯૨માં ભોજના 'સરસ્વતીકંઠાભરણ અને વૈદિકવ્યાકરણ' વિશેનું પુસ્તક અને મેરુતુંગ સૂરિના મેરુતુંગબાલાવોધ વ્યાકરણ'નું ઈ.સ. ૧૯૯૮માં ગુજરાતીમાં સંપાદન. તેમણે ઈ.સ. ૨૦૦૫માં બુદ્ધિસાગરસૂરિના "પંચગ્રંથિ વ્યાકરણ"નું વિસ્તૃત અંગ્રેજી પ્રસ્તાવના સાથે સંપાદન કર્યું છે, જે મોતીલાલ બનારસીદાસ, દિલ્હી દ્વારા પ્રકાશિત થયું છે. ડૉ. વિશ્વનાથ શાસ્ત્રીએ, તેમના માર્ગદર્શન નીચે 'પાણિનિવ્યાકરણ અને ભોજવ્યાકરણના તુલનાત્મક અભ્યાસ' પર મહાનિબંધ લખી પીએચ.ડી. પદવી મેળવી છે.

ગુજરાતના અમરેલીના ડૉ. કિશોરચંદ્ર પાઠકે, વડોદરાના ડૉ. અરુણોદય જાનીના માર્ગદર્શન નીચે તૈયાર કરેલો 'Aṣṭādhyāyī of Pāṇini : A topicwise analytical Study' એ વિષય પરનો પોતાનો મહાનિબંધ ઈ.સ. ૧૯૮૨માં વડોદરાથી પ્રકાશિત કર્યો છે. અને તેમણે અષ્ટાધ્યાયી પરનો ભૂમિકા ખંડ (ઈ.સ. ૧૯૯૯) અને શ્રી જયંતીભાઈ ભટ્ટે કરેલા અષ્ટાધ્યાયીના ગુજરાતી ભાષાંતર, સ્વોપજ્ઞ લઘુવૃત્તિ અને વિસ્તૃત પ્રસ્તાવના સાથે સંપૂર્ણ અષ્ટાધ્યાયીના પરના બધા ખંડ ગોપાલકૃષ્ણ ટ્રસ્ટ, જૂનાગઢ દ્વારા પ્રકાશિત કર્યા છે (ઈ.સ. ૧૯૯૯-૨૦૦૩). વડોદરાના ડૉ. જયદેવભાઈ જાનીએ વિનયસાગરવિરચિત 'ભોજવ્યાકરણ' ગુજરાતીમાં પ્રસ્તાવના સાધનિકાસહિત, વિવરણો અને પરિશિષ્ટો સહિત ઈ.સ. ૧૯૮૫માં વડોદરાથી પ્રકાશિત કર્યું છે. તેમના શિષ્ય ડૉ. મિલિન્દ જોષીએ સારસ્વત વ્યાકરણના પ્રક્રિયાકાર પર, 'અનુભૂતિસ્વરૂપાચાર્ય એક અધ્યયન' (અંગ્રેજીમાં) એ પુસ્તક, ઈ.સ. ૨૦૦૬માં વડોદરાથી બહાર પાડ્યું છે. તેમના બીજા શિષ્ય ડૉ. કિશોરચંદ્ર વૈદ્યે, ઈ.સં. ૨૦૦૦માં, 'પાણિનીય અને ભોજવ્યાકરણના તુલનાત્મક અધ્યયન' પરનું પુસ્તક સંસ્કૃતમાં બહાર પાડ્યું છે.

અમદાવાદના ગુજ. યુનિ.ના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. વસંતભાઈ મ. ભટ્ટનો પુરુષોત્તમદેવની 'લઘુપરિભાષાવૃત્તિ'નું વિવેચનાત્મક અધ્યયન' વિષય પરનો મહાનિબંધ ઈ.સ. ૧૯૮૭ માં ગુજ. યુનિ. દ્વારા પ્રકાશિત થયો છે. તે ઉપરાંત તેમના નીચેનાં પુસ્તકો પણ પ્રકાશિત થયાં છે : 'કારક પ્રકરણ' (અનુવાદ અને વિસ્તૃત પ્રસ્તાવના સાથે, ઈ.સ. ૧૯૮૪), 'પાણિનીય વ્યાકરણવિમર્શ' (ઈ.સ. ૧૯૯૪), સંસ્કૃત વાક્યસંરચના સરસ્વતી પુસ્તક ભંડાર, ઈ.સ. ૨૦૦૨), લઘુસિદ્ધાંતકૌમુદી (પૂર્વાર્ધ-અનુવાદ વિવરણ સાથે, ઈ.સ. ૨૦૦૨), 'પાણિનીય વ્યાકરણ-તન્ત્ર', અર્થ અને સમ્ભાષણ (સંદર્ભ ઈ.સ. ૨૦૦૩), 'ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ પાણિનીય વ્યાકરણનું પરિશીલન અને અષ્ટાધ્યાયી સૂત્રપાઠ (ઈ.સ. ૨૦૦૨), અને 'ધાતુત્રયી અને સંસ્કૃત વાક્ય પ્રવેશિકા' (ઈ.સ. ૨૦૦૭).

એમના માર્ગદર્શન નીચે ગુજરાત યુનિના ત્રણ છાત્રોએ વ્યાકરણમાં નીચેના વિષયો ઉપર સંશોધન કાર્ય કરી પીએચ.ડી. પદવી મેળવી છે. ડૉ. કાલિન્દી પાઠક 'પાણિનીય વ્યાકરણની તન્ત્રગત યુક્તિઓનું વિવેચનાત્મક અધ્યયન' (ઈ.સ. ૧૯૯૬); ડૉ. તેજની મુન્શી - 'પાણિનીય સૂત્રોમાં પ્રયુક્ત વિભક્તિ પ્રત્યયોના અર્થોનું વિવેચનાત્મક અધ્યયન' (ઈ.સ. ૧૯૯૪) અને ડૉ. હસમુખલાલ ઠાકર - 'પરિભાષેન્દુ શેખર પર પં. રાઘવેન્દ્રાચાર્યકૃત ત્રિપથગા ટીકાનું સમીક્ષિત પાઠસંપાદન (ઈ.સ. ૧૯૯૯).

ગુજ. યુનિ.ના સંસ્કૃત વિભાગના રીડર ડૉ. કમલેશભાઈ ચોકસીએ તેમનો પીએચ.ડી. પદવી માટેનો મહાનિબંધ 'પાણિનીય વ્યાકરણ પરંપરામાં કારકમીમાંસા' ઈ.સ. ૨૦૦૧માં પ્રકાશિત કર્યો છે અને 'સંસ્કૃત વાક્યપ્રબોધ' નામના પુસ્તકનું તેમણે કરેલું સંપાદન ઈ.સ. ૨૦૦૪ માં બહાર પડ્યું છે. આ ઉપરાંત તેમણે

પાતંજલ મહાભાષ્યના 'પસ્પાશાહ્નિક'નો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. તેમના માર્ગદર્શન નીચે ત્રણ છાત્રો હાલ નીચેના વિષયો પર સંશોધન કરી રહ્યા છે : પ્રા. કિન્નરી પંચોલી- સહજ કીર્તિગણિકૃત 'ઋજુપ્રાજ્ઞવ્યાકરણ', પ્રા. મહાકાન્ત જોષી – 'શબ્દાર્થવિચારણાની દૃષ્ટિએ 'ગણરત્નમહોદધિ'નો સમીક્ષાત્મક અભ્યાસ' (પીએચ.ડી. પૂર્ણ) અને પ્રા. રાજેશ વ્યાસ - 'સારસ્વત વ્યાકરણનું પુંજરાજી ટીકાનું સંપાદન અને અધ્યયન (હિંદીમાં).

ગુજરાતના સંસ્કૃતના વિદ્યાર્થીઓ વ્યાકરણના અધ્યયન અને સંશોધનમાં સક્રિય રસ લેતા થયા, એમાં ગુજરાત યુનિ.ના સંસ્કૃત વિભાગનો નોંધપાત્ર ફાળો છે.

ડૉ. પ્રદ્યુમ્નભાઈ વોરાએ પતંજલિના 'વ્યાકરણ મહાભાષ્ય'ના 'નવાહ્નિક'નો ટીકાઓ સહિત ગુજરાતી અનુવાદ કર્યો છે, જે અમદાવાદના લાલભાઈ દલપતભાઈ વિદ્યામંદિર દ્વારા ઈ.સ. ૨૦૦૪માં પ્રકાશિત થયો છે.

સ્વ. કે.કા.શાસ્ત્રી વડે સંપાદિત થયેલું કુલમંડનસૂરિના 'મુગ્ધાવબોધઔક્તિક', નામનું ગુજરાતી માધ્યમવાળું સંસ્કૃત વ્યાકરણ ભો. જે. વિદ્યાભવન અમદાવાદ દ્વારા ઈ.સ. ૨૦૦૪માં પ્રકાશિત થયું છે. તેજ સંસ્થા તરફથી સ્વ. કે.કા.શાસ્ત્રી વડે સંપાદિત થયેલા અને કેશવહર્ષદ ધ્રુવ વડે ગુજરાતીમાં ભાષાંતર કરાયેલાં રામકૃષ્ણ ભાંડારકરનાં બંને પુસ્તકો - 'મન્દિરાન્ત પ્રવેશિકા' અને 'સંસ્કૃત માર્ગોપદેશિકા' ઈ.સ. ૧૯૯૭માં પ્રકાશિત થયાં છે.

ડૉ. નીલાંજના શાહે 'ભટ્ટિકાવ્ય' પર પીએચ.ડી.ની પદવી માટે ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના માર્ગદર્શન નીચે તૈયાર કરેલો મહાનિબંધ' 'ભટ્ટિકાવ્યઃ એક અધ્યયન' પુસ્તકરૂપે ઈ.સ. ૧૯૮૭ માં બહાર પાડ્યો છે તથા તેમનું 'સંસ્કૃત વ્યાકરણશાસ્ત્રમાં ગ્રંથોમાં મળતા 'ભટ્ટિકાવ્ય'ના પ્રયોગો' નામનું પુસ્તક ગુજરાતની સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા ઈ.સ. ૨૦૦૩માં પ્રકાશિત થયું છે.

એ હકીકત છે કે ગુજરાતની લગભગ બધી યુનિવર્સિટીઓમાં તેમજ સંલગ્ન કૉલેજોમાં 'વૈયાકરણ સિદ્ધાંતકૌમુદી' અને પાણિનીય વ્યાકરણના મહાભાષ્ય વગેરે ગ્રંથો સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ભણાવાતા હોય છે. ગુજરાતભરમાં પથરાયેલી અનેક નાનીમોટી પાઠશાળાઓમાં સંસ્કૃત વ્યાકરણનું, ખાસ કરીને 'લઘુસિદ્ધાંતકૌમુદી'નું અધ્યયન અને અધ્યાપન તો થતું જ હોય છે. તેમાં પણ ખાસ કરીને સોલાની ભાગવત વિદ્યાપીઠની સંસ્કૃત પાઠશાળામાં, પોરબંદરના સાંદીપની વિદ્યાલયની સંસ્કૃત પાઠશાળામાં અને નડિયાદની 'બ્રહ્મર્ષિસંસ્કારધામ' પાઠશાળામાં પાણિનિવ્યાકરણનું સઘન અધ્યયન કરાવવામાં આવે છે. તે જ પ્રમાણે, ગુજરાતમાં અનેક નગરોમાં ચાલતી જૈન પાઠશાળાઓમાં, પાણિનિ વ્યાકરણ સાથે સિદ્ધહેમવ્યાકરણને પણ શીખવવામાં આવતું હોય છે.

ઈ.સ.ની શરૂઆતના સૈકાઓથી માંડીને આજદિન સુધી ગુજરાતમાં, સંસ્કૃત વ્યાકરણશાસ્ત્રમાં થયેલા કામ. અંગેના આ વિહંગાવલોકનથી એ સ્પષ્ટ થાય છે કે ગુજરાતે આ શાસ્ત્રમાં ધરખમ ફાળો આપ્યો છે. ખાસ કરીને વીસમી સદીમાં, ગુજરાતના વિદ્વાનોએ, પાણિનીય વ્યાકરણ અને સિદ્ધહેમ વ્યાકરણ વગેરેના અધ્યયન, અધ્યાપન, લેખન અને સંશોધનમાં જે ઊંડો રસ અને સક્રિય ઉત્સાહ દાખવ્યો છે, તે જોતાં એવી આશા અસ્થાને નહીં ગણાય કે ભવિષ્યના વર્ષોમાં પણ ગુજરાતમાં વ્યાકરણ વિષયમાં થનારું કામ, ભારતભરના સંસ્કૃત વ્યાકરણ શાસ્ત્રના અભ્યાસીઓ માટે પ્રેરણાદાયી બની રહેશે.

અંતમાં, સર્વવિદ્યાઓમાં મૂર્ધન્ય એવી વ્યાકરણવિદ્યાના પાવિત્ર્ય, માંગલ્ય અને શિવત્વને બિરદાવતાં, ભર્તૃહરિવચનોથી આ લેખનું સમાપન કરવું યોગ્ય લેખાશે :

अर्थप्रवृत्तितत्त्वानां शब्दा एव निबन्धनम् ।
तत्त्वावबोधः शब्दानां नास्ति व्याकरणादृते ।
तद् द्वारमपवर्गस्य वाङ्मलानां चिकित्सितम् ।
पवित्रं सर्वविद्यानामधिविद्यं प्रकाशते ॥ વાક્યપદીય, (૧.૧૩.૧૪)

[અર્થના વ્યવહારના નિમિત્ત બનેલા પદાર્થોને વ્યક્ત કરવાનું સાધન શબ્દો જ છે. શબ્દોના તત્ત્વનું યથાર્થ જ્ઞાન વ્યાકરણ સિવાય થતું નથી. તે મોક્ષ (પ્રાપ્ત કરવા)નો ઉપાય છે, વાણીની અશુદ્ધિઓ માટેનો ઉપચાર છે અને સર્વવિદ્યાઓને પાવન કરનાર તે દરેક વિદ્યામાં પ્રકાશે છે.]

## સંદર્ભ ગ્રંથ-સૂચિ


### ગુજરાતી ગ્રંથો

ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, પ્ર. ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ

ગ્રંથ ૨, મૌર્યકાલથી ગુપ્તકાલ, સં. રસિકલાલ છો. પરીખ અને હરિપ્રસાદ શાસ્ત્રી, પ્રકા. ભો.જે.વિદ્યાભવન, અમદાવાદ. ઈ.સ. ૧૯૭૨.

ગ્રંથ ૩, મૈત્રકકાલ અને અનુમૈત્રકકાલ, સં. રસિકલાલ છો. પરીખ અને હરિપ્રસાદ શાસ્ત્રી, અમદાવાદ ઈ.સ. ૧૯૭૪

ગ્રંથ ૪, સોલંકીકાલ, સં. રસિકલાલ છો. પરીખ અને હરિપ્રસાદ શાસ્ત્રી, અમદાવાદ, ઈ.સ. ૧૯૭૬

ગ્રંથ ૫ : સલ્તનતકાલ, અમદાવાદ, ૧૯૭૭

ગ્રંથ ૬ : મુઘલકાલ, અમદાવાદ ૧૯૭૯

ગ્રંથ ૭ : મરાઠાકાલ, અમદાવાદ

ગ્રંથ ૮ : બ્રિટિશ કાલ, અમદાવાદ, ૧૯૮૪

જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, લે. મોહનલાલ દેસાઈ, મુંબઈ, ઈ.સ. ૧૯૩૩

મહામાત્ય વસ્તુપાળનું સાહિત્યમંડળ, લે. ભોગીલાલ જ. સાંડેસરા, અમદાવાદ, ઈ.સ. ૧૯૫૭

'ભર્તૃહરિનું વાક્યપદીય', લે. ડૉ. જયદેવભાઈ શુક્લ, અમદાવાદ, ૧૯૮૪

'સોલંકીકાલનું સાહિત્ય', લે. નીલાંજના શાહ, પ્ર. ગુજરાત યુનિ., ઈ.સ. ૧૯૭૭

### હિંદી ગ્રંથો :

'जैन साहित्य का बृहद् इतिहास', भा. ५, लाक्षणिक साहित्य, ले. अंबालाल प्रे. शाह, पार्श्वनाथ विद्याश्रम संस्थान, वाराणसी, ई.स. १९६९

संस्कृत व्याकरणशास्त्र का इतिहास, भा. २, ले. युधिष्ठिर मीमांसक, प्र. भारतीय प्राच्यविद्याप्रतिष्ठान, अजमेर, प्र.आवृत्ति, सं. २०१९ (ई.स. १९६३)

# વીસલરાય વિહાર

◆

યશવંત જ. રાવલ*

પાલનપુરમાં વિક્રમના ચૌદમા સૈકાના પ્રારંભના દશકામાં 'વીસલરાય વિહાર' નામે એક ભવ્ય જિનાલયનું નિર્માણ થયું હતું. આ વિહાર આજે પાલનપુરમાં જોવા મળતો નથી. શ્રી અંબિકાદેવીની પ્રતિમા પરના લેખ પરથી આ વિહારનું અસ્તિત્વ હોવાનો પુરાવો મળે છે.

વિક્રમના તેરમા સૈકાના મધ્યમાં સંભવતઃ વિ.સં. ૧૨૩૦ થી વિ.સં. ૧૨૭૬ દરમ્યાન આ નગરની સ્થાપના કાળે જ 'પ્રહ્લાદન વિહાર' નામે આબુનાં દેલવાડાનાં જૈન મંદિરો જેવું જ કલાત્મક જિનાલય બંધાયું હતું.

પરમાર પ્રહ્લાદનના જીવનનાં અંતિમ વર્ષો દરમ્યાન પાટણના સોલંકી ભીમદેવ-બીજાએ પાલનપુર જીતી લીધું હતું. જો કે આ પરાક્રમ ભીમદેવ કરતાં તેના રાજ્યના કર્તા-હર્તા બની બેઠેલા વાઘેલાઓનું હતું. ભીમદેવના મૃત્યુ પછી તરત જ ધોળકાના રાણા વીરધવલનો પુત્ર વીસલદેવ વાઘેલા પાટણની ગાદી પર આવ્યો. (વીસલદેવનો રાજ્યકાળ : વિ.સં. ૧૩૦૨ થી ૧૩૧૮). ગાદીએ આવતાં જ તેણે પાલનપુર (પ્રહ્લાદનપુર) માં 'પ્રહ્લાદન વિહાર' જેવું સુંદર જિનાલય બંધાવ્યું હતું. પ્રહ્લાદને બંધાવ્યું હોવાથી 'પ્રહ્લાદન-વિહાર' તરીકે ઓળખાતું હતું. તેમ વીસલદેવે બંધાવ્યું હોવાથી 'વીસલરાય વિહાર' તરીકે ઓળખાતું હતું.

શ્રી અંબિકાદેવીની પ્રતિમા હાલમાં પ્રહ્લાદન વિહાર (મોટા દેરાસર) માં બીજે માળ ભમતીના એક ખૂણામાં સ્થાપિત કરવામાં આવી છે (ઈ.સ.૨૦૦૮માં આ જિનાલય કુદરતી કારણોસર પડી ગયું છે અને નવું નિર્માણ પામી રહ્યું છે.). આ પ્રતિમા લેખ પરથી સ્પષ્ટ થાય છે કે અસલમાં આ મૂર્તિ 'વીસલરાય વિહાર'માંની છે. આ વિહારનો નાશ થતાં બચી ગયેલી આ પ્રતિમા મોટા દેરાસરમાં લાવી સ્થાપિત કરી છે.

શ્રી અંબિકાદેવીની પ્રતિમા પર આ પ્રમાણેનો લેખ જોવા મળે છે. 'કચ્છોલી ગચ્છના આચાર્ય શ્રીપ્રભ, આચાર્ય આણંદ, આચાર્ય અમરપ્રભે સંવત ૧૩૧૫ના ફાગણ સુદિ ૪ ને બુધવારે પ્રહ્લાદનપુરમાં વીસલદેવ વિહારમાં શ્રી અંબિકાદેવીની પ્રતિમા ભરાવી.' વિ.સં. ૧૩૧૫માં આ જિનાલય બંધાવ્યું હતું તેવું લેખ પરથી સ્પષ્ટ થાય છે. પ્રતિમા ભરાવનાર આચાર્યોનાં નામ પણ આપેલાં છે. આ પ્રતિમા લેખની માહિતી જૈન પરંપરાના ઇતિહાસમાં પણ આપેલી છે.[૧]

વિક્રમની તેરમી સદીના અંતભાગમાં એટલે કે વિ.સંવત ૧૨૮૯ સુધી ચંદ્રાવતીના પરમાર રાજા સોમસિંહ દેવ, જે પ્રહ્લાદનદેવનો ભત્રીજો હતો, તેના રાજ્યાધિકારમાં પાલનપુર હતું.[૨] પાટણના સોલંકી રાજા ભીમદેવ બીજાએ પાલનપુર જીતી લીધું તે પછી પાટણની ગાદી પર આવેલા વીસલદેવ વાઘેલાના રાજ્યાધિકારમાં જ આવ્યું. પરમારોની સત્તા પાલનપુરમાંથી નાબુદ થઈ.[૩] વીસલદેવ વાઘેલા જે સોલંકી કાળ દરમ્યાન ધોળકાનો રાણો(રાય) હતો તે હવે પાટણનો રાજા બન્યો. રાજા માટે સામાન્યતઃ 'દેવ' શબ્દ વપરાય

* વ્યાખ્યાતા, ઇતિહાસ વિભાગ, પાલનપુર આર્ટ્સ કૉલેજ, પાલનપુર

છે. પાટણની ગાદી પર આવતાં વીસલદેવ (દેવ રાજા) તરીકે ઓળખાવા લાગ્યો. પાલનપુરમાં તેણે જે જિનાલય બંધાવ્યું હતું તે 'વીસલરાય-વિહાર' તરીકે જે ઓળખાવા લાગ્યું. વીસલદેવે વિ.સં. ૧૩૦૨ થી ૧૩૧૮ સુધી પાટણમાં રાજ્ય કર્યું હતું.

વીસલદેવના રાજ્યકાળ દરમ્યાન આ જિનાલયનું નિર્માણ થયું હતું અને વીસલદેવના રાજ્યકાળ સમાપ્તિ પૂર્વે ત્રણ વર્ષ પહેલાં ઈ.સ. ૧૩૧૫માં ઉપરોક્ત ત્રણ સૂરિઓએ આ પ્રતિમા ભરાવી હતી.

વાઘેલા વંશના છેલ્લા રાજા કર્ણદેવના સમયમાં દિલ્હીના સુલતાન અલ્લાઉદ્દીન ખિલજીનું આક્રમણ થયું હતું. ઉલુઘખાન જેવા તેના ધર્માંધ ઝનૂની સરદારોએ હિન્દુ તેમજ જૈન ધર્મસ્થાનોનો નાશ કર્યો હતો, પાલનપુરમાં આવાં બીજાં જિનાલયો હતાં. કૃષ્ણ મંદિર જેવું પ્રખ્યાત હિન્દુ મંદિર હતું, જેનો ઉલ્લેખ સારંગદેવ વાઘેલાના વિ.સં. ૧૩૪૮ ના શિલાલેખ પરથી મળે છે; તે મંદિરો પણ આજે જોવા મળતાં નથી.[૪] આ જિનાલયોમાંથી એકમાત્ર પ્રહ્‌લાદન વિહાર (મોટા દેરાસર)નો ફરી જીર્ણોદ્ધાર થયો. આ જિનાલયમાંથી પ્રાપ્ત એક શિલાલેખમાંથી જણાય છે કે દીવાન બહાદુરખાનના સમયમાં એનો જીર્ણોદ્ધાર થયો હતો. લેખમાં આપેલો સમય બહાદુરખાનનો સમય નિર્દેશ કરે છે.

મુસલમાની આક્રમણોથી બચાવવા જમીનમાં છુપાવી દીધેલી પ્રતિમાઓ સમયે સમયે પાલનપુરમાં થતાં ખોદકામ દરમ્યાન મળી આવે છે. પાણી-પુરવઠા યોજના અન્વયે નગરપાલિકા દરમ્યાન થયેલા ખોદકામ દરમ્યાન હાલની તાલેમહંમદખાન આંખની હૉસ્પિટલ પાછળથી મળી આવેલી પાંત્રીસ પ્રતિમાઓ 'મોટા દેરાસર'માં સ્થાપિત કરી છે. શ્રી અંબિકાદેવીની પ્રતિમા તેમાંની એક છે. વીસલરાયવિહારની જગ્યા પણ અહીં આંખના દવાખાના પાછળ આવેલા ભીલવાસના ટેકરા પર આવેલ હતી તેવું માલૂમ પડે છે. ભીલવાસના એક મકાનના પાયામાંથી પાંચેક વર્ષ પહેલાં દેવકુલિકાઓનાં નાનાં આરસનાં પાંચ કલાત્મક શિખરો મળી આવ્યાં હતાં. તેથી પણ નક્કી થાય છે કે 'વીસલરાય વિહાર' ભૂતકાળમાં આ વિશાળ ટેકરાની જગ્યાએ આવેલો હતો. આજે પણ ત્યાં જૂનાં બાંધકામના પાયા જોવા મળે છે.

---

**પાદટીપ**

૧. જુઓ 'જૈન પરંપરાનો ઇતિહાસ', ભા.૨, પ્રકરણ ૩૬, પૃ. ૧૯૩, સંકલન કર્તા : પૂજ્ય પ્રવર્તક મુનિશ્રી ભદ્રસેન, વિજયજી મહારાજ, પ્રકાશન : શ્રી યશોવિજયજી જૈન આરાધના ભવન, પાલીતાણા, પ્રકાશન વર્ષ : ઈ.સ. ૨૦૦૧, વિ.સં. ૨૦૫૭.

૨. સોમસિંહદેવના રાજ્યકાળમાં પંડિત ધનચંદ્રે વિ.સં. ૧૨૮૯માં ઋષભચરિત પાલનપુરમાં તાડપત્ર પર લખ્યું. જુઓ 'પાલનપુરનો જૈન સંક્ષિપ્ત ઇતિહાસ' મુનિશ્રી કાન્તિસાગરજીનો લેખ, ફાર્બસ ગુજરાતી સભા, ત્રૈમાસિક.

૩. વીસલદેવ વાઘેલાના રાજ્યકાળમાં 'ઉત્તરાધ્યયન'ની પ્રત વિ.સ. ૧૩૧૦ માં તાડપત્ર પર પાલનપુરમાં લખાઈ. જુઓ 'પાલનપુરનો જૈન સંક્ષિપ્ત ઇતિહાસ' મુનિશ્રી કાન્તિસાગરજીનો લેખ, ફાર્બસ ગુજરાતી સભા, ત્રૈમાસિક.

૪. સારંગદેવ વાઘેલાનો વિ.સં. ૧૩૪૮, અષાઢ સુદિ ૧૩, રવિવારનો અનાવાડા (પાટણ નજીક)માંથી પ્રાપ્ત શિલાલેખ. જુઓ 'સ્વ. રામલાલ ચુ.મોદી સ્મારક લેખ-સંગ્રહ', ભાગ ૨, અને 'મધ્યકાલીન પાલનપુર' લેખક અને પ્રકાશન રાવલ, યશવંત.જ. જુલાઈ ૨૦૦૩, પૃ. ૬૫ પાલનપુર.

# અમદાવાદના રખિયાલ વિસ્તારમાંના શ્રીનીલકંઠ મહાદેવના મંદિરનો શિલાલેખ, વિ.સં. ૧૬૪૧

◆

ભારતી શેલત*

અમદાવાદના રખિયાલ વિસ્તારમાં મહાદેવની પોળમાં નીલકંઠ મહાદેવનું મુઘલકાલીન મંદિર આવેલું છે. આ મંદિરમાં પ્રવેશતાં ડાબી બાજુની દીવાલ પર આરસની તક્તીરૂપે એક શિલાલેખ કોતરેલો છે. શિલાલેખની તકતીનું માપ ૧૪x૨૨ સે.મી. છે. લેખની ભાષા ગુજરાતી અને લિપિ તત્કાલીન દેવનાગરી છે. લેખની કુલ ૧૪ પંક્તિ છે અને અક્ષરનું માપ ૦.૫x૧ સે.મી છે. લેખની મિતિ વિ.સં. ૧૬૪૧, માઘ શુદિ ૧૨, સોમવારની છે. એ દિવસે અંગ્રેજી તારીખ ૧ ફેબ્રુઆરી, ઈ.સ. ૧૫૮૫ આવે.

અક્ષરવિન્યાસની વિલક્ષણતાઓમાં 'अ ' નો મરોડ ઉત્તર ભારતીય શૈલીનો ત્રિપાંખિયો છે. 'ल ' ના મરોડમાં ડાબી બાજુના ગોળ પાંખિયા સાથે વચ્ચેની આડી લીટી જોડાયેલી નથી. જેમ કે, 'मल ' (પં.૩), 'यमल ' (પં.૪), 'माली' (પં.૫), 'पाल' (પં.૭) ઇત્યાદિ. 'भ' ના ડાબા પાંખિયાને ગોળ વાળ્યા વિના શિરોરેખાને સ્પર્શ્યા વિના સહેજ ડાબી બાજુ વાળવામાં આવે છે; જેમ કે 'भाणां' (પં.૬), 'भार्यो' (પં. ૫) વગેરે. દીર્ઘ ઈમાં હ્રસ્વ ઇની જમણી તરફ અંતર્ગત સ્વર ચિહ્ન ઈનું પાંખિયું દીર્ઘ વ્યંજનોની જેમ છેક નીચે સુધી લંબાવવામાં આવે છે; જેમ કે बाइ (પં. ૭,૮,૧૧) सोनाई (પં.૧૧) વગેરે.

સામાન્ય બોલચાલની ભાષાના શબ્દપ્રયોગ કેટલીક જગ્યાએ કરવામાં આવ્યા છે; જેમ કે 'पोतिथी' (પોતાના), 'पीहरनू ' (પિયરનું) 'पोष्यमां - પં. ૭ ' (હાજરીમાં). કેટલીક જગ્યાએ લહિયાએ અશુદ્ધ લખ્યું છે; જેમ કે भार्या ને સ્થાને भार्यो (પં. ૭), प्रासाद ને સ્થાને प्रसाद (પં.૧,), कराव्युं ને સ્થાને करावु (પં.૧૧), पियरनुं ને સ્થાને पीहरनू (પં.૧૦), लिखितम् ને સ્થાને लाषित (પં.૧૩), ब्रह्मा ને સ્થાને ब्रमा (પં. ૧૪).

**લેખનો સાર :**

શ્રી ગણેશને નમસ્કાર. રખિયાલ મધ્યે નીલકંઠ મહાદેવનું મંદિર છે (પં.૧). ગુજરાતમાં પાતશાહ શ્રી અકબરશાહનું રાજ્ય હતું. વજીર તરીકે રાજા ટોડરમલ, કાદી(જી) તરીકે ગજફર તથા કાસીમ કાદી હવાલુખાન, બહીઉલા રાયમલજી, સારણજી અને માંડણજી સહિત સમસ્ત ગામ પટેલ, તલાટી અને ગામ લોકોની હાજરીમાં રામી આણંદના કુટુંબમાં પુત્રો રામી સીપા, રામી ઝાંકુ, રામી રૂડા, રામી ભાંણા, રામી લહૂઆ, રામી થાઈઆ, રામી તેજપાલ એ બધાની સંનિધિમાં રખિયાલનિવાસી રામી લહૂઆની ભાર્યા બાઈ લીલાદે, રામી માંકા તથા રામી બના લહૂઆ-આ સમસ્ત પરિવારમાંના લહૂઆ અને લીલાદેના પુત્ર બનાએ નીલકંઠ મંદિર ઉપર પોતાના દોકડા ખર્ચી કળશ ચઢાવ્યો (પં. ૨-૧૦). રામી થાવરના પુત્ર માંકાની પુત્રી બાઈ સોનાઈ અને માતા બાઈ સાણી તેમજ રામી બનાએ નીલકંઠ મંદિર વિ.સં. ૧૬૪૧, માઘ સુદિ ૧૨, સોમવારે પૂર્ણ કરાવ્યું. સારંગપુરના રહીશ મેવાડા પાઠક તાપુઆ ગોનાના પુત્ર સારંગધરે લખાણ લખ્યું. રાજપુર

---

* માનદ નિયામક, ગુજરાત રિસર્ચ સોસાયટી, અમદાવાદ

વિસ્તારની કોઠિની પોળમાં રહેતા ભમજી કૃષ્ણા આ લેખના સૂત્રધાર (સલાટ) હતા.

મુઘલ બાદશાહ અકબર (ઈ.સ. ૧૫૭૨-૭૩ થી ઈ.સ. ૧૬૦૫)ના સમયના વજીર રાજા ટોડરમલ હિંદુ પ્રધાન હતા. તેમણે 'દસ્તૂરુલ અમલ' ગ્રંથ લખ્યો જેમાં તત્કાલીન મહેસૂલ પદ્ધતિ અંગે નવી વ્યવસ્થા ગોઠવવાને લગતી માહિતી મળે છે. રાજા ટોડરમલે ગુજરાતમાં છ માસ રહી ૧૦ વર્ષ માટે મહેસૂલ પદ્ધતિ નક્કી કરી. અકબરે એમને અશરફ-ઈ-દીવાન અને મુખ્યમંત્રી એવા બે હોદ્દા આપ્યા હતા. કાઝી મુખ્ય ન્યાયાધીશની ફરજ બજાવતો.

લેખમાં અમદાવાદના પરા રખિયાલનો નિર્દેશ રિષીઆલિ અને રષીઆલિ તરીકે થયો છે. શહેરની પૂર્વમાં આવેલું રખિયાલ પરું ફોજદારી થાણું હતું. અહીં સુતરાઉ કાપડનું જકાતનાકું હતું.

રખિયાલનું આ મુઘલકાલીન નીલકંઠ મહાદેવનું મંદિર રામી પરિવારના સભ્યોએ બાંધ્યું હતું. લેખનું લખાણ સારંગપુરના બ્રાહ્મણ ત્રિવેદી મેવાડા પાઠક સારંગધરે લખ્યું અને રાજપુર કોઠીની પોળમાં રહેતા ભમજી (ભીમજી) કૃષ્ણાએ લેખ કોતર્યો હતો.

### શિલાલેખનો પાઠ

१. श्री गणेशाय नमः ॥ श्रीनीलकंठनुं प्र(प्रा)साद रिषीआलिमाहिः ॥ गुजरात माहि पात[-*]

२. शाहा श्रीश्रीश्रीश्रीश्रीश्रीश्री अकबरशाहा हमालूनु(नुं) राजः वजीर राजा टोड[र-*]

३. मल कादी गजफर तथा काशिम कादी हवालुषान खाना तथा राज्यः बुहीउला रा[-*]

४. यमलजी तथा सारणजी तथा मांडणजी जण ३ समस्त पटल तलाटी गामलोकसा[-*]

५. निद्धि माली रामी आणंदनुं परिवार तेनी भार्यो(र्या) बाई अपाषू पुत्रसमस्त रामी

६. सीपा रामी झांकु रामी रुडा रामी भांणा रामी लहूआ रामी थाईआ रामी

७. तेजपाल ए समस्तनि पोष्य(?)मा रषीआलिवास्तव्यरामी लहूआनी भार्यो(र्या)बा[-*]

८. ई लीलादे रामी मांका तथा रामी बना लहूआए जण २ बाई लीलादे सुत बना

९. माहादेवं नीलकंठुम प्र(प्रा)साद पोतिथी दोकडा षरची नीलकंठ प्रसाद उपरि क[-*]

१०. लस(श) चडाव्युं । पीहरनू नाम शाहिबपुरवास्तव्यं माली रामी थावरसु मांकानी बे[-*]

११. टी बाई सोनाई माता बाई साणी रामी बना प्र(प्रा)साद करावु(व्यु) । श्रीरस्तु देहरानुं । कमावीतु की[-*]

१२. धी त पटल देवंसी सुत नाकरः ॥ संवत १६४१ वर्षे माघ सुदि १२ सोमेः(मे) ॥ सारिंगपुर[-*]

१३. वास्तव्यं(व्य) त्रबाई (डी) मेवाडा पाठिक तापूआ गोना सुत सारिंगधरं(रेण) ला (लि)षि(खि)तं (तम्) : ॥ सूत्रधार भमजी.

१४. क्रष्णा राजपुरी कुठिनी पोलि माहिधरः ॥ श्रीब्रह्म(ह्मा) श्रीविष्णु श्रीरुद्रः ॥ सूर्यः चंद्र मातपिता हास(तारा)गणः ॥



# ''સાવિત્રી''

◆

**રમા ઠાકોર**

| મહર્ષિ વેદવ્યાસજીકૃત | અને | શ્રી અરવિંદ મહર્ષિકૃત |
|---|---|---|
| મહાભારતમાંનું એક ઉપાખ્યાન ''સત્યવાન સાવિત્રી'' | | મહાકાવ્ય ''સાવિત્રી'' |

આ બે કથાનકોનું તુલનાત્મક વિવરણ કરવા પ્રયત્ન કરીશ.

સત્યવાન અને સાવિત્રી ઉપાખ્યાન, એક દંતકથા પરંપરાથી વાર્તારૂપે આપણામાંથી ઘણાયે નાનપણથી સાંભળી હશે.

સાવિત્રીનું આખ્યાન મહાભારતના આરણ્યક પર્વમાં ૨૪૮મા અધ્યાયમાં આવે છે. મદ્રદેશના રાજા અશ્વપતિ પોતે નિઃસંતાન છે, તેથી અઢાર વર્ષની તપશ્ચર્યા કરે છે. ઉપવાસ, બ્રહ્મચર્ય અને હજારો યજ્ઞના પરિણામે બ્રહ્મા અને માતા સાવિત્રી પ્રસન્ન થાય છે. માતા સાવિત્રી પુત્રીનું વરદાન આપે છે : કે પોતાના વિશિષ્ટ પ્રસાદ તરીકે એક પુત્રી થશે. સાવિત્રીદેવીની કૃપાને પરિણામે પુત્રીનો જન્મ થયો હોવાથી અશ્વપતિએ એનું નામ સાવિત્રી પાડ્યું. દૈવી અંશ હોવાથી એનું સમગ્ર વ્યક્તિત્વ દૈવી અને દેવકન્યા સમું જાજરમાન હતું. બાલ્યાવસ્થા વટાવીને તેણે યૌવનમાં પ્રવેશ કર્યો ત્યારે એના માતાપિતાને એના વિવાહ કરવામાં મુશ્કેલી નડી, કારણ કે એનું સ્વરૂપ જ એવું હતું કે કોઈ રાજકુમારે એની સાથે લગ્ન કરવાની માગણી કરી નહીં. પિતા અશ્વપતિએ સાવિત્રીને પતિ માટે એની પોતાની પસંદગી કરવાની છૂટ આપી, અને રાજયના અધિકારીને સાથે મોકલીને દેશાટન કરીને, જીવનસાથી પસંદ કરવાની સગવડ કરી આપી.

બે વર્ષ સુધી અનેક દેશોમાં ફર્યા બાદ એક, દુશ્મનથી હારેલા, અંધ, પદભ્રષ્ટ તપોવનમાં આશ્રમ કરીને રહેતા દ્યુમત્સેન રાજાનો કુમાર સત્યવાન, જે ખૂબ જ, શૂરવીર બુદ્ધિશાળી, ઉદાર અને ક્ષમાવાન હતો, એને સાવિત્રીએ પસંદ કર્યો. કાર્ય પૂરું કરીને સાવિત્રી પાછી આવી અને પોતાનો નિર્ણય જાહેર કર્યો તે સમયે દેવર્ષિ નારદ અશ્વપતિને ત્યાં હતા. નારદજી તો સર્વજ્ઞ જ્યોતિષ પણ જાણે. સાવિત્રીનું ભવિષ્ય ભાખતાં જ, નારદજીએ સત્યવાન બધી જ વાતે લાયક છે તેમ કહ્યું, પરંતુ તેનું આયુષ્ય હવે માત્ર એક વર્ષ જ છે એમ જણાવ્યું. માતાએ સાવિત્રીને ખૂબ સમજાવી. નારદજીની કઠોર વાણી છતાં સાવિત્રી પોતાના નિર્ણયમાં મક્કમ રહી. માતાપિતાએ તેની પસંદગીનો સ્વીકાર કર્યો.

સત્યવાન સાથે લગ્ન થયાં. સાવિત્રી સત્યવાનના આશ્રમે વિદાય થઈ. ખૂબ સુખી હતી. આશ્રમના સાદા અને સરલ શ્રમભર્યા જીવનમાં પણ તે સમાઈ ગઈ અને આનંદમાં રહેવા લાગી. પરંતુ નારદજીની ભવિષ્યવાણી એક ક્ષણ માટે પણ ભૂલી શકી નહિ. પોતાના જીવનની કટોકટીના પ્રસંગ માટે પોતાની જાતને

તૈયાર કરતી રહી. સત્યવાનના અંત માટે પણ સજાગ હતી. સંપૂર્ણ સ્વસ્થ અને માનસિક રીતે અડગ હતી.

એક દિવસ અચાનક કોઈ ગૂઢ ભવ્ય અવાજ એના અંતરમાં ઉદ્ભવ્યો કે ''હે સાવિત્રી જાગ્રત થા મૃત્યુ હવે થોડા સમયમાં થનારી ઘટના છે. તારા સુપ્ત આત્માને ઢંઢોળ. પ્રભુની શક્તિ તારામાં સ્થિર થઈને રહેલી છે જ. તું મૃત્યુને જીતી શકીશ.'' સાવિત્રી શાંત થઈ ગઈ અને આંતરિક એકાગ્રતા કરી, તેણે આંતરચેતનાને જાગ્રત કરવાનો સંકલ્પ કર્યો. આમ સાવિત્રી શરીર, જીવન અને મનની ઉપર ઊઠી ગઈ, અને સતત માનસિક આંતરયોગમાં જ સમય પસાર કરીને મૃત્યુને કેમ જીતવું તે જ તપશ્ચર્યા આદરી.

વર્ષના છેલ્લા ત્રણ દિવસ એક પગ ઉપર ઊભા રહીને ત્રણ દિવસના ઉપવાસ કર્યા. છેલ્લે દિવસે રોજના કાર્યક્રમ પ્રમાણે સત્યવાન જંગલમાં સમિધ લેવા માટે જતો હતો ત્યારે સાવિત્રીએ પણ તેની સાથે જવાનો આગ્રહ કર્યો. સત્યવાનના માતાપિતા પાસે સત્યવાનની સાથે જવાની અનુમતિ મેળવી, જંગલમાં સાથે ગઈ. જંગલમાં એક જગ્યાએ સત્યવાને સમિધ કાપવાની શરૂઆત કરી, ત્યાં જ એના માથામાં સખત દર્દ ઊપડ્યું. એક વડના ઝાડ નીચે, જ્યાં સાવિત્રી ઊભી હતી ત્યાં જઈને સાવિત્રીના ખોળામાં માથું મૂકીને સૂતો ને થોડી વારમાં જ અચેતન થઈ ગયો. સાવિત્રીને ખ્યાલ આવી ગયો કે સત્યવાનની અંતિમ ઘડી આવી પહોંચી છે.

આપણે શરૂઆતમાં જોયું કે સાવિત્રીનો જન્મ પિતા અશ્વપતિની તપશ્ચર્યાના પરિણામે મા જગદંબા, બ્રહ્માજીના પત્ની સાવિત્રીની કૃપાથી એમના અંશમાંથી જ થયો હતો. એટલે સાવિત્રી સામાન્ય રાજકુમારી નહોતી, પરંતુ એક મહાન દૈવી સત્ત્વ તરીકે જ છે. નારદજી પણ સાવિત્રીના પ્રથમ દર્શને એને એક મહાન ઈશ્વરી અંશ તરીકે અનુભવે છે અને આશ્વાસન આપી એના માતાપિતાને કહે છે કે સાવિત્રીની શક્તિ ઉપર વિશ્વાસ રાખી એની પોતાની મરજી અનુસાર વર્તવા દો.

ભારતમાં વડસાવિત્રીનું વ્રત ખાસ કરીને ગુજરાત મહારાષ્ટ્રની સૌભાગ્યવંતી બહેનો જેઠ મહિનાના શુક્લ પક્ષની તેરશ ચૌદશ અને વટપૂર્ણિમાએ કરે છે અને પોતાના પતિના દીર્ઘાયુષ્ય માટેની પ્રાર્થના પૂજા કરી ઉપવાસ કરે છે.

મહાભારતના સાવિત્રીના ઉપાખ્યાનમાં તો સત્યવાન મૃત્યુ પામે છે. સાવિત્રી પોતાની દિવ્યતાને લીધે યમરાજને પ્રત્યક્ષ જોઈ શકે છે. સત્યવાનના આત્માને યમરાજ પોતાના પાશમાં લે છે. સાવિત્રી, સત્યવાનના પાર્થિવ દેહને ત્યાં જ મૂકીને, યમરાજની પાછળ પડે છે. સાવિત્રીની નિષ્ઠાપૂર્વકની સાધના, સતત એક વર્ષથી મૃત્યુનું ચિંતન અને પોતાનો અસામાન્ય દૈવીગુણયુક્ત આત્મા. સાવિત્રી યમરાજ સાથે પ્રશ્નોત્તરી કરે છે. યમ પોતાના આધિપત્યના ન્યાયે, સત્યવાનના આત્માને લેવા આવ્યા છે, એમ સાવિત્રીને કહે છે. સાવિત્રી સત્યવાનને છોડવા તૈયાર નથી જ અને એ એને પાછો મેળવશે જ એમ મક્કમપણે કહે છે, ત્યારે અનેક દલીલો સહિત બન્નેની વચ્ચે પ્રશ્નોત્તરી થાય છે. અંતે યમરાજ પ્રસન્ન થાય છે અને સાત વરદાન આપે છે. અંતિમ વરદાન સત્યવાનનું જીવનદાન લઈને સાવિત્રીએ જગતમાં કદીયે નથી બનતું તેવું, મૃત્યુ ઉપર વિજય મેળવીને મહાન કાર્ય કરી બતાવ્યું. સત્યવાનને લઈને સાવિત્રી પાછી તપોવનમાં જાય છે. મહાભારતની કથામાં ત્યાર પછી સત્યવાન પોતાના પિતાનું રાજ્ય પાછું મેળવે છે. અને નિર્વિઘ્ને આખી કથાનો અંત આવે છે.

મૂળની આ વાર્તાનું શ્રી અરવિંદ મહર્ષિએ મહાકાવ્યના પ્રતીકરૂપે લઈ, રૂપાંતર માટે પસંદ કર્યું. શ્રી અરવિંદ ક્રાન્તિકારક વિચાર ધરાવતા, તેથી મૃત્યુને સામે જોઈ, તેને વશ કરનાર સાવિત્રીનું આખ્યાન તેમને પસંદ પડે એ સ્વાભાવિક હતું. મહાકાવ્ય સાવિત્રીના કવિ શ્રી અરવિંદ સર્વશ્રેષ્ઠ બુદ્ધિપ્રતિભા અને ઐતિહાસિક જ્ઞાનસંપદા ધરાવનાર, બહુશ્રુત વિદ્યાપુરુષ આપણી સદીના યુગપ્રવર્તક, એમની વૈશ્વિક ક્ષેત્રે ગણના થાય છે. ગુજરાત અને ગુજરાતી ભાષાનું આ અપ્રતિમ અને ઐતિહાસિક ગૌરવ છે કે આવતી કાલના અતિમાનસિક

યુગના સ્રષ્ટા શ્રી અરવિંદે પોતાના વડોદરા નિવાસ દરમિયાન એક પાવન ઘડીએ ''સાવિત્રી'' મહાકાવ્યના શ્રી ગણેશ ગુર્જરદેશની ભૂમિ ઉપર કર્યા હતા.

જીવનનાં પહેલાં વીસ વર્ષ પરદેશમાં રહ્યા બાદ તેઓ ભારત આવ્યા અને તરત જ વડોદરા રાજ્યમાં તેમણે નોકરીની શરૂઆત કરી. ખૂબ વ્યસ્ત રહેતાં છતાં ભારતના ભાવિ વિશે ચિંતિત હતા. રાજકીય પરિસ્થિતિ તરફ જ લક્ષ્ય રહેતું. વડોદરામાં શરૂ કરેલું મહાકાવ્ય વડોદરા છોડ્યા બાદ, કલકત્તાના નિવાસ દરમિયાન એ કાવ્ય લેખન બંધ રહ્યું. ત્યાર પછી પોંડીચેરીમાં શ્રી અરવિંદે પૂર્ણયોગની સાધના આદરી અને આ આખ્યાન Legend દંતકથા તરફ ઊંડાણથી જોવાનો તેમને એક નૂતન દૃષ્ટિકોણ પ્રાપ્ત થયો. આ કથાનકમાં રહેલાં અવકાશોમાં પોતાની યોગિક અનુભૂતિઓના રંગ પૂરીને આ આખ્યાનને પોતાની આંતરિક જીવનની આત્મકથા તરીકે મહાકાવ્ય સર્જી શકાય એવી શક્યતા જણાઈ. પરિણામે શ્રી અરવિંદે મહાકાવ્યરૂપે લેખનનું કાર્ય આગળ ધપાવ્યું. પોતાની ત્રુટક ત્રુટક આવતી યોગિક અનુભૂતિઓને સમગ્ર રીતે ગોઠવી વિશ્વસર્જન પાછળનું જે પરમ રહસ્ય, તેમને સમજાયું તે જ આ મહાકાવ્યનો મર્મ બની રહ્યો. એમનાં પાત્રો વિવિધ ચેતનાનાં પાત્રો બની ગયાં. આખ્યાનનું બાહ્યરૂપ તો એ જ રહ્યું, પરંતુ આંતરિક ગૂઢ રહસ્ય અને અર્થ વધારે ને વધારે ગહન બન્યાં. શ્રી અરવિંદ જેવી મહાન યોગિક ચેતના આ કાવ્યલેખન માટે સતત ચાળીસ વર્ષ સુધી ચિંતન કરતી રહી. સુધારા વધારા થતા રહ્યા અને એમના અંતરની સ્ફુરણા માર્ગદર્શન કરતી રહી. આ બતાવે છે કે આ મહાકાવ્ય એ માત્ર કાવ્ય નથી પરંતુ એક મહાન યોગીનું વિશ્વમાં આવિર્ભાવ પામતું સત્યદર્શન છે.

આ વિશ્વદર્શનની પણ કક્ષાઓ હોય છે. દા.ત., ભૌગોલિક દર્શન તેમાં પૃથ્વીનું દર્શન, ખગોળમાં નિહારિકાઓ ગ્રહ વગેરેનું દર્શન, તેવી જ રીતે, પરંતુ આ સમગ્ર બ્રહ્માંડનું નિર્માણ શાને કારણે થયું છે, તેમાં મનુષ્ય પોતે કોણ છે, તેણે શું કરવાનું છે, વિશ્વનું ભાવિ શું હશે. આમ શ્રી અરવિંદના વિશ્વદર્શનમાં યોગ વિજ્ઞાનથી માંડીને બધાં જ વિજ્ઞાનોનો સમાવેશ થાય છે. શ્રી અરવિંદનું મહાકાવ્ય સાવિત્રી માનવતાના સમગ્ર જીવનને આવરી લઈને માનવના આત્માની ગતિ જુદી જુદી ભૂમિકાઓમાં કેવા પ્રકારે થાય છે, તે આપણને દેખાડે છે.

શ્રી અરવિંદની પ્રતિભા એમની વિશાળ દૃષ્ટિ, કાવ્યના વસ્તુની ભવ્યતા, બુદ્ધિની સૂક્ષ્મતા, સમગ્ર કાવ્યમાં માનવજાતિને માટે નીતરતી સહાનુભૂતિમાં આમ દરેક દૃષ્ટિબિંદુથી જો જોઈએ તો શ્રી અરવિંદને માત્ર વેદવ્યાસજીની સાથે જ સરખાવી શકાય.

જગતનાં મહાકાવ્યોમાં ભારતના એ મુખ્ય મહાભારત અને રામાયણની ગણના થાય છે. આધુનિક સાહિત્યમાં શ્રી અરવિંદનું ''સાવિત્રી'' સર્વશ્રેષ્ઠ મહાકાવ્ય ગણાય. પહેલા બે સંસ્કૃતમાં અને ત્રીજું ''સાવિત્રી'' અંગ્રેજીમાં.

શ્રી અરવિંદનું ''સાવિત્રી'' મહાકાવ્ય પૃથ્વી ઉપર દિવ્યજીવન પ્રગટાવવાનું ભવ્ય સ્વપ્ન સાકાર કરે છે. સમગ્ર તત્ત્વજ્ઞાન, ધર્મદર્શન અને યોગદર્શનનો સમન્વય કરીને શ્રી અરવિંદે માનવજાતિને વિશ્વદર્શનમાં વ્યક્ત થયેલી આધ્યાત્મિક વાસ્તવિકતા અને એમાં પ્રતિબિંબિત થતું માનવજાતિના ભાવિનું જીવંત સ્વરૂપ, સચોટ રીતે વ્યક્ત કરીને ઉત્કૃષ્ટ સ્થાને સ્થાપિત કર્યું છે.

હવે મહાકાવ્ય એટલે શું તે જોઈએ. મહત્ કાવ્ય એટલે ઉત્તમ ભાવવાળી કવિતા. જગતના મહાકાવ્યોમાં વાલ્મીકિ રામાયણ અને વેદવ્યાસનું મહાભારત સૌથી જૂનાં છે. મહાકાવ્યમાં મુખ્ય વસ્તુ કથા કે વાર્તા છે. બન્ને મહાકાવ્યોની શૈલી એમના વસ્તુના ગૌરવને અનુરૂપ ઉદાત્ત છે. ભારતનાં મહાકાવ્યો અને યુરોપીયન મહાકાવ્યોમાં આસમાન જમીનનો તફાવત છે. ભારતીય માનસમાં સાત્ત્વિકતા અને પ્રકાશમય વ્યક્તિત્વ અને પ્રકૃતિ પ્રત્યે વધુ આકર્ષણ હોય છે. ભારતીય માનસને ભારતના પાત્રો વધુ વિકાસ પામેલી માનવતાવાળા લાગે છે.

મહાભારત અને રામાયણમાં બન્ને કવિઓનો ઉદ્દેશ જીવનમાં ધર્મનું પાલન કઠિન છતાં અશક્ય નથી તે બતાવવાનો છે. જ્યારે સાવિત્રી મહાકાવ્ય માનવે સ્વીકૃત કોઈ વ્યક્તિ કરતાં પ્રભુના જાગ્રત સંકલ્પને જીવનમાં કેવી રીતે પ્રગટ કરવો તે બતાવે છે. સાવિત્રીમાં દિવ્યચેતના કોઈ અગમ્યની ચમત્કારી વસ્તુ મટી જઈ માનવતાનું જ અર્થાત્ માનવીની અપ્રગટ શક્યતાનું જ એક શિખર બને છે.

મહાકાવ્ય એક વ્યક્તિના માનસમાંથી નહિ પરંતુ આખી પ્રજાના માનસમાંથી સર્જન પામે છે. વાલ્મીકિ રામને અવતારરૂપ ગણે છે. સાવિત્રી પણ મહાશક્તિના અંશરૂપે જન્મ લે છે, અને માનવતાની મર્યાદાઓનો સ્વેચ્છાપૂર્વક સ્વીકાર કરે છે. જેથી કરીને અજ્ઞાન અને તેના પરિણામરૂપ દુઃખ અને મૃત્યુ ઉપર વિજય મેળવવામાં પોતે માનવને મદદ કરી શકે.

સાવિત્રી મહાકાવ્ય કેવળ હિન્દના ધાર્મિક આત્માને કે સમગ્ર પ્રજાની સંસ્કારિતાની પરંપરાને મૂર્ત કરે છે, એટલું જ નથી, પરંતુ ભારતીય જીવનના ઢાળમાં સમગ્ર માનવજાતિનો આત્મા જાણે પોતાની આધ્યાત્મિક અભીપ્સાના બળે જીવનના મૌલિક પ્રશ્નોનો ઉકેલ શોધે છે, અને તેમ કરતાં સમગ્ર માનવતા ઊર્ધ્વગતિ કરે છે અને ચેતનાના ઊંચામાં ઊંચા શિખર ઉપર આરૂઢ થઈને ત્યાંથી માનવજીવનની ઉપર જ્ઞાનજ્યોતિથી આલોકિત દૃષ્ટિ નાખે છે. અત્યારની માનવતાથી ઉપર રહેલા ચેતનાના જ્યોતિર્મય પ્રદેશોનું પાર્થિવ જીવનમાં અવતરણ કરાવવું અને માનવજીવનમાં દિવ્યતા પ્રગટ કરવી એ જીવનનો ઊંચામાં ઊંચો ઉદ્દેશ છે. એ સત્ય સાવિત્રી આપણને બતાવે છે.

મહાભારતમાં જે નથી તે ભારતવર્ષમાં નથી એ ઉક્તિ આપણે જાણીએ છીએ. તેવી રીતે સાવિત્રી વિશે કહી શકાય કે માનવ જે કાંઈ છે, એના અંતરમાં જે છે અને એ કેવો બની શકે તેમ છે એ સઘળું સાવિત્રીમાં છે.

સાવિત્રીના મહાકવિની દૃષ્ટિ આગામી સુવર્ણયુગ પ્રત્યે વળેલી અને એ યુગમાં માનવજીવનની સાર્થકતા કેવા પ્રકારની હશે તેનું ચિત્ર પણ તે આપણને બતાવે છે. સમગ્ર માનવજાતિએ અત્યાર સુધી જે આધ્યાત્મિક સંપત્તિ પ્રાપ્ત કરી છે, તેને એક જીવંત સંવાદિતામાં સાવિત્રી સમન્વિત કરે છે. નિચોડ કાઢી સર્વમાંથી સત્ય તારવે છે.

સાવિત્રીનો વિષય, એની વસ્તુ બીજા કોઈ પણ મહાકાવ્યના વસ્તુ કરતાં ખૂબ જ વિશાળ છે. ગ્રીક અને લેટીન મહાકાવ્યો મહાન છે છતાં એમનાથી કંઈક અંશે ચઢિયાતા એવા ભારતનાં મહાકાવ્યો વધુ મહાન પ્રકારની રાષ્ટ્રિયતાના અને સંસ્કારિતાના ઉદ્દેશને પાર પાડવા માટે રચાયાં હતાં, અને ખૂબી તો એ છે કે ભારતના ઊંચ કે નીચ, વિદ્વાન એ અભણ એમ પ્રજાના સઘળા વર્ગોએ એમને અપનાવ્યા છે, એટલું નહી આત્મસાત્ કર્યા છે. એ છે આપણાં બે મહાકાવ્યો – રામાયણ અને મહાભારત. વીસ વીસ સદી (૨૦૦૦ વર્ષ તેથી પણ વધારે) ઓના લાંબા સમય સુધી સમગ્ર પ્રજાનું જીવન ઘડનારાં અંતરંગ પરિબળો રહ્યાં છે અને રહેશે. એ વસ્તુ જ આ મહાકાવ્યો દ્વારા પ્રગટ થતી હિંદની પ્રાચીન સંસ્કૃતિની મહત્તાનો અને ઉત્કૃષ્ટતાનો જબરદસ્ત સબળ પુરાવો છે. એ બે મહાકાવ્યોએ ભારતની પ્રજાના લોહીમાં જ જડમૂળથી સંસ્કાર રેડ્યા છે.

બ્રહ્માંડના અચિત્ તત્ત્વમાંથી ક્રમવિકાસનો આશ્રય લઈને અવિદ્યા જાગ્રત થાય છે, જેના પરિણામે દુઃખ અને મૃત્યુ જીવનમાં સર્વત્ર વ્યાપેલાં જણાય છે. માનવનો મૌલિક પ્રશ્ન એમના ઉપર વિજય મેળવવાનો છે. માનવની પોતાની શક્તિથી એ વસ્તુ શક્ય નથી. સાવિત્રીમાં મૂર્ત થયેલી દૈવી પ્રકૃતિ એ વિજય પ્રાપ્ત કરે છે. સાવિત્રી માનવના અજ્ઞાનના મૂળમાં રહેલી અચિત્ શક્તિ સામે દિવ્ય ચેતના પ્રગટ કરીને મૃત્યુ ઉપર વિજય મેળવે છે.

સાવિત્રીના પાત્રમાં જીવનવ્યાપી (આખા જીવનને સ્પર્શતું) કરુણતાનું તત્ત્વ મુખ્ય છે. માનવજીવનનો અંતિમ પ્રશ્ન એનામાં રહેલું અજ્ઞાન દૂર કરવાનો છે. માનવ અજ્ઞાનના અંધકારનો ગુલામ છે. અને એના પરિણામે દુઃખ અને મૃત્યુ અનિવાર્ય બને છે. એ પ્રશ્ન શરૂઆતથી જ મહાકાવ્ય સાવિત્રીમાં ધ્યાન દોરે છે. એ મુદ્દાનો પ્રશ્ન જ મહાકાવ્યના સૂત્ર જેવો છે. એનો ઉકેલ રજૂ કરતાં સાવિત્રી આપણી ચેતનાને સામાન્ય જીવનની શુષ્ક ઘરેડમાંથી ઊંચકી લઈને કોઈ એવી ભૂમિકામાં મૂકે છે, જ્યાંથી આપણે સમગ્ર વિશ્વને, આ અખિલ જીવનની લીલાને એક વિરાટ દૃષ્ટિમાં સમાવી લઈ શકીએ છીએ. અને એ દર્શનમાં માનવજીવન દ્વારા પોતાની સાર્થકતા સિદ્ધ કરવા પ્રત્યે ગતિ કરતો પ્રભુનો સંકલ્પ પણ આપણે જાણીએ છીએ.

મહાભારતના યુદ્ધનો અંતિમ સાર શું ? યુદ્ધની અસારતા, અહિંસા-શાન્તિ સ્થાપવાની આવશ્યકતા, ધર્મનો વિજય થાય તે પુરવાર કરવા વગેરે વગેરે સાવિત્રી મહાકાવ્યના અંતિમ ઉદ્દેશ વિષે એવી શંકાને સ્થાન જ નથી. સાવિત્રીમાં માનવજીવનનો સમગ્ર પટ કોઈ દિવ્ય હેતુને સિદ્ધ કરવાના ક્ષેત્ર તરીકે વિસ્તરી રહેલો જોઈએ છીએ. માનવ અને પ્રભુ વચ્ચેનો સબંધ સીધેસીધો અને પ્રત્યક્ષ છે.

મૂળની આ વાર્તા સાવિત્રી મહાકાવ્યમાં લગભગ જેવી ને તેવી કાયમ રહે છે. એ વાર્તાનું વસ્તુ એવું છે કે એને સહેલાઈથી એક પ્રતીક તરીકે ઘટાવી શકાય. હકીકતમાં શ્રી અરવિંદે એનું એક જીવંત પ્રતીકમાં રૂપાંતર કરી નાંખ્યું છે. બીજાં મહાકાવ્યોમાં કવિનો ભરપૂર કલ્પનાવિલાસ જોવા મળે છે. જ્યારે સાવિત્રી મહાકાવ્યમાં કોઈ પણ પ્રકારની કલ્પનાને જરા પણ અવકાશ નથી. સત્યદર્શનને કેન્દ્રમાં રાખીને જ વર્ણન કરવામાં આવ્યું છે. સત્યદર્શનના ભોગે કાવ્યમયતા સાચવી નથી. શ્રી અરવિંદનું દરેક ઘટનાનું વર્ણન ખૂબ જ વાસ્તવિક અને સચોટ હોય છે. તેમની ભાષામાં સત્‌નો રણકાર છે. આવી વેધકતા અને સત્યનો રણકાર શ્રીમદ્‌ભગવતગીતાની ભાષા સિવાય અન્ય ક્યાંય જોવા મળતાં નથી.

હવે આપણે શ્રી અરવિંદ વિષે થોડી વાત કરીએ. કલકત્તામાં તા. ૧૫ મી ઓગસ્ટ, સન ૧૮૭૨ માં એમનો જન્મ થયો હતો. આઈનસ્ટાઈન તેમનાથી વયમાં થોડા નાના. રાણી વિક્ટોરિયા ભારતમાં સામ્રાજ્ઞી થવામાં જ હતાં. દુનિયામાં પરિવર્તનનો સમય હતો. યુરોપ તેની કીર્તિના શિખર પર હતું. શ્રી અરવિંદના પિતાએ ઇંગ્લૅન્ડમાં તબીબી અભ્યાસ કર્યો હતો. તેઓ પૂરેપૂરા અંગ્રેજ બનીને ભારત આવ્યા હતા. ભારતને તેઓ બધી જ રીતે યુરોપની સરખામણીએ ઊતરતું જ માનતા હતા તેથી એમના ત્રણેય દીકરાઓને નાનપણથી ઇંગ્લેન્ડ અભ્યાસ માટે મોકલી દીધા. સહુથી નાના અરવિંદ તે સમયે સાત વર્ષના હતા. વીસ વર્ષની ઉંમરે શ્રી અરવિંદ ભારત પાછા આવ્યા ત્યારે માતાપિતાનો દેહવિલય થઈ ગયો હતો, એટલે આ બાળક કુટુંબ, સગા, દેશ કે કુળની પરંપરાની તમામ અસર વગર જ રહ્યો.

સ્વદેશ આવતાં પહેલાં જ તેમનો અંદરનો કવિ જાગ્રત થયેલો. કોઈ પણ ધર્મ કરતાં માત્ર ઈશ્વરમાં જ તેઓ સંપૂર્ણ શ્રદ્ધા ધરાવતા. લંડનમાં બાર વર્ષની ઉંમરે જ લેટીન અને ફ્રેન્ચ ભાષા ઉપર સંપૂર્ણ પ્રભુત્વ મેળવેલું. વાંચનમાં અતિશય રસ. શેલીને પ્રોમિથીયસ, દાન્તે અને ગોથે બધાની અસલ કૃતિઓ ઉપરાંત સમગ્ર યુરોપનું સાહિત્ય પણ વાંચ્યું. જર્મન અને ઇટાલીયન ભાષા પણ શીખી લીધી. તેમનામાં આટલી વિદ્વત્તા છતાં નહીં દંભ કે નહીં અહમ્‌. એમની દુનિયા ભરી ભરી હતી. અને કોઈ છીનવી ના શકે તેવી અંતરની ''બાદશાહી'' હતી. ગ્રીક અને લેટીન કવિતા માટેનાં તમામ ઇનામો એમને મળતાં.

આટલું પરદેશમાં માણ્યું છતાં ભારત માટે તેમને ખૂબ જ પ્રેમ. પોતાના દેશની મુક્તિ અને તેની સ્વતંત્રતા માટે તેમને અંતરથી તમન્ના હતી. ભવિષ્યમાં તેઓ સ્વાતંત્ર્ય સૈનિક તરીકે અગ્રણી બન્યા પણ ખરા. આઈ.સી.એસની પરીક્ષા આપી. ઝળહળતી સફળતા મળી પણ ઘોડેસ્વારીની પરીક્ષામાં ગેરહાજર રહ્યા ને નપાસ જાહેર થયા. વધારામાં તેમના ક્રાન્તિકારી મિજાજે તેમને ''શ્રી અરવિંદ એક ખતરનાક ભારતીય છે''

તેવું બિરુદ મળ્યું. પશ્ચિમમાં ચૌદ વર્ષ રહ્યા. ત્યાંથી આમ તો કાંઈક લાવ્યા નહિ. પરંતુ સારું ગ્રહણ કરવાનો સ્વભાવ અને સાચું ગ્રહણ કરવાનો સ્વભાવ. તેથી ત્યાંના સારા સંસ્કાર લઈને આવ્યા. ત્યાં ખૂબ વાંચ્યું વિચાર્યું, તેને જીવંત કાર્યમાં ઉતારવાની મહેચ્છા એ પાર પાડતા જ રહ્યા. જીવનમાં સારું સ્વીકારી તેવું જીવન જીવવાનો સતત પ્રયાસ. ભારતમાં પગ મૂક્યો ને શ્રી અરવિંદને લાગ્યું કે ભારતીય સમાજનો ગરીબ અને મધ્યમવર્ગ ખૂબ જ અજ્ઞાનતા અને અંધશ્રદ્ધામાં ડૂબેલો છે. ગરીબી અને મુશ્કેલીઓથી કચડાયેલો છે. એમણે વિચાર્યું કે કાર્ય તો કરવું જ છે પરંતુ કયું અસરકારક સાધન અપનાવવું તે હજી નક્કી નહોતા કરી શક્યા. આ વિચાર શ્રી અરવિંદને ભારત આવ્યા ત્યારથી માંડીને તેમની યોગની સર્વોચ્ચ સ્થિતિ પર્યંત સતત રહ્યો. દેશ પ્રત્યે ખૂબ જ લગાવ. હિન્દુ ધર્મ માટે વિચાર કરતાં લાગ્યું કે હિન્દુ ધર્મ એવું અલગ નામ તો અંગ્રેજની ભેટ છે. ભારતીયો તો તેને સનાતન ધર્મ જ કહે છે અને સનાતન ધર્મ તો વિશ્વધર્મ છે, માનવતાનો ધર્મ છે.

તેઓ મુંબઈના એપોલો બંદરે ઊતર્યા ત્યારે તેમના અંતરમાં અપૂર્વ શાંતિ અને સ્વાભાવિક આધ્યાત્મિક અનુભૂતિનો અનુભવ થતાં તે ઘડીક સ્તબ્ધ થઈ ગયા. દેશમાં આવ્યા બાદ અનુભવે એમને એમ લાગતું હતું ક આપણા દેશની અધોગતિ માટે અંગ્રેજોનો નહિ, ખુદ ભારતીયોનોજ દોષ છે, તેઓ ચોક્કસપણે માનતા કે આપણે જ આપણા શત્રુ છીએ, બહારનું કોઈ નથી. આપણી અત્યંત દુર્બળતા, આપણું બીકણપણું, આપણી સ્વાર્થવૃત્તિ, દંભ, પ્રમાદ અને ખોટા લાગણીવેડા આ સર્વને કારણે જ આપણને ગુલામી સદી ગઈ છે. ભૂતકાળના આટઆટલા અનુભવ છતાં પણ આપણે ત્યાંના ત્યાં જ છીએ. આજે પણ આ જ દશા છે. શ્રી અરવિંદનું આમ પણ માનસિક વલણ એવું છે કે આધ્યાત્મિક, રાજકીય, સામાજિક, કૌટુંબિક કે જગતના કોઈ પણ દુઃખ માટે વ્યક્તિ પોતે જ જવાબદાર હોય છે. આપણને આપણી અંદર જોવા કહે છે. બહાર કે અન્યત્ર નહિ. બાહ્ય સંજોગો તો આપણે અંદરથી જે છીએ તેની માત્ર અભિવ્યક્તિ જ છે.

મહર્ષિ શ્રી અરવિંદ વિષે ઘણું લખાય. એમનું વ્યક્તિત્વ એટલું ઉદાત્ત છે, જેટલું લખીએ એટલું ઓછું છે. એમનું જીવન, મનન, કવન એટલું ગહન છે. પરંતુ શ્રી અરવિંદના કથનને એમ સ્વીકારી લેવાનું નથી. તેઓ પોતે જ ભારપૂર્વક જાતે જ અનુભવ કરવાનું કહે છે. શ્રી અરવિંદ સાધના અને પોતેજ પ્રયોગ કરતાં કરતાં આગળ ને આગળ વધુ ને વધુ સાધનાની શોધ કરવાનું કહે છે. શ્રી અરવિંદ પોતે પણ એક શોધક છે. ખાતરી વગર કશું સ્વીકારતા નથી. એમની દૃષ્ટિ નકારાત્મક નથી. દરેકે દરેક વસ્તુમાંથી સત્યને તારવે છે. અને દરેક વસ્તુમાં કોઈને કોઈ પ્રકારનું સત્ય હોય છે એમ પોતે માને છે.

શ્રી અરવિંદ ચોક્કસપણે માને છે કે ઉત્ક્રાન્તિમાં ઊર્ધ્વગમન થયા જ કરે છે. મનુષ્યના પુરુષાર્થથી અને પ્રકૃતિની મદદથી નીત નવીન શોધો થતી જ હોય છે. આજે પણ આ કાર્ય વેગથી દરેક ક્ષેત્રમાં થયે જ જાય છે.

આ માનવદેહ બહારથી દેખાય છે એટલો સીમિત નથી. શ્રી અરવિંદે તો સ્પષ્ટ ભાખ્યું છે, અને પ્રકૃતિનો નિયમ પણ છે Survival of the fittest. પ્રકૃતિએ ઘડેલાં પ્રાણ શરીરો આ ઉત્ક્રાન્તિમાં આગળ નહિ વધે તો તેને ત્યાગી પ્રકૃતિ અન્ય પ્રયોગ હાથમાં લેશે. માનવજાતિનું ભવિષ્ય માનવજાતિના હાથમાં જ છે. ઉત્ક્રાન્તિમાં જો સજાગ રહી પ્રગતિ નહિ કરે તો નષ્ટ થઇ જવાશે. શ્રી અરવિંદની દૃષ્ટિએ અજ્ઞાનના પડદાને હઠાવનારી કોઈ વધુ ઉચ્ચ પ્રકારની અને દિવ્ય શક્તિનું હવે ઉત્ક્રાન્તિની પ્રક્રિયામાં પ્રેરકબળ તરીકે દાખલ થવું ખૂબ જરૂરી છે. શ્રી અરવિંદ આ જ શક્તિના અવતરણ માટે સતત સક્રિય હતા. આ શક્તિને જ શ્રી અરવિંદ અતિમનસ શક્તિ તરીકે ઓળખાવે છે, તે જ સાવિત્રી છે. ઉત્ક્રાન્તિનો આ નિર્ણાયક તબક્કો શરૂ થઈ ચૂક્યો છે, એમ શ્રી અરવિંદ નિશ્ચિતપણે માનતા હતા, અને તે આપણે નજરો નજર જોઈએ છીએ અંતરિક્ષયાનમાં બીજા ગ્રહ સુધી પહોંચવું કૉમ્પ્યુટર ઇન્ટરનેટ આ બધી ઉત્ક્રાન્તિ નથી શું ? આ શક્તિ માનવમાં ક્યાંથી

આવી ? અપ્રગટ શક્તિ માનવમાં છે જ તે પ્રગટ કરવા માટે પ્રકૃતિની મદદ જોઈએ.

શ્રી અરવિંદ આપણી કલ્પનામાં ના આવે તેવા હતા. આપણને લાગે કે સંપૂર્ણ અંગ્રેજી સ્વાંગમાં હશે પણ તેમ નહતું. વચમાં સેંથો ને લાંબા વાળ, બરછટ ધોતિયું અમદાવાદી બનાવટનું, બંધ ગળાની બંડી, જૂની શૈલીનાં પગરખાં ને મોઢા પર છુટાંછવાયાં શીળીનાં ચાઠાં આ મહર્ષિ અરવિંદ ઘોષ જેઓ ફ્રેન્ચ, લેટીન, ગ્રીક અને જર્મન ભાષાની ઉપર પ્રખર પ્રભુત્વ ધરાવતા હતા. કલ્પી ના શકાય તેટલું વાચન. પોતાના ટેબલ ઉપર અસહ્ય મચ્છરો અને તેમાંયે તેલનો દીવો રાત્રે એક દોઢ લગી વાંચ્યા જ કરે. વાંચનમાં એટલા ઓતપ્રોત હોય કે આસપાસ આગ લાગે તોપણ ખબર ના પડે. કોઈ ઈશ્વરના મનનમાં ખોવાઈ ના ગયા હોય, તેવા યોગી, વાંચવામાં એટલા ધ્યાનસ્થ, અંગ્રેજી, રશિયન, જર્મન અને ફ્રાન્સની નવલકથા વાંચે જ જાય. તેથીયે વધુ ભારતના પ્રાચીન ધર્મ ગ્રંથો, ઉપનિષદો, સમગ્ર દર્શનશાસ્ત્રો, ગીતા, મહાભારત ને રામાયણ તો ખરાં જ અને તે માત્ર વાંચન જ નહિ. પણ તે બધાયને આત્મસાત્ કર્યા. વાંચ્યા તેની ઉપર સતોષ થાય ત્યાં સુધી વિચાર્યા અને જીવનમાં ઉતાર્યા. શ્રવણ, મનન અને નિદિધ્યાસનનો ક્રમ બરાબર સાચવ્યો. વાંચ્યું તેટલું પચાવ્યું, તે પ્રમાણે અનુસર્યા અને તે ઉપર પુસ્તકો ગ્રંથો લખી જનતાને પણ ઉપકૃત કરી. અભ્યાસ, સાચા અર્થમાં, એક જિજ્ઞાસુની માફક નિષ્ઠાપૂર્વક સતત નિરંતર આ આધુનિક ઋષિએ કર્યો અને નવો જ પંથ કંડાર્યો.

શ્રી અરવિંદ ફિલસૂફ છે. તત્ત્વતઃ તેઓ કવિ પણ હતા. અને ઉત્ક્રાન્તિના દ્રષ્ટા પણ શ્રી અરવિંદ છે. આપણી પોતાની શક્યતાઓમાં માત્ર માનવીય નહિ, પરંતુ દૈવી શક્યતાઓમાં પણ વિશ્વાસ રાખવો તેઓ માર્ગદર્શન કરે છે રસ્તો બનાવે છે. માત્ર વિશ્વાસ જ નહી પણ એક એક પગલે આપણે પોતે જ તેનું દર્શન કરીએ તેવો માર્ગ ચીંધે છે. માનવ ન પૃથ્વી જેટલું વિશાળ બની શકે તેમ છે અને સમગ્ર વિશ્વના ભૂમિ અને સમુદ્રો ધારણ કરી શકે તેટલી શક્તિ ધરાવે છે. શ્રી અરવિંદ આપણા પ્રત્યે આંગળી ચીંધી આપણી શક્તિ પ્રત્યે જાગ્રત કરે છે. તેનું દર્શન કરવા માર્ગ બતાવે છે કારણ શ્રી અરવિંદ શોધક છે, મહાન યોગી પણ છે. એમણે કહ્યું છે કે યોગ એ અંતરની શોધની કળા છે.

આપણે તેમના ચીંધેલા માર્ગે સાધના કરી, ચેતનાની શોધ હાથ ધરીશું, અને શાંતિથી, ધીરજથી અને સહૃદયતાથી આગળ વધીશું. જેમ જેમ આગળ વધીશું તેમ તેમ દરેક વખતે વધારે ને વધારે વિશાળ ક્ષેત્ર તરફ આપણું આંતર સામ્રાજ્યનું એક નવતર જ પરિમાણ ખૂલતું જશે.

શ્રી અરવિંદનો પુરુષાર્થ હતો કે માનવ અને પૃથ્વીતત્ત્વમાં આત્મતત્ત્વની પૂર્ણતા અથવા તો પૃથ્વી ઉપર દિવ્યજીવન સર્જવાનું કાર્ય કરવું. તે કહેતા હતા કે દૂરના સ્વર્ગો મહાન અને દિવ્ય છે. અદ્ભુત છે, પરંતુ આપણી અંદર રહેલા સ્વર્ગો તો તેથી પણ વધારે મહાન અને અદ્ભુત છે. હવે આ પ્રકૃતિનાં તત્ત્વો દિવ્ય કાર્ય કરનારની પ્રતીક્ષા કરી રહ્યાં છે.

આજે જગત દુઃખી દશામાં છે. આપણે તેને બદલવું જોઈએ. તે માટે ખરા મનથી પ્રામાણિકપણે શરૂઆત કરવી છે. જે કાંઈ છે તે આપણી પાસે જ છે. બીજી દુનિયાને બદલતાં પહેલાં આપણે અંદરની આ નાનકડી દુનિયાને બદલવા પ્રયત્ન કરવાનો છે.

શ્રી અરવિંદને ક્રાન્તિકારી પરિવર્તન લાવવું છે. એમણે પોતે તો ચેતનામાં પરિવર્તન માણ્યું. ઊંઘમાંથી જાગ્રત થતાં જે પરિવર્તન આપતું હોય છે તેવું જ કહે છે આ સામાન્ય નિદ્રા નથી. ઉપનિષદ વાક્ય પ્રમાણે **'उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।'** ''જાગ્રત થવાનું કહે છે.'' **क्षुरस्य धारा निशिता दूरत्यया । दुर्गं पथस्तत् कवयो वदन्ति ॥** કહે છે. આ સામાન્ય નિદ્રા નથી. સામાન્ય જાગૃતિ નથી. અવિદ્યામાંથી જ્ઞાનમાં જાગ્રત થવાનું છે. આત્મસ્વરૂપને જાણી લેવાનું છે.

આવી પૂર્ણયોગની સાધના તેઓએ કરી બતાવી છે. શ્રી અરવિંદ માત્ર ચેતનાના સંશોધક નથી. એ તો એક નવીન દુનિયાના રચનાર છે. વણખેડાયેલી દુનિયા શોધી તેઓ જેને અતિમનસ કહે છે, તેને પૃથ્વી ઉપર ખેંચી લાવવા તેમણે તપશ્ચર્યા કરી, પુરુષાર્થ કર્યો, પ્રયાસ કર્યો. શ્રી અરવિંદ કહે છે કે આ અતિમનસ, પૃથ્વીની ચેતનાના વિકાસમાં અદ્ભુત ફેરફાર કરી આપે છે. ભૌતિક જગતનું રૂપાંતર કરવાની એનામાં તાકાત છે. પાર્થિવ તત્ત્વમાં સૌ પ્રથમ મન પ્રગટ થયું ત્યારે તેણે જે રૂપાંતર કર્યું એટલી જ પૂર્ણતાથી અને હંમેશને માટે અને કદાચ તેથી પણ વધારે સારી રીતે અતિમનસ આ રૂપાન્તર કરી આપશે. આમ આપણે જોઈશું કે પૂર્ણયોગ કઈ રીતે અતિમનસ યોગ અથવા ભૌતિક જગતના રૂપાન્તરના યોગ તરફ લઈ જાય છે.

પોતાના પશ્ચિમી સંસ્કાર અને હિન્દુધર્મની પરંપરા બન્નેને હિંમતપૂર્વક બાજુએ મૂકી દઈને શ્રી અરવિંદ વ્યવહારુ રહસ્યને ક્રમે ક્રમે પ્રયોગો કરીને પોતાને સંપૂર્ણ ખાતરી થાય ત્યારે સ્વીકારે છે. એમની સાધનામાં પૂર્વ અને પશ્ચિમનો બને તેટલો કુનેહથી સમન્વય કરે છે.

યોગની બાબતમાં શ્રી અરવિંદ તમામ પ્રચલિત નિયમોનું પાલન કર્યા વગર, મુક્ત એવા સંશોધકની જેમ, સાવચેતી કે નુકસાનીની પરવા કર્યા વગર, સીધા જ પોતાની રીતે આગળ વધવાનો પ્રયત્ન કરે છે. યોગના માધ્યમથી એમને પોતાની મુક્તિ કે મોક્ષ નથી જોઈતા. એમને તો માનવજાતને – ના માત્ર માનવજાતને જ નહીં પરંતુ સારાયે વિશ્વનું પ્લૅટફોર્મ વિશ્વનો તખ્તો ઉપર ઉઠાવવો છે. તે આપણી એકલાની શક્તિથી શક્ય ન પણ થાય તેથી દૈવી તત્ત્વને યોગિક તપશ્ચર્યાથી નીચે ઉતારી એની મદદથી આ પુરુષાર્થ કરવો છે. એમણે કરી બતાવ્યું છે. એમને ખાતરીપૂર્વક લાગ્યું છે કે એમની બાહ્ય અને આંતરિક સાધનામાં અશ્વપતિ અને સાવિત્રીના માધ્યમથી સફળતા મળી છે. અને આજે જે રીતે વિશ્વમાં દરેક ક્ષેત્રે વિજ્ઞાન અને ટેકનોલોજી ઑદ્યોગિક ક્ષેત્રમાં, ઉપરાંત પ્રજામાં આઈ ક્યુ (બુદ્ધિઆંક)નું પ્રમાણ અસાધારણ રીતે વધ્યું છે. અત્યારના બાળકોમાં જે તેજસ્વિતા આવી છે, સતત જબરજસ્ત વધારો થતો જાય છે તેવાં જ દર્શન શ્રી અરવિંદને એમની અલૌકિક અને અનોખી સાધનામાં થયાં હતાં. ભવિષ્યમાં થનારી ઉત્ક્રાન્તિના એ રીતે એ દ્રષ્ટા પણ કહી શકાય. એમની એક જ તમન્ના હતી કે જગતના તખ્તાનું રૂપાંતર કરવું છે.

શ્રી અરવિંદને પૂર્ણયોગની સાધના કરતાં કરતાં એટલી બધી અનુભૂતિઓ થાય છે તેથી જ એમની યોગમાં શ્રદ્ધા ગાઢ થતી જાય છે. યોગ એ સામાન્ય સાધના નથી. યોગમાં શક્તિમાન સત્ય છુપાયેલ છે. બધાં શાસ્ત્રોમાં અંતે લાગે છે કે યોગ શાસ્ત્ર સર્વશ્રેષ્ઠ છે. '**नास्ति योगसमं बलम् ।**' યોગના જેટલું અને જેવું કંઈ જ બળવાન નથી. યોગ જીવનને નિયમિત કરે છે. શરીરને નીરોગી કરે છે. આયુષ્યની વૃદ્ધિ કરે છે. યોગ વિદ્યા પરમ ધર્મ છે. શ્રી અરવિંદનો પૂર્ણયોગ છે. અત્યારનો યોગ તે સાચો યોગ નથી. મનને શાંત કરવું એ યોગનું પ્રથમ સોપાન છે. મનને નીરવ કરવાનું છે. શ્રી અરવિંદની તો જીવનભર ઈશ્વર પ્રત્યે એક જ પ્રાર્થના હતી કે હે પ્રભુ તું મારા હૃદયને જાણે છે. મારે મુક્તિ નથી જોઈતી, મોક્ષ નથી જોઈતો. હું તો માત્ર આ રાષ્ટ્રનો ઉદ્ધાર કરવાનું બળ માંગું છું. જે પ્રજા માટે મને પ્રેમ છે તેના માટે જીવવાની અને કાર્ય કરવાની મને શક્તિ આપ અને આ માર્ગે શ્રી અરવિંદનું પ્રસ્થાન જીવનભર રહ્યું.

સાવિત્રી મહાકાવ્ય પરમતત્ત્વને પામવા માટેનો રાજમાર્ગ છે. આ મહાકાવ્યના શુભ મંડાણ થતાં પહેલાં શ્રી અરવિંદને સ્ફુરણા થઈ હતી કે એમને શિરે નૂતન સાહસ ખેડવાની ફરજ પાડવામાં આવી છે, એમણે એ જવાબદારી સ્વીકારી અને પૌરાણિક નાનકડી પણ ગહન અર્થ દર્શાવતી સત્યવાન સાવિત્રીની દંતકથા, સાવિત્રી નામ આપી પોતાની જ આત્મસાધનાના અનુભવોને સર્વાંગી અક્ષરદેહ આપી એમની પોતાની જ આત્મકથાનું આલેખન કર્યું છે.

જીવનભર અભ્યાસમાં જ મગ્ન એવા શ્રી અરવિંદે જગતનું લગભગ સઘળું સાહિત્ય માત્ર વાંચ્યું જ

નથી. આત્મસાત્ કર્યું છે. વિચક્ષણ બુદ્ધિ પ્રભા જબરજસ્ત યાદશક્તિ. આપણે માની ના શકીએ, પણ અડધા કલાકમાં તે સો પાના વાંચી શકતા તે પણ ઉપર ઉપરથી નહિ, સંપૂર્ણ એકાગ્રતા સહિત ધ્યાનપૂર્વક.

શ્રી અરવિંદ કોઈ પણ પંથ સંપ્રદાય કે પક્ષના વિરોધી નથી. સાચુ સ્વીકારે, પોતાની રીતે પોતાના સિદ્ધાંત પ્રમાણે એમનું તથ્ય ગ્રહણ કરે અને એમની રીતે જીવનમાં આચરણ કરી અંતરથી સાધના કરે.

''સાવિત્રી'' મહાકાવ્યમાં અનેક પાત્રો પ્રસંગ અનુસાર આવે છે અને વિદાય લે છે પરંતુ યોગિક ચેતના ધરાવતાં પાત્રૌ પૈકી માનવ પાત્રો ત્રણ છે. અશ્વપતિ-સત્યવાન અને સાવિત્રી. જ્યારે યોગિક ચેતના ધરાવતાં દૈવી પાત્રો બે છે. દેવર્ષિ નારદ અને યમરાજ. આ પાંચેય પાત્રો ચેતનાની જુદી જુદી કક્ષાઓ ધરાવે છે. આ સર્વ પાત્રોના વ્યક્તિત્વનાં અલગ અલગ રીતે આપણને દર્શન થાય છે.

માનવી પાત્રોમાં જે ત્રણ પાત્રો છે તે પૈકી અશ્વપતિ એ પ્રથમ પાત્ર છે. મહાભારતની કથાનો અશ્વપતિ અપુત્રવાન રાજા છે અને પુત્રપ્રાપ્તિની ઈચ્છાએ યજ્ઞો કરે છે. શ્રી અરવિંદના રાજા અશ્વપતિ પણ નિ:સંતાન છે અને યોગસાધના કરે છે. પ્રતીકમાં આ પ્રકારના પ્રયોજન દ્વારા શ્રી અરવિંદે આપણા પરંપરાગત દર્શનો અને યજ્ઞોની વૈજ્ઞાનિક વાસ્તવિકતા દર્શાવી છે. લૌકિક દૃષ્ટિ શ્રી અરવિંદની નથી. દરેક પ્રસંગને તે તાવી જોઈ સમજીને જ સ્વીકરે છે. તે રીતે યજ્ઞની બાબતમાં પણ યજ્ઞના પ્રયોગ પાછળની જે આધ્યાત્મિકતા છે તે તો આત્મસાધનાની જ છે. આત્મસાધનાનો સાધક સ્વચૈતન્ય જાગૃતિ માટે જ યજ્ઞ કરે છે. રાજા અશ્વપતિ આમ આંતરચેતનાની જાગૃતિ માટે જ સાધના કરે છે. તેને શ્રી અરવિંદે 'Yoga of assents' એસેન્ટ કહ્યો છે. મનોમય ચેતનાના સ્તરની ઊઠવાની, આત્મબળની સંકલ્પયુક્ત સાધના એ જ શ્રી અરવિંદનો પૂર્ણયોગ છે. રાજાની આ સાધનાને શ્રી અરવિંદે માનવજાતની સાધના તરીકે પ્રબોધીને બધા જ યોગમાર્ગીઓનો અત્રે સમન્વય કર્યો છે.

આપણી પૌરાણિક કથાઓમાં દર્શાવાયું છે કે જ્યારે પૃથ્વી ઉપર પાપ અને અત્યાચાર વધી પડે, અધર્મ, અસત્ય, આસુરી તત્ત્વોનો પરિતાપ જગતને સતત પીડવાનો સ્વાર્થી અને અન્યાયી જુલમ પ્રગટાવે, ત્યારે પૃથ્વી પોતે જ ગાયનું સ્વરૂપ લઈ ભગવાન પાસે જઈ એમને અવતરિત થવાની પ્રાર્થના કરે છે. પાર્થિવ ચેતના પણ ધીમી ગતિએ ચૈતસિક ઉત્ક્રાન્તિની દિશામાં ઉપર ઊઠે છે, અને નવા નવા દિશામાનોને અવતરિત થવાનું સ્વીકારવા પોતાની ક્ષમતા પ્રગટાવે છે. પ્રકૃતિ પણ સમગ્ર રીતે આવી કંઈક વાત ચેતના અવસ્થાને આત્મસાત્ કરવા ગતિ કરી રહી છે. પ્રકૃતિની આવી પ્રાર્થના જ રાજા અશ્વપતિની સાધનાગત ગતિમાં પરિણમે છે.

સાવિત્રી જે કૃપાનું પ્રતીક છે, એની પ્રાપ્તિની પાત્રતા એ જ રાજાની સાધક તરીકે ક્ષમતા છે. પૃથ્વીની ચેતનાની પ્રાર્થના જ ભગવત્કૃપાના અવતરણ માટેની પીઠિકા બની જાય છે.

સાધનાનો માર્ગ જીવનની દિશા બદલવાનો માર્ગ છે. આપણે કલ્પી શકીએ તેના કરતાં પણ આપણા જીવનમાં વધારે ઊંડું રહસ્ય હોય છે. દિવ્યશક્તિનો પુત્ર અશ્વપતિ અનેક પ્રકારે અનુભૂતિનો સાક્ષી બનતો જાય છે. અશ્વપતિની વ્યક્તિગત સાધનાની પરિણતી ચરમસીમાએ પહોંચે છે. સાધના દ્વારા તે વ્યક્તિગત આધ્યાત્મિક પૂર્ણતા પ્રગટ કરે છે. રાજાને હવે ખાતરી થાય છે કે આપણું બાહ્ય વ્યક્તિત્વ બહુ જ પાંગળું અને ક્ષુદ્ર છે, પણ હજુ સુધી અજાણ એવી માન્યતાઓ છે જે ખરેખર આપણી જ છે. જેમ જેમ સાધનામાં આગળ વધતા ગયા તેમ તેમ અશ્વપતિની ચેતનાનું કેન્દ્ર પાર્થિવ માનસમાં રહ્યું નહિ. બૃહત્ એકવાક્યતાનું સ્થાપન થતાં જીવનની ચર્ચાનો અંત આવી આ વિશ્વનું ઉત્પાદક પરસ્પર વિરોધી વિચારોનું યુદ્ધ શમી ગયું. એનો આત્મા મુક્ત બનીને અભય થયો. સાક્ષી, પણ સમ્રાટ થઈ અજ્ઞાન સંપૂર્ણ નષ્ટ થયું. કાળમાં જન્મ લેનારા સૌ માણસોમાં આ આધ્યાત્મિક જ્ઞાન સહુથી પ્રથમ અશ્વપતિને પ્રાપ્ત થયું હતું. એની દૃષ્ટિનાં પડળ ખૂલી ગયાં, એટલે

અશ્વપતિ આગળ સારું યે વિશ્વ છતું થઈ ગયું. હવે અશ્વપતિ વિશ્વની સીમાએ પહોંચી ગયો. ત્યાંથી એણે જોયું કે પ્રગટ વિશ્વની સીમા આગળ સૃષ્ટિ અટકી જતી નથી. આપણાં શાસ્ત્રોએ તો ''અનંત'' શબ્દ યોજીને નિચોડ કાઢ્યો જ છે **નેતિ નેતિ નેતિ** ! અંત જ નથી, ન+ઇતિ !

અશ્વપતિના યોગનો આરંભ શરીર, પ્રાણ અને મનના પ્રાકૃતિક કરણોમાંથી આત્માને મુક્ત કરીને થાય છે. પોતાનામાં કોઈક દિવ્ય સત્ત્વ, દિવ્ય અંશ રહેલો છે, તથા માનવના અંતરમાં મન, પ્રાણ અને શરીરથી સ્વતંત્રપણે કાર્ય કરી શકે એવી શક્તિઓનો વિકાસ કરવો શક્ય છે એમ તે અનુભવે છે. અને સતત પોતાની તટસ્થતા જાળવીને માનવનું અને વિશ્વ સમસ્તનું બંધારણ જુવે છે. ''જીવન એ એક દિવ્ય પ્રયોગ છે અને વિશ્વ સમસ્ત આત્માને મળેલી એક તક છે'', એમ અનુભવે છે. પ્રગટ વિશ્વથી પેલે પાર આવેલું અત્યાર સુધીનું અવ્યક્ત વિશ્વ એ જુવે છે. એ દિવ્યલોકની શક્તિનું અવતરણ કરાવવામાં આવે તો જ માનવનું દિવ્ય ભાવિ સિદ્ધ થઈ શકે એમ એ જુવે છે. શ્રી અરવિંદનું અંતિમ લક્ષ્ય, એના અંતરની મહત્ત્વાકાંક્ષા એક જ જીવન ભર રહી છે કે માનવે ઈશ્વરની દિવ્ય પ્રકૃતિ પ્રાપ્ત કરવાની છે. આ વિશ્વનો ઉદ્દેશ અને માનવે કરવાનું કાર્ય દિવ્યતા પ્રત્યે આરોહણ કરવામાં સમાયેલું છે. આ કાર્ય માનવ એકલાથી થઈ શકે તેવું નથી. દિવ્યશક્તિનું અવતરણ એને માટે આવશ્યક છે. શ્રી અરવિંદની દૃઢ માન્યતા છે કે નવસર્જનમાં જીવનભર પ્રત્યેક વ્યક્તિ પોતાની અંદર રહેલા પ્રભુ માટે અને સર્વમાં વ્યાપક રહેલા પ્રભુ માટે જીવન ગાળે.

પ્રભુ વિશ્વથી અતડો કે અલગ નથી. પરંતુ એ અને એની શાશ્વતી શક્તિ એ બન્નેનો પ્રેમ એક માતાના હૃદયની માફક સમજી વિશ્વને પોતાના તરફ આકર્ષે છે.

સાવિત્રી મહાકાવ્યમાં અશ્વપતિ એક સામાન્ય માનવ સંતાન રહિત. માનવ મટી જઈને માનવતાનું પૃથ્વી ઉપર અવતરેલું કોઈ દિવ્ય સત્ત્વ તરીકે અનુભવાય છે. તે આત્મજ્ઞાન અને વિશ્વજ્ઞાન મેળવવા માટે માનવજાતિના પ્રતિનિધિરૂપે કઠિન તપશ્ચર્યા કરી, સ્થૂલ, પાર્થિવ ભૂમિકામાંથી આરોહણ કરીને જુદા જુદા લોક વટાવીને છેવટે વિશ્વચેતના સુધી પહોંચી, ત્યાંથી જે અપ્રગટ લોકો, પૃથ્વી ઉપર પ્રગટ થાય તેવા છે, પરંતુ જે હજી સુધી પ્રગટ્યા નથી, તેનું એ દર્શન કરે છે. આમ આખરે એના સાધનાયાત્રાના પરિણામરૂપે એ મહામાયા આદ્યાશક્તિ પાસે પહોંચે છે.

સમગ્ર માનવજાતિની દર્દભરી આરજૂ તે જગદંબા આગળ રજૂ કરે છે અને અજ્ઞાન તથા મૃત્યુ ઉપર વિજય મેળવવા માટે તેની સહાયની યાચના કરે છે. પરાશક્તિના પ્રતિનિધિરૂપ કોઈ માનવ અવતાર નહીં લે ત્યાં સુધી માનવ પોતે આ વિકટ પ્રશ્નનો ઉકેલ કદી લાવી શકશે નહિ. એમ કહીને પરાશક્તિના અવતરણ માટે પ્રાર્થના કરે છે. જગદંબા એને વરદાન આપે છે. ત્યાર પછી સાવિત્રીનો જન્મ થાય છે. આ રીતે આખા જગતની કામનાએ સાવિત્રીને જન્મ લેવાની ફરજ પાડી એમ કવિ કહે છે. અને તે સત્ય ઘટના બને છે.

એટલે સાવિત્રી પણ કેવળ એક રાજકુમારી નથી પરંતુ મહાશક્તિના આવિર્ભાવરૂપે એક રીતે કહીએ તો એની કૃપારૂપે માનવજાતિના દુઃખ અજ્ઞાન વિ.નો ભાર ઉતારવા અને અજ્ઞાનના અંધકાર ઉપર વિજય મેળવવા માટે તેણે જન્મ લીધો છે. આ રીતે અશ્વપતિની સાધના સફળ થાય છે.

મૂળ કથામાં તો સાવિત્રી જન્મે છે. લગ્ન, સત્યવાનનું મૃત્યુ, યમરાજ સાથે સંવાદ વિવાદ, સાવિત્રી યમને પરાજય આપી, મૃત્યુ ઉપર વિજય મેળવી. સત્યવાનના આત્માનો કબજો લઈ, વટવૃક્ષની નીચે, સત્યવાનના પાર્થિવ દેહ પાસે આવે છે. સઘળી વિગત જણાવી, આશ્રમ ભણી પ્રસ્થાન કરે છે. સાત વરદાન પ્રત્યક્ષ મેળવી, સત્યવાન પિતાનું રાજ્યપાટ મેળવી, નિર્વિઘ્નપણે રાજ ભોગવી જીવનનો આરંભ કરે છે. આ થયો અશ્વપતિની તપશ્ચર્યા - જગદંબાનો સાક્ષાત્કાર. વરદાન વ.ની દંતકથા મૂળ મહાભારતની.

શ્રી અરવિંદે નાનું શું બીજ ઝડપ્યું અને તેમાંથી ખૂબ કીમતી અર્ક કાઢી ઘેઘૂર વડલા સમાન મહાકાવ્ય સાવિત્રીનું નિર્માણ કર્યું. વાસ્તવમાં તો અશ્વપતિનો યોગ તે શ્રી અરવિંદની જ જીવનભરની જબરજસ્ત સાધનાનું વર્ણન છે. અશ્વપતિને નામે શ્રી અરવિંદ આત્મજ્ઞાન અને વિશ્વજ્ઞાન મેળવી માનવજાતના પ્રતિનિધિરૂપે તપસ્યા કરે છે.

જગદંબા સ્વયં અશ્વપતિને વરદાન આપે છે અને અશ્વપતિની તપશ્ચર્યાને સ્વીકારતા કહે છે ''હે અભિનવ ઉત્ક્રાન્તિના અગ્રદૂત, તારો આર્તનાદ મેં સાંભળ્યો છે. એક અવતાર ધરાતલે પ્રગટ થશે અને મૃત્યુનો અટલ નિયમ નષ્ટ કરશે. તે એક અસીમ મન ધારણ કરશે જે જગતને પોતામાં સમાવી શકશે. એવું એક શાંત અને મધુર હૃદય તે ધારણ કરશે, જેમાં જગતનાં દુઃખો ભૂલી જવાશે, તે દેવોની જેમ ઉત્ક્રાન્તિને આગળ ધપાવશે, તેમાં મહાનતા અને શક્તિનો સમન્વય હશે. માનવોનું ભાવિ પોતાની વજ્ર જેવી ઇચ્છાથી બદલી નાંખશે.''

'સાવિત્રી' મહાકાવ્યનો અશ્વપતિનો યોગ અહીં પૂર્ણ થાય છે. હવે આશ્રમવાસી સાવિત્રી યોગસાધના કરે છે અને યમરાજાનો સામનો કરવાની તૈયારી કરે છે. આમ આ મહાકાવ્ય ''સાવિત્રી'' માં બે યોગ પદ્ધતિઓ એક જ ઉદ્દેશ સાધતી આપણને જોવા મળે છે. તે છે એક અશ્વપતિનો યોગ અને બીજો સાવિત્રીનો યોગ.

મહાભારતની સાવિત્રી-સત્યવાનની દંતકથામાં લગ્ન બાદ સાવિત્રી સત્યવાનની સાથે આશ્રમજીવન ગાળે છે. એની પાસે એક વર્ષ જ છે, પછી સત્યવાનનું મૃત્યુ થાય છે.

મૃત્યુ પછીની સ્થિતિનું વર્ણન અને યમરાજ સાથે સાવિત્રીની ચર્ચા ચાલે છે, એમાં મુખ્યત્વે સમગ્ર માનવ જીવનનો પ્રશ્ન અને તેના રજૂ થયેલાં ઉકેલો અને તે બધાની અપૂર્ણતા યમરાજ રજૂ કરે છે. અને સાવિત્રી પૂર્ણતાની શરતો અને માનવ પ્રકૃતિમાં જે તત્ત્વો ખૂટે છે તેનો નિર્દેશ કરે છે. આખરે ઈશ્વરના સંકલ્પ અનુસાર જગતમાં કાર્ય કરી રહેલ યમરાજ, પાર્થિવ ભૂમિકામાં થયેલ ઈશ્વરના દર્શન કરવાની અને તેની આજ્ઞા પાળવાની તત્પરતા બતાવે છે. ત્યારે સાવિત્રી પોતાનું દિવ્ય સ્વરૂપ છતું કરે છે અને યમરાજ ત્યાં શાંત પડે છે.

મહાભારતમાં સાવિત્રી અને યમનો સંવાદ સત્યવાનના મરણ પછી થાય છે. સત્યવાન મૃત્યુ પામ્યા બાદ, ચારે બાજુની ભયાનક ચુપકીદીમાં સાવિત્રીને કોઈ અદશ્ય હાજરી વર્તાઈ તે સાક્ષાત્ મૃત્યુ હતું. સાવિત્રીએ મૃત્યુને સાકાર થતું જોયું. સાવિત્રી રડી નહિ, ગભરાતી પણ નથી. વ.પ્રસંગ મહાકાવ્યમાં આવે છે. સાવિત્રીને કોઈક અવિનાશી તત્ત્વ માર્ગદર્શન કરે છે એમ લાગ્યું. એટલામાં પ્રચંડ અવાજ ઊઠે છે. સાક્ષાત્ યમરાજ હોય છે, સત્યવાનના જીવને દેહમાંથી અળગો કરે છે. આ તેજસ્વી સ્વરૂપ સાવિત્રી અને યમરાજની વચ્ચે ઊભું હતું. ત્યાર બાદ તે સ્વરૂપ પ્રથમ, આગળ પાછળ યમરાજ. તેની પાછળ સાવિત્રીએ એમ ચાલવા માંડ્યું. આ દરમિયાન સાવિત્રીની દૈવી ચેતના સત્યવાનના સૂક્ષ્મ જીવાત્મા ફરતી વીંટળાઈ વળી હતી. યમ સાવિત્રીને સમજાવે છે કે તારી આ લાગણીવશતા સૂક્ષ્મલોકમાં પાંગળી જ પુરવાર થશે. તું પાછી ફર. પરંતુ સાવિત્રી પોતાની સત્ય ચેતનામાં જ રહી. જાગ્રત હતી. સાવિત્રીની આત્મસ્થ વૃત્તિ સ્વસ્થ હતી અને યમરાજ સામે ઝૂકતી નથી, પોતાના ધીરગંભીર સ્વરે કહે છે કે હું તમારે શરણે આવવાની નથી. હું જાણું છું કે તમે મૃત્યુનો મુખવટો પહેર્યો છે. પરંતુ તમારા આ નકારાત્મક કાર્યનો વિરોધ કરું છું. તમારું કાર્ય પણ ઉત્ક્રાંતિના એક સોપાન જેવું છે. ઉત્ક્રાંતિના નબળા ચણતરનો તમે ધ્વંસ કરીને, દોષરહિત કરીને નવું ચણતર કરવાની ફરજ પાડો છો. છતાં મૃત્યુ જીવનને ચગદી રહ્યું છે તેથી હે યમરાજા હું તમારા આ ભ્રામક સ્વરૂપના મૃત્યુ સ્વરૂપને શરણે આવવા તૈયાર નથી. સાવિત્રીએ મૃત્યુના મુખવટાને નકાર્યું. સાવિત્રીએ પોતાનું સાચું સ્વરૂપ પિછાણ્યું તેથી યમરાજા આંતરિક રીતે પ્રસન્ન થયા. યમને તે સમયે કઠોપનિષદના નચિકેતા અને મહાભારતના માર્કન્ડેય

ઋષિ યાદ આવ્યા. યમરાજ સંતુષ્ટ થયા અને સાવિત્રીને પ્રસન્ન થઈ સાત વરદાન આપ્યા. યમ સાવિત્રીનો સંવાદ ઘણો જ વિસ્તૃત છે. અને પ્રેરણાની ઉચ્ચ ભૂમિકા ઉપર ચાલે છે એટલું જ નહિ પરંતુ સાવિત્રી યમરાજ કરતાં વધારે સમર્થ છે એ પણ સ્પષ્ટ રીતે તરી આવે છે. એટલે મહાકાવ્યમાં યમરાજને સત્યવાનને મુક્ત કરવાની ફરજ પડે છે. હકીકતમાં યમરાજની શક્તિ સાવિત્રીમાં સમાઈ જાય છે.

યમરાજથી મુક્ત થયા પછી સત્યવાનનું જીવનકાર્ય મૂળ કથામાં છે તેના કરતાં જુદું પડે છે. પરમ સત્યમાં સ્થાપિત થઈને, એ સત્યલોકથી જ્ઞાનજ્યોતિ, અમોઘશક્તિ અને સ્વાભાવિક સંવાદ પૃથ્વી ઉપર સ્થાપિત કરવાનો તેઓ પ્રયત્ન કરે છે. આમ આખી કથા આ કાવ્યમાં પૂર્ણ રૂપાંતર પામી જાય છે અને એક જીવંત પ્રતીક બને છે.

રાજા અશ્વપતિની આ સાધના સમષ્ટિમાં વ્યક્ત માનવજીવનનો રાજમાર્ગ છે. દેશ, કાળ, સંસ્કૃતિ, ધર્મ, સભ્યતા, રાષ્ટ્રીયતા, વાદ અને પરંપરાઓથી પર માનવજાતે આત્મસાત્ કરવાની, મનોવિજ્ઞાનથી ઉપર ઊઠી આત્મવિજ્ઞાનના ક્ષેત્રે પ્રસ્થાન કરાવતી માનવજાતિ માટેની મહાન યાત્રા છે.

જગતના સઘળા પ્રગલ્ભ દર્શનોના પાયાના અનુભૂત સત્યોનો શ્રી અરવિંદે પોતાની સાધનામાં અને સાવિત્રીમાં, એની અભિવ્યક્તિમાં, સર્વાંગી સંકલન દ્વારા સરવાળો કર્યો છે. તેથી જ શ્રી અરવિંદનું આ અનોખું યોગદર્શન એ ધર્મો, સંપ્રદાયો, વાડાઓ, વાદો, અને પરંપરાઓથી ઉપર ઊઠી નિર્મળ, વૈજ્ઞાનિક અધ્યાત્મદર્શનની ઊંચાઈને પામે છે. આ મહાન્ તપશ્ચર્યા, સાધના સમગ્ર માનવજાતને માટે અને પૃથ્વીની ચેતનાના રૂપાંતર અર્થે કરી છે.

આપણું રાષ્ટ્ર સદ્ભાગી છે કે આવો મૂલ્યવાન આધ્યાત્મિક વારસો આપણા શ્રી અરવિંદ મહર્ષિએ ''સાવિત્રી'' મહાકાવ્યરૂપે, જગત સમજી શકે, ભવિષ્યમાં સમગ્ર માનવજાત એને પોતાની જીવનગતિના શ્રેષ્ઠ મૂલ્યો બનાવી શકે, એવી ભાષા દ્વારા યથાર્થ રીતે અભિવ્યક્ત કર્યો છે.

સાધક માટે તો ''સાવિત્રી'' એક એવું કાવ્ય છે, જેમાંથી તેને પોતાની સાધનામાં આવતી મુશ્કેલીઓ, ગુંચોનું સાચું સ્વરૂપ સમજાય છે અને તેને નિવારવાની શક્તિ પણ એમાંથી જ મેળવી શકાય છે.

શ્રી અરવિંદની આ અનુભૂતિને હવે આજના શાસ્ત્રજ્ઞો પણ માન્ય રાખતા થયા છે. જે વિજ્ઞાન પાછલા પાંચ છ શતકોથી ધર્મ વિરુદ્ધ ગણાતું તે જાણે આ શુદ્ધ અધ્યાત્મ શાસ્ત્ર સાથે હાથ મિલાવતું થયું છે.

ઝાડને પોષવા ડાળીઓ આકાશગામી પ્રગતિ કરે અને મૂળિયાં ધરતીમાં ઊંડે ઊતરે તેમ પ્રથમ દર્શને વિરુદ્ધ દિશામાં જતાં તે બન્ને એક જ કાર્ય કરે છે, અને એકબીજાને પોષક છે, તેમ અધ્યાત્મશાસ્ત્ર અને વિજ્ઞાન હવે બહુ જ નજીક આવી ગયાં છે. શ્રી અરવિંદની અનુભૂતિ જેમાં ચેતના જ સમસ્ત વિશ્વનું આદિ તત્ત્વ છે, અને ધીમે ધીમે ઉત્ક્રાન્ત થઈ રહ્યું છે. તે કેટલી યથાર્થ અને મૂળભૂત ઘટના છે, તે સમાધાન અધ્યાત્મશાસ્ત્ર અને વિજ્ઞાન વચ્ચે થયું છે. આપણે શરૂઆતમાં અશ્વપતિના પાત્રનું ખૂબ જ ટૂંકમાં અવલોકન કર્યું. સમગ્ર સાવિત્રી મહાકાવ્ય ઉપર વિવરણ કરવું એ તો મારે માટે શક્ય નથી લાગતું. એ તો માત્ર તદ્દન આછી રૂપરેખા આપ સૌ સમક્ષ રજૂ કરી છે. દરિયાને એક કાંઠે ઊભા રહી, સાત સમુદ્રનું દર્શન કરાવવું જે મારે માટે શક્ય નથી.

અશ્વપતિ પછી સાવિત્રીના પાત્રને ખૂબ ટૂંકમાં જોઈએ. અશ્વપતિ તો લગભગ શ્રી અરવિંદનું જ સ્વરૂપ છે. અશ્વપતિના માધ્યમથી શ્રી અરવિંદની જ સાધનાનું આપણને દર્શન થાય છે.

અશ્વપતિના યોગમાંથી અને એણે મહાશક્તિ પાસે માંગેલા વરદાનમાંથી ઘણું જાણવા મળ્યું. એની આખી તપશ્ચર્યા માનવજાતિના પ્રતિનિધિ તરીકે એ કરે છે. ઈશ્વરની પરમસત્તા અને કરુણામય સહાય વિના

માનવજાતિનો મૌલિક પ્રશ્ન ઉકેલી શકે તેમ નથી, એ કેવી રીતે, તે વિસ્તૃત વિવેચનથી સમજવા મળ્યું.

યમરાજથી મુક્ત થયા પછી સત્યવાન-સાવિત્રીનું જીવનકાર્ય શરૂ થાય છે. પાત્ર તરીકે સાવિત્રીમાં દૈવી અંશો હતા છતાં એ સામાન્ય માનવી તરીકે જ પોતાને ગણાવતી હતી. મૃત્યુ ઉપર વિજય મેળવ્યા બાદ સાવિત્રી અનંતમાં કે શાશ્વતમાં લય ના પામતા દઢતાપૂર્વક પોતે અને સત્યવાને સમગ્ર વિશ્વને પ્રભુ પ્રત્યે આરોહણ કરાવવાનો સંકલ્પ કર્યો છે. અને એ રીતે જાહેર કરે છે. શાશ્વતી નીરવતા, એકાંતલય, જગતમાંથી છુટકારો, જીવનમાંથી મુક્તિ, એકલ આનંદની પ્રાપ્તિ એ બધાનો ઇન્કાર કરીને સાવિત્રી, પાર્થિવ જીવનમાં શાંતિ, અનેક હૃદયોની જીવનમાં એકતા, સમગ્ર માનવજાતિને માતાની પેઠે વાત્સલ્યપૂર્વક એક રાખે તેવી શક્તિ અને એકલ આનંદને બદલે પાર્થિવ જીવનમાં સહુને માટે દિવ્ય મધુરતાની ઈશ્વર પ્રત્યે માગણી કરે છે. એક રીતે જોતાં સાવિત્રીનો યોગ અશ્વપતિની યોગસાધનાની સિદ્ધિરૂપ છે. અને અશ્વપતિની યોગસાધના પૂર્ણયોગની સાધના શ્રી અરવિંદની જીવનભરની સાધના છે.

અશ્વપતિ, સત્યવાન અને સાવિત્રીનાં પાત્રો માટે પણ જાણવા જેવું છે પણ અત્યારે તો સમયનો અભાવ વચ્ચે નડે છે.

ટૂંકમાં એ ત્રણેયની યોગિક ચેતના છે પરંતુ એક એકથી વધારે ઉત્ક્રાન્ત અને દિવ્ય છે.

નારદનું પણ દૈવી પાત્ર છે. રાજા અશ્વપતિના મહેલમાં રાણી અને નારદ વચ્ચે સંવાદ કવિએ ખૂબ સુંદર રીતે ઉપસાવવાનો પ્રયત્ન કર્યો છે.

સમગ્ર માનવજાતિનાં વ્યાપક દુઃખ, સુખ, અસત્ય આપત્તિ વગેરે અનિષ્ટ તત્ત્વો શા માટે અસ્તિત્વમાં છે, અને જીવનમાં કેવી રીતે ગોઠવાયેલાં છે એ સઘળા પ્રશ્નો મહાકાવ્યમાં અવિભાજ્ય અંગ તરીકે સ્થાન પામ્યા છે. આ સંવાદ પણ ઉચ્ચ ભૂમિકા ઉપર આલેખાયો છે. દેવર્ષિ નારદ દેવમાંથી ઋષિપદ પામ્યા છે. ઋષિઓ, કવિઓ સત્યશ્રુતા, સપ્તર્ષિ વ. જુદી જુદી કક્ષાના તપસ્વીઓ ભારતીય પંરપરામાં મહામૂલા આધ્યાત્મિક સત્યશોધકો છે.

સત્યવાનને જીવનદાન મળે છે. એ રીતે સાવિત્રી અવિભાજ્ય તેનો આત્મા પાર્થિવલોક તરફ વેગપૂર્વક જઈ રહ્યો છે. વડના ઝાડ નીચે સૂતેલા સત્યવાનના નિશ્ચેતન દેહમાં એના આત્માએ પ્રવેશ કર્યો અને પોતાના સંકલ્પથી છોડેલાં દેહમાં સાવિત્રીનો પોતાનો આત્મા પુનઃપ્રવેશ કરે છે. સાવિત્રી નીચે વળીને સત્યવાનના મસ્તકને પોતાના ખોળામાં લઈ, પોતાના દિવ્ય સ્પર્શથી એને જાગ્રત થવાનું આહ્વાન કરે છે, કારણ હવે સાવિત્રી, પરાત્પરનો સંકલ્પ અને મહાશક્તિની સંયુક્ત જીવનમૂર્તિ સ્વરૂપ ભુવનેશ્વરી બની છે.

પરાત્પર સાવિત્રીને આ પાર્થિવ સાહજિક ઉત્ક્રાન્તિનો સ્વીકાર કરી, નિજી મોક્ષને પામી જવા આગ્રહ કરે છે, પરંતુ સાવિત્રી પરાત્પરને પ્રાર્થના દ્વારા પોતાના અંતિમ ઉદ્દેશ અને આત્મદર્શનની પ્રતીતિ કરાવે છે. મારો અને સત્યવાનનો આત્મા જગતનું પ્રભુ પ્રત્યે આરોહણ કરાવવા અને પૃથ્વી ઉપર જીવનનું દિવ્યજીવનમાં રૂપાંતર કરાવવા માટે અવિભક્ત રીતે સંકલિત થઈને પૃથ્વી ઉપર આવ્યો છે. માનવી એ કાર્ય કરવાને જો સમર્થ ના હોય તો એનાથી વધારે ઊર્ધ્વશક્તિ ચેતનાવાળો મહામાનવ પ્રગટ થાય એ આજની અનિવાર્યતા છે. મૃત્યુની સમાપ્તિ પછીની આ અવસ્થાને સાવિત્રી આરોહણની જે સાધના કહે છે તે શ્રી અરવિંદનો આ જન્મનો સંકલ્પ છે.

શ્રી અરવિંદની સાધના થકી અતિમનસનું અવતરણ થયું અને એ શક્તિના અવતરણને પાર્થિવ ચેતનામાં પૂ. માતાજીએ પોતાની માનવદેહી પ્રકૃતિનું રૂપાંતર કરીને કરી. જેથી આ નવા જીવનનું અને નવા જગતનું નિર્માણ સિદ્ધ થઈ શકે. આ બધી માત્ર કાલ્પનિક સત્યોની સાહિત્યની વિભાવના નથી. આવનાર

યુગનું વૈજ્ઞાનિક આર્ષદર્શન છે. જેનો પ્રારંભ થઈ ચૂક્યો છે.

શ્રી અરવિંદની તો એક જ તમન્ના હતી : મનુષ્યજાતિને નહીં પરંતુ સારાયે વિશ્વને દિવ્ય બનાવવું, દુઃખ અને અજ્ઞાનતા દૂર થાય તો જ આપણે ઉપર ઊઠી શકીએ, આગળ વધી શકીએ. આપણા પ્રાચીન ઋષિમુનિઓએ ખૂબ તપશ્ચર્યા કરીને ''બ્રહ્મસત્ય'' ને જગત મિથ્યા,'' ''યથા પિંડે તથા બ્રહ્માંડે'' ઉપરાંત ચાર મહાકાવ્યોના નિચોડ ઉપર આવ્યા. શ્રી અરવિંદને એનાથી સંતોષ ના થયો. એ તો દૈવીતત્ત્વોનો સાક્ષાત્કાર કરી એનું જગતમાં અવતરણ કરાવી પોતાનો વ્યક્તિગત મોક્ષ કે આનંદ એમને નથી ખપતાં. નથી સ્વીકારવાં. એમને તો વિશ્વને ઉપર લાવી દૈવી બનાવવું છે. એ પણ વાત સાચી કે આપણી તો પ્રાચીન માન્યતા જ છે કે જીવ અંશી અને ઈશ્વર અંશ છે, તો પછી માનવ અને ઈશ્વર વચ્ચે ભેદ કઈ રીતે સંભવે ? ઈશ્વર તો પ્રેમાળ છે, અને મા પોતાના બાળકને સુખી જોવા ઇચ્છે, તેમ પોતાનું સર્જન વિશ્વ, તેમાં દિવ્યતા લાવવામાં દૈવ વચ્ચે ક્યાં આવવાનું ? આપણો પુરુષાર્થ અધૂરો છે. શ્રી અરવિંદ અને પૂજ્ય માતાજીએ આ રાજમાર્ગ ખોલ્યો છે અને ''સાવિત્રી'' મહાકાવ્ય પ્રમાણે જો જગતમાં ઉત્ક્રાંતિ થશે, થશે જ તો શ્રી અરવિંદ, વસિષ્ઠજી અને વિશ્વામિત્રજી જેવા મહાન ઋષિગણમાં ગણાઈ એક આધુનિક દ્રષ્ટાનું સર્વોપરી પદ પામશે.

આ સમગ્ર સર્જન એ એક માત્ર પરબ્રહ્મની ચૈતન્યશક્તિની જ લીલા છે, જે લીલા માત્ર માટે એણે સ્વયં પોતાના દ્વૈતનું નિર્માણ કર્યું છે.

એક જ શક્તિ એ પોતે પુરુષ અને પ્રકૃતિના ઢાંચામાં પોતાને ઢાળે છે, અને તે બન્નેની વચ્ચેના આદાન પ્રદાનમાં જ જગતની સ્થિતિ અને ગતિનું નિર્માણ થાય છે.

આવી સ્થિતિ અને ગતિની આ રાસલીલા એ જ આનંદનું સર્જન કરતાં કરતાં જગતની રાસલીલા ઉત્ક્રાંતિ પામી રહી છે.

શ્રી અરવિંદના આ યોગદર્શનને જેનો નાતો પરમાત્મા સાથે સીધે સીધો જોડાયેલો છે, એવા ભક્તો, દ્રષ્ટાઓ અને યોગીઓ જેવા કે કબીરજી, મીરાંબાઈ, નરસિંહ મહેતા, તુલસીદાસજી તેઓ જ સમજાવી શકે. આ સાધનાનો માર્ગ બુદ્ધિની ઊંચામાં ઊંચી અવસ્થા નિર્દેશ તો કરે છે જ, આવકારે પણ છે. માત્ર બૌદ્ધિક પરિશીલનથી શ્રી અરવિંદના દર્શનને ન તો સમજી શકાય કે ના સમજાવી શકાય.

સને ૧૯૫૦ માં શ્રી અરવિંદ માનવજાત માટે આ અતિમનસ ચેતનાને પોતાના દેહ ઉપર ઉતારી, જે પ્રકાશ તા. ૫ મી ડિસેમ્બર, ૧૯૫૦ સુધી શ્રી અરવિંદના દેહ ઉપર પ્રગટ સ્વરૂપે પ્રકાશિત રહ્યો અને સન ૧૯૫૬ માં પૂ. માતાજી એ અતિમનસ ચેતનાને પૃથ્વી ઉપરની ચેતના સાથે સંલગ્ન કરી પ્રસ્થાપિત કરી, જગત ઉપર સર્વ પ્રથમ આ અવતરણ થયું.

પૂજ્ય માંતાજીનો દેહવિલય તા. ૧૭મી નવેમ્બર, ૧૯૭૩માં સમાધિ દશામાં થયો. પૂજ્ય માતાજીના ચરણની અતિમાનસિક ગતિ તા. ૨૧-૨-૨૦૦૧ માં થઈ.

અતિમનસના યુગપ્રવર્તક ભગવાન શ્રીકૃષ્ણે સને ૧૯૦૯ માં અલિપોરની જેલમાં શ્રી અરવિંદને પ્રત્યક્ષ દર્શન આપ્યા.

પરાત્પર પરમાત્માના સર્જનમાં સંકલ્પમાંથી જ આખુંય બ્રહ્માંડ સર્જાયું.

પરાત્પર પોતે જ જ્યારે સર્જન બનવાનો સંકલ્પ કરે ત્યારે તેની જ શક્તિ તે પરાશક્તિ બની જાય છે. અને એ શક્તિ જ મહામાયા મહાશક્તિના માધ્યમ દ્વારા જગતના સ્વરૂપને પામે છે. મહાશક્તિ જ જગતનું સાકાર સ્વરૂપ બને છે.

શ્રી અરવિંદની સાધના પૂર્ણયોગની સાધના છે. એની સાધના અધૂરી નથી. જે પામવાનું લક્ષ્ય હતું તે પામીને જ એ શાંત થયા છે. ઉપનિષદ વાક્યની જેમ જ ''ઊઠો, જાગો અને તત્ત્વવેત્તા ઉત્તમ પુરુષોને મેળવી આત્મસ્વરૂપને ઓળખી લો, જાણી લો, આ આત્મદર્શનનો માર્ગ અસ્ત્રાની ધારની જેમ સૂક્ષ્મ, તીક્ષ્ણ અને દૂરત્યય છે. પાર કરવો મુશ્કેલ છે.'' તત્ત્વચિંતકોની આ માન્યતા છે. શ્રી અરવિંદે પરિપૂર્ણ કરી છે.

સાધનાનો માર્ગ સામાન્ય નથી. ઈશ્વરે હઠીલું મન ઘડીને પ્રથમ ગ્રાસે જ મનુષ્યની પરીક્ષા કરી છે. મનનું રૂપાંતર કરવા જેટલું અન્ય કઠિન કાર્ય બીજું એક પણ નથી. છતાં બુદ્ધિના બળથી મનોબળથી મનને વશ કરી શકાય છે. આત્માના બળથી પ્રથમ મનને નિર્મળ કરવાનું છે. જે અશુદ્ધ છે જ તેને આત્માની સાધના દ્વારા ઊર્ધ્વગમન કરવાનું છે. યોગનું પ્રથમ સોપાન જ મનને નીરવ અમન કરવાનું છે. આ પ્રથમ પરંતુ પાયાનું મુખ્ય સાધન છે. તે યોગિક પદ્ધતિથી જ આ કાર્ય સિદ્ધ કરી શકાય. મનની શુદ્ધતા જ સાધનાનો પાયો છે.

શ્રી અરવિંદ મુખ્ય અષ્ટાંગ યોગ દ્વારા જ આગળ વધે છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર આ હઠયોગ છે. જે બાહ્યસાધન છે, તે અશ્વપતિનું અને તે જ અરવિંદનું છે. ધ્યાન, ધારણા અને સમાધિ એ રાજયોગ જે આંતરસાધના છે, તે સાવિત્રીની છે. આ પ્રક્રિયા ખૂબ જ વિસ્તૃત છે. ચક્રભેદન કુંડલિની વ. જેમ જેમ સાધનામાં આગળ વધો તેમ તેમાં એક પછી એક સોપાન પાર કરવાના હોય છે. શ્રી અરવિંદની ૪૦ વર્ષની આ સાધના ખૂબ સફળતાપૂર્વક પાર પડી. તેનું ખૂબ જ સંક્ષિપ્તમાં વિવરણ મેં કર્યું. સાધનાનો માર્ગ શ્રી અરવિંદે ચીંધ્યો. તરવાની પદ્ધતિ શિખવાડી. આગળ વધવું હોય તેમને તો પોતે સ્વિમિંગ કોસ્ચ્યુમ પહેરીને પાણીમાં પડવું જ પડે. લંગર છોડીએ તો જ નાવમાં સામે પાર જવાય. નહીંતર અજ્ઞાનમાં હલેસાં માર્યા જ કરીએ. લંગર છોડવાનું છે. મનને વશ કરવાનું છે તો જ સંસારને છોડી શકીશું. સાવિત્રી મહાકાવ્ય આ સર્વ માર્ગ ચીંધે છે અને આપણને સાધનામાં જો ઈચ્છા હોય તો આગળ વધવામાં ખૂબ જ મદદ કરે છે.

આજનો આપણો વિષય મારી દૃષ્ટિએ ખૂબ જ ગહન છે. શ્રી અરવિંદ મહર્ષિનું ''સાવિત્રી'' મહાકાવ્ય અંગ્રેજીમાં ખૂબ જ ઉચ્ચ કોટીનું છે એનું સંપૂર્ણ વિવરણ કરવું અઘરું છે. ''સાવિત્રી'' ઉપર ગુજરાતીમાં ઘણાં પુસ્તકો છે, તેમાંથી કેટલાંક મેં ખૂબ ઊંડાણથી તો નહિ પણ ઉપર ઉપરથી વાંચ્યા. મુંબઈ હતી ત્યારે શ્રી અશ્વિનભાઈ કાપડિયા જે સાવિત્રીના પ્રખર અભ્યાસી અને પૂજ્ય માતાજીના કૃપાપાત્ર ગણાય છે તેમનાં પ્રવચનો સાંભળ્યાં હતાં. આ રીતે આ લખાણ લખી શકી. મને સંપૂર્ણ સંતોષ નથી થયો. છતાં જેવું જેટલું સમજાયું તેવું તેટલું રજૂ કર્યું છે. એટલું વિસ્તૃત છે કે સંપૂર્ણ ન્યાય આપવો તો શક્ય જ નથી. ત્રુટીઓ હશે જ તો ક્ષમા.

The second sacrifice is to be made to parents and ancestors. We owe so much to our parents. They have brought us up, fed and clothed us, remained awake many a nights to care for us in boyhood. It would be ungreateful on our part if we did not do anything in return for all the benefits we received from them. If they are alive and have grown old, let us take care of them and serve them in any way that is likely to do them good. After death let us keep their names fresh in our memory. In the human evolution they have played their part, let us reciprocate their work by its appreciation and by continuing what they have done so that there shall be no break in the upward evolution of the human race.

Religion and Philosophy of the Jaina's Cultural enviornment.

# ગુજરાતી ભાષાનો ઉદ્ભવ, વિકાસ અને તેની મહત્ત્વની લાક્ષણિકતાઓ+

◆

મોહનલાલ જે. ચાવડા*

**ઐતિહાસિક દૃષ્ટિએ ગુજરાતી ભાષા**

(૧) આદિમ આર્ય કિંવા પ્રાગ્-ભારત યુરોપીય (ઈ.સ.પૂર્વે ૪૦૦૦ વર્ષ)

↓

ભારત-યુરોપીય (ઈ.સ.પૂર્વે ૨૫૦૦ વર્ષ) ભારત હિત્તાઈત

↓ ↓

કતં સમૂહ શતં સમૂહ હિત્તાઈત તોખારિયન

(ઈ.સ.પૂર્વે ૨૦૦૦ વર્ષ) (ઈ.સ.પૂર્વે ૨૦૦૦ વર્ષ)

કતં સમૂહમાં : કેલ્તિક, જર્મનિક, ઈતાલિક, ગ્રીક

શતં સમૂહમાં : આલ્બેનિયન્, લેત્તો-સ્લાવિક, બાલ્તોસ્લાવિક, આર્મેનિયમ આર્ય (ભારત-પારસીક, ભારત - આર્ય અને દાર્દરિક)

**(૨) આદિમ ભારત આર્ય**

↓

વૈદિક સંસ્કૃત (ભારતી ભાષા) (ઈ.સ.પૂર્વે ૨૦૦૦)

↓

બ્રાહ્મણો-આરણ્યકો-ઉપનિષદોની ભાષા (ઈ.સ.પૂર્વે ૧૫૦૦) આદિમ પ્રાકૃત

↓ ↓

---

+ તા. ૧૮-૧-૨૦૦૭ ના રોજ ધોળકા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજમાં આપેલ યુ.જી.સી. વ્યાખ્યાન.

* અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, બી.ડી. આર્ટ્સ્ કૉલેજ, અમદાવાદ-૧.

મહાભારત-રામાયણ-સૂત્ર ગ્રંથોની ભાષા (ઈ.સ.પૂર્વે ૫૦૦) — દ્વૈતીયિક પ્રાકૃતો

↓ શિષ્ટ સંસ્કૃત — ↓ અપભ્રંશો

શિષ્ટ સંસ્કૃત ↓ : સાહિત્યિક સંસ્કૃત, ગાથા સંસ્કૃત

અપભ્રંશો ↓ તાર્તીયિક પ્રાકૃતો (અર્વાચીન નવ્ય ભારત આર્યભાષાઓ)

## (૩) દ્વૈતીયિક પ્રાકૃત ભૂમિકા (ઈ.સ.પૂર્વે ૫૦૦ થી ઈ.સ. ૧૫૦૦)

↓

- પાલી → શૌરસેની → મહારાષ્ટ્રી (શિષ્ટ) → અપભ્રંશ (શિષ્ટ)
- માગધી (અશોકની પૂર્વીય) → વ્યાકરણસ્થ માગધી
- અર્ધમાગધી → અર્ધમાગધી (સૂત્રોની) → જૈન મહારાષ્ટ્રી
- ધર્મલિપિ (અશોકની)

મહારાષ્ટ્રી (શિષ્ટ) ——→ જૈન મહારાષ્ટ્રી

અપભ્રંશ (શિષ્ટ) ——→ **ગૌર્જર અપભ્રંશ** ← જૈન મહારાષ્ટ્રી ↓, ધર્મલિપિ (અશોકની) ↓

આમ દ્વૈતીયિક પ્રાકૃતના પાંચ વિભાગ તારવવામાં આવ્યા છે જે નીચે મુજબ છે :

**• ૧. ઉદીચ્યા પ્રાકૃત (ઉત્તરના દેશોની)**

↓

- ઉત્તર પશ્ચિમી ↓
  - અશોકની ખરોષ્ઠી
  - ગંધારની → લહંદા → પંજાબી
  - અજ્ઞાત → વ્રાચડ અપભ્રંશ → સિંધી-કચ્છી
- હિમાલયની → ખસ → ખસ અપભ્રંશ → પહાડી (પશ્ચિમ-મધ્ય-નેપાળી)

**• ૨. પ્રતીચ્યા (પશ્ચિમના દેશોની) (ગુજરાતી માટે)**

- અશોકની ગિરનારની → ગૌર્જર અપભ્રંશ → રાજસ્થાની સમૂહ
- આવંત્યા
- નાગર અપભ્રંશ → રાજસ્થાની સમૂહ
  - રાજસ્થાની
  - ભીલી
  - ગુજરાતી
- લાટી
- સૌરાષ્ટ્રની

**• (૩) દાક્ષિણાત્યા**

દાક્ષિણાત્યા → મહારાષ્ટ્રી → મહારાષ્ટ્રીનો અપભ્રંશ → મરાઠી

**• (૪) મધ્યદેશીયા (મથુરા પ્રદેશ)**

- શૌરસેની પ્રાકૃત → મધ્યપ્રદેશીય અપભ્રંશ → પશ્ચિમી હિંદી
- અસલ પાલી → એળુ → સિંઘાલી

**• (૫) પ્રાચ્યા (પૂર્વ દેશની)**

- મૂળ અર્ધ માગધી → પૂર્વીય મહારાષ્ટ્રી → પૂર્વી હિંદી
- માગધી → માગધ અપભ્રંશ
  - બિહારી
  - ઉડિયા
  - બંગાળી
  - આસામી

### ગુર્જરોની ભાષા :

ગુજરાતી ભાષાનો પ્રથમ નામોલ્લેખ 'ગુર્જર ભાષા' એ રૂપે ભાલણના 'નળાખ્યાન'માં અને 'દશમ સ્કંધ'માં મળે છે. પણ 'ગુજરાત' પ્રદેશના ઉલ્લેખો ઘણા પ્રાચીનકાળથી મળ્યા છે. એ રીતે જોતાં 'ગુજરાતી ભાષા' એવો શબ્દપ્રયોગ તો છેક સત્તરમી સદીમાં પ્રેમાનંદના 'દશમ સ્કંધ'માં આપણને જોવા મળે છે. ભાષા એક સતત પરિવર્તનશીલ પદાર્થ છે. એમાં થતાં પરિવર્તનો અત્યંત ધીમાં અને લાંબા સમયપટ પર ફેલાયેલાં હોય છે. તેથી 'નવી ભાષા'ના ઉદ્‌ગમકાળ તરીકે સમયના કોઈ ચોક્કસ બિંદુ પર આંગળી મૂકવી અશક્ય છે.

'ગુજરાત' પ્રદેશના ઉલ્લેખો ઘણા પ્રાચીન કાળથી મળે છે. સાહિત્યકૃતિઓમાં સૌથી પ્રાચીન ઉલ્લેખ જોઈએ તો.

(૧) પાલ્હણકૃત 'आबूरास'માં (સં.૧૨૮૯) 'गूजरात धुर समुधरणु મળે છે.

(૨) આજ રાસમાં 'ગુર્જર દેશ'નો પ્રયોગ (गूजर देह) થયો છે.

(૩) પ્રભાચંદ્રસૂરિના प्रभावक चरित्र (સં.૧૩૩૪)માં

(૪) દેવપ્રભગણિના कुमारपालरास (૧૫મું શતક)માં

(૫) જયશેખરસૂરિના त्रिभुवन दीपक प्रबन्ध (૧૫મું શતક ઉત્તરાર્ધ)માં

(૬) પદ્મનાભના कान्हडदेप्रबंध (સં. ૧૫૧૨)માં

'ગુજરાત'ના ઉલ્લેખો વારંવાર મળે છે. આમ 'ગુર્જર' લોકોની ભૂમિ તે 'ગુજરાત' તો એમની ભાષા તે 'ગુજરાતી.' 'ગુજરાત' પ્રદેશનામ તરીકે પ્રચારમાં આવ્યું હશે. એ પછી થોડેક સમયે એમની ભાષાને 'ગુજરાતી ભાષા' એ નામકરણે ઓળખ મળી હશે તેમ માની શકાય.

અપભ્રંશોત્તર ભૂમિકાનાં કેટલાંક મહત્ત્વનાં લક્ષણો જેમાં સ્પષ્ટપણે વ્યક્ત થયાં હોય એવી સાહિત્ય રચનાઓ બારમી - તેરમી સદીમાં આપણને મળે છે. તે ઉપર જોઈ છે. તે ઉપરાંત પણ જોઈએ તો.

→ વજ્રસેનકૃત 'ભરતેશ્વર-બાહુબલિ-ઘોર' (ઈ.સ. ૧૧૬૯) આસપાસ

→ શાલિભદ્રકૃત 'ભરતેશ્વર-બાહુબલિ-રાસ' (ઈ.સ. ૧૧૮૫)

→ ધર્મકૃત 'જંબુ સામિચરિય (ઈ.સ. ૧૨૧૦)

→ વિજયસેનસૂરિકૃત 'રેવંતગિરિ રાસુ' (ઈ.સ. ૧૨૩૦)માં પણ અપભ્રંશોત્તર ભૂમિકાનાં લક્ષણો જોવા મળે છે. આ રીતે જોતાં અપભ્રંશમાંથી વિકાસ પામેલી આ પશ્ચિમ ભારતીય ભાષાને 'ગુજરાતી' એવું વિશિષ્ટ નામ 'ગુર્જરો' ઉપરથી મળ્યું છે. એમાં શંકા નથી. છેક ઈ.સ. ૧૦૧૪માં ભોજે પણ પોતાના 'સરસ્વતીકંઠાભરણ'માં 'ગુર્જરોના પોતાના અપભ્રંશ' નો ઉલ્લેખ કર્યો જ છે. આ રીતે જોતાં આજની ગુજરાતીની પૂર્વપરંપરાનો છેડો આપણને દશમી-બારમી સદીમાં દેખાય છે. એને ગુજરાતીનો ઉદ્ગમકાળ ગણી શકાય.

ડૉ. દેવદત્ત ભાંડારકરે અને એ.એમ.ટી. જેક્સને ગુર્જરોના હિંદમાં આગમન અને વસવાટ વિશે સંશોધન કરીને એ વિશે ઘણો પ્રકાશ પાડ્યો છે. એમનાં વિધાનો જોતાં એમ લાગે છે કે ગુર્જર નામની શક કુળની એક જાતિ હિંદુસ્તાનમાં ઈ.સ.ની પાંચમી છઠ્ઠી સદીમાં ઊતરી આવી અને દક્ષિણ - પંજાબમાં થઈને રાજપુતાનામાં સ્થિર થઈ. રાજપુતાનામાં ભિન્નમાલ એની રાજધાની હતી. યુ-એન-શ્વાંગે ભિન્નમાલમાં એક પ્રબળ ગુર્જર રાજ્ય હતું તેવું નોંધ્યું છે. આ ગુર્જરો પછી તો જુદે જુદે સમયે પંજાબ - રાજપૂતાના, મધ્યભારત અને ગુજરાતના ભાગોમાં વસતા રહ્યા છે — શાસન કરતા રહ્યા છે. અને એ રીતે જોતાં ગુર્જર દેશ - ગુજરાતની સીમાઓ આજથી ભિન્ન અને ઘણી વિસ્તૃત રહી છે. પછી તો એ પૂર્વમાં છેક કનોજ સુધી અને દક્ષિણમાં કાઠિયાવાડ સુધી ભિન્નમાલનું રાજ્ય વિસ્તરેલું જોવા મળે છે.

મહોદય વંશના મહિપાલ નામના ગુર્જર રાજાનો અમલ ઈ.સ. ની દસમી સદીના આરંભમાં કાઠિયાવાડ સુધીના સર્વ પ્રદેશ ઉપર હતો.

**અબુઝૈદ (ઈ.સ. ૯૧૬) - અલમસૂદી (ઈ.સ. ૯૪૩)**

આ બંને કનોજના વિશાળ ગુર્જર રાજયનો ઉલ્લેખ કરે છે.

**અલ્બેરૂની (ઈ.સ. ૯૭૦ - ૧૦૩૦)** પણ 'ગુજરાત'નો ઉલ્લેખ કરે છે. જેની રાજધાનીનું શહેર બઝીન અથવા નારાયણ (હાલના જયપુર શહેર પાસે) હતું.

**પ્રસિદ્ધ ઇટાલિયન પ્રવાસી માર્કો પોલો (ઈ.સ. ૧૨૫૪ - ૧૩૨૪) એ પણ 'ગુજરાત' નામનો પ્રયોગ કર્યો છે.**

આ બધા નિર્દેશોમાં ઉત્તરના રાજપૂતાના બાજુના રાજ્યને ગુર્જર રાજ્ય તરીકે ઓળખાવ્યું છે. જ્યારે તળ ગુજરાતનો લાટ નામથી નિર્દેશ કર્યો છે. કેટલાક વિદ્વાનોએ લાટના વતનીઓને ગુર્જર નામથી ઓળખાવ્યા છે. ગુર્જરોએ આરંભમાં છઠ્ઠી સદીમાં લાટ જીતી લીધેલું પરંતુ એ ટકાવી શક્યા નહિ. ગુર્જરોનો નવમી-દસમી સદીમાં રાષ્ટ્રકૂટોએ પ્રબળ સામનો કરેલો દસમી સદીના મધ્યભાગમાં ૧૮૦૦૦ જેટલા ગુર્જરોએ ભિન્નમાલ છોડ્યું અને હાલના ગુજરાત - માળવા વગેરે પ્રદેશોમાં જઈને વસ્યા. ત્યારબાદ કનોજ, ધારા અને પછી અણહિલવાડ પાટણ ગુર્જરોના શાસનનાં કેન્દ્ર બન્યાં. ઈ.સ. ૧૦૫૦ પછી ધારાનું પરમાર શાસન તૂટે છે અને ભીમદેવ સારસ્વત મંડલનો રાજા બની આજના ગુજરાતના ભાગોને એક ચક્ર નીચે લાવે છે ત્યારે એ ગુર્જર ભૂમિ તરીકે ઓળખાય છે. એટલે કે મૂળરાજદેવ સોલંકીના સમયથી હાલના ગુજરાતનો પ્રદેશ ગુજરાત એ નામથી ઓળખાતો થાય છે. ત્યારપછી બારમી સદીમાં જયસિંહ સિદ્ધરાજ અણહિલવાડને રાજધાની રાખી ગુજરાત રાજપૂતાના અને માળવાના પ્રદેશો પર રાજય કરે છે.

**ગુજરાત નામની વ્યુત્પત્તિ :**

'ગુર્જર રાષ્ટ્ર' (પ્રા. ગુજ્જર રત્થ) અને ગુર્જરત્રા (પ્રા. ગુજ્જરત્તા) એ વિકલ્પો મળે છે.

**બોમ્બે ગેઝેટિયરમાં પં. ભગવાનલાલે સૂચવેલા ગુર્જરરાષ્ટ્રમાંથી પ્રા. ગુજ્જર રત્થ દ્વારા 'ગુજરાથ' નીકળે.**

જેના વર્ણસ્વરૂપરૂપે 'ગુજરાત'થી જુદું પડી જાય છે.

આ ઉપરાંત ગુર્જરત્રા શબ્દ ગુર્જરત્રામંડલ, ગુર્જરત્રાભૂમિ, ગુજ્જરત્તા, વગેરે રૂપે આઠમીથી દસમી સદી સુધીના ઉત્કીર્ણ લેખોમાં મળે છે. તેમ ગુર્જરત્રામાંથી ગુજ્જરત્તા પ્રાકૃતરૂપ દ્વારા 'ગુજરાત'ની સરળતાથી વ્યુત્પત્તિ થઈ શકે છે. હકીકત જોતાં આઠમીથી અગિયારમી સદી સુધી પશ્ચિમ રજપૂતાના અને ઉત્તર ગુજરાતનો ઘણો ભાગ સંયુક્તપણે 'ગુજ્જરત્તા' કે 'ગુર્જરત્રા' તરીકે ઓળખાતો હતો.

આનાથી પણ જૂના ગ્રંથોમાં મળતો ગુજરાતનો નારી જાતિનો પ્રયોગ સમજાવી શકાય છે. તેથી એને 'ગુજરાત'ના મૂળ પૂર્વરૂપ તરીકે સ્વીકારતો યોગ્ય લાગે છે.

મૂળરાજદેવથી આશરે સિદ્ધરાજના સમય સુધી હેમચંદ્રાચાર્યે વર્ણવેલી અપભ્રંશ અને ત્યાર પછીનાં બસો ત્રણસો વર્ષ સુધી એમાંથી ઉદ્ભવેલી પ્રાચીન પશ્ચિમ રાજસ્થાની કે જૂની ગુજરાતી ભાષા આ સમયની જૂની ગુજરાતી અને જૂની મારવાડીમાં એટલી બધી સમાનતા છે કે ડૉ. તેસ્સિતોરીએ એ બંનેને અભિન્ન માનીને બંનેને અંતર્ગત કરે તેવું 'પ્રાચીન પશ્ચિમ રાજસ્થાની' એવું વ્યાપક નામ બંને સ્વરૂપો માટે યોજ્યું છે.

**ગુજરાતી ભાપાનો ઉદ્ગમ અને વિકાસ :**

ઈ.સ.ના ૧૧મા શતક સુધી અપભ્રંશભાષા પ્રચલિત હતી. ત્યાર પછીના બે એક શતક સુધી અપભ્રંશ અને જૂની ગુજરાતી વચ્ચેનું અન્તરાલરૂપ જેને કેટલાક વિદ્વાનો અંતિમ અપભ્રંશ કહે છે. તે પ્રચારમાં હતું. ચૌદમા શતકથી કે કદાચ તેરમા શતકના અંતભાગથી જૂની ગુજરાતી કે પ્રાચીન પશ્ચિમ રાજસ્થાનીનો ઉદ્ભવ થયો. અને પછીના એકાદ સૈકામાં બંને ભાષાનાં (ગુજરાતી - મારવાડી) પોત પોતાનાં વિશિષ્ટ લક્ષણો

વિકસાવવાનો આરંભ થયો. સત્તરમી સદીના મધ્યથી અર્થાત્ પ્રેમાનંદના સમયથી ભાષા અર્વાચીન સ્વરૂપ તરફ ઢળતી જાય છે. અને નર્મદના સમયમાં અંગ્રેજી ભાષાના સંપર્ક અને અસરથી એ સંપૂર્ણપણે અર્વાચીન સ્વરૂપને પામે છે.

આ રીતે જોતાં ગુજરાતી ભાષાના વિકાસના ત્રણ સ્પષ્ટ તબક્કા પડે છે.

(૧) આચાર્ય હેમચંદ્રના સમયથી તે પદ્મનાભ - ભાલણ સુધીનો અર્થાત્ ઈ.સ. ના ૧૪-૧૫ શતક સુધીનો એ પ્રાચીન ગુજરાતીનો યુગ.

(૨) ભાલણ પછીથી દયારામ સુધીનો અર્થાત્ લગભગ ૧૬મા સૈકાથી ૧૯ મા સૈકાના આરંભકાળ સુધીનો તે મધ્ય ગુજરાતીનો યુગ

(૩) નર્મદથી વર્તમાન સમય સુધીનો અર્વાચીન ગુજરાતીનો યુગ

ગુજરાતી ભાષાની ઉત્પત્તિ હેમચંદ્રાચાર્યે આપેલા અપભ્રંશમાંથી ક્રમશઃ વિકાસ પામીને થઈ છે. ગુજરાતમાં ગુજરાતી ભાષાનું અસ્તિત્વ ક્યારથી એ પ્રશ્ન સહેજે આપણને થાય. તેનો ઉત્તર છેક મધ્યમ ભારતીય આર્યભાષાની અંતિમ તબક્કાની અપભ્રંશમાંથી ગુજરાતી ઉદ્‌ભવી છે. આ અપભ્રંશનું નામ ગૌર્જર અપભ્રંશ હતું. કેટલાક વિદ્વાનો એને શૌરસેની અપભ્રંશ એવું નામ આપે છે. શ્રી કે.કા. શાસ્ત્રી એમ પણ માને છે કે હેમચંદ્રાચાર્ય જે અપભ્રંશની ચર્ચા કરે છે તે અપભ્રંશ ગૌર્જર અપભ્રંશ જ છે. ક્રમશઃ આ અપભ્રંશનું સ્વરૂપ વિકસતાં ચૌદમી સદીમાં જુદા રૂપે ઓળખી શકાય એવી ગુજરાતી બની. ઈ.સ. ની દશમી સદી સુધી અપભ્રંશ ભાષા આખાય ભારતમાં એક સાહિત્યિક ભાષા તરીકે પ્રતિષ્ઠા પામી ચૂકી હતી. ગુજરાતી ભાષાના વિકાસક્રમનો આલેખ આ પ્રમાણે મૂકી શકાય.

વૈદિક સંસ્કૃત ભાષા (ભારતીય આર્ય ભાષા)

↓

સાહિત્યિક સંસ્કૃત ભાષા (પ્રશિષ્ટ)

↓

પ્રાકૃત ભાષાઓ (પ્રદેશવાર)

↓

અપભ્રંશ ભાષાઓ (પ્રદેશવાર)

↓

ગૌર્જર - ગુર્જર અપભ્રંશ

↓

જૂની ગુજરાતી (પ્રાચીન સ્વરૂપ)

↓

મધ્યકાલીન ગુજરાતી

↓

અર્વાચીન ગુજરાતી

**ગુજરાતી ભાષાના વિકાસ યુગો ૮ - (ગુજરાતી ભાષાનો વિકાસક્રમ)**

શ્રી નરસિંહરાવ દિવેટીયાએ ગુજરાતી ભાષાના નીચે મુજબ વિકાસ યુગો બતાવ્યા છે :

(૧) અપભ્રંશ - વિક્રમ સંવત ૧૧મી સદી સુધી (વ્યાપક)

(૨) મધ્યઅપભ્રંશ - વિક્રમ સંવત ૧૩ મી સદી સુધી

(૩) અંતિમ અપભ્રંશ - પ્રાચીન પશ્ચિમી રાજસ્થાની - વિ.સં. ૧૩ મી સદીથી ૧૫૫૦ સુધીનો સમયગાળો

(૪) જૂની ગુજરાતી - વિ. સં. ૧૫૫૧ થી ૧૬૫૦ સુધી

(૫) મધ્યકાલીન ગુજરાતી - સં. ૧૬૫૧ થી ૧૭૫૦ સુધી

(૬) અ. ગુજરાતી - વિ. સં. ૧૭૫૧ પછીનો આજ સુધીનો સમયગાળો

**કેશવલાલ ધ્રુવના મત મુજબ**

(૧) અપભ્રંશ યુગ : ઈ.સ. ની દશમી અગિયારમી સદીથી ચૌદમી સદી સુધી. આ યુગની ભાષાને 'અપભ્રંશ' કે 'જૂની ગુજરાતી' એવું નામ આપી શકાય.

(૨) જૂની ગુજરાતીનો યુગ અથવા મ.ગુ.નો યુગ : ઈ.સ.ના ૧૫મા શતકથી ૧૭મા શતક સુધી.

(૩) અર્વાચીન ગુજરાતી ભાષા : ૧૭મા શતક પછીના યુગને અર્વાચીન યુગ અ. ગુજરાતીનો યુગ પણ કહે છે.

**શ્રી કે. કા. શાસ્ત્રીના મતે ત્રણ ભૂમિકાઓ :**

(૧) ગૌર્જર અપભ્રંશ કે પ્રાચીન ગુજરાતી

- પ્રથમ ભૂમિકા - ઈ.સ. છઠ્ઠી સદીથી ૧૧ મી સદી સુધી
- દ્વિતીય ભૂમિકા - ઈ.સ. ૧૪મી સદી સુધીનો ગાળો

(૨) ગુર્જર ભાષા કે મધ્યકાલીન ગુજરાતી

ઈ.સ. ૧૪ મી સદીના ઉત્તરાર્ધથી ૧૭મી સદીના પૂર્વાર્ધ સુધીના ગાળાની. આ ગાળાની પણ ૭૫ - ૭૫ વર્ષની ચાર ભૂમિકાઓ છે.

- પ્રથમ ભૂમિકા - શુદ્ધ - ૭૫ વર્ષ
- દ્વિતીય ભૂમિકા - મિશ્ર - ૭૫ વર્ષ
- તૃતીય ભૂમિકા - શુદ્ધ - ૭૫ વર્ષ
- ચતુર્થ ભૂમિકા - મિશ્ર - ૭૫ વર્ષ

(૩) અર્વાચીન ગુજરાતીનો યુગ

ઈ.સ. ૧૭ મી સદીના ઉત્તરાર્ધથી માંડી આજ પર્યંત

- પ્રથમ ભૂમિકા - ઈ.સ. ની ૧૮ મી થી ૧૯ મી સદીની પહેલી પચીસી સુધી
- દ્વિતીય ભૂમિકા - ઈ.સ. ની ૧૯ મી સદીની પહેલી પચીસીથી અત્યાર સુધીનો સમયગાળો

આ રીતે ગુજરાતી ભાષા વિકાસના વિદ્વાનોએ ભિન્ન ભિન્ન યુગો આપી યુગ વિકાસ બતાવ્યા છે.

**પ્રાચીન ગુજરાતી સાહિત્યની કૃતિઓ :**

પ્રાચીન ગુજરાતી ભાષામાં વિપુલ પ્રમાણમાં સાહિત્ય રચાયું છે. જે ક્રમવાર જોઈએ તો.

- ૧૩મું શતક :

| | | |
|---|---|---|
| ઈ.સ. ૧૧૮૫ | 'ભરતેશ્વરબાહુબલિરાસ' | શાલિભદ્રસૂરિ |
| ઈ.સ. ૧૧૮૫ | 'બુદ્ધિરાસ' | શાલિભદ્રસૂરિ |
| ઈ.સ. ૧૨૧૦ | 'જમ્બૂસ્વામીચરિય' | મહેન્દ્રસૂરિ |
| ઈ.સ. ૧૨૩૧ | 'રેવંતગિરિરાસુ' | વિજયસેનસૂરિ |
| ઈ.સ. ૧૩૦૦ | 'નેમિનાથ ચતુષ્પદિકા' | વિનયચંદ્રસૂરિ |
| ઈ.સ. ૧૨૭૪ | 'આરાધના' | ગદ્યલખાણો |
| ઈ.સ. ૧૨૮૪ | 'અતિચાર' | ગદ્યલખાણો |
| ઈ.સ. ૧૩૦૨ | 'સર્વતીર્થ નમસ્કાર સ્તવન' | ગદ્યલખાણો |

- ૧૪મું શતક :

| | | |
|---|---|---|
| ઈ.સ. ૧૩૦૭ | 'કચ્છૂલીરાસ' | જિનધર |
| ઈ.સ. ૧૩૧૫ | 'સમરારાસુ' | અંબુદેવસૂરિ |
| ઈ.સ. ૧૩૨૪ | 'સિરિથૂલિભદ્રફાગુ' | જિનપદ્મસૂરિ |
| ઈ.સ. ૧૩૨૪ | 'નેમિનાથ ફાગુ' | રાજશેખરસૂરિ |
| ઈ.સ. ૧૩૦૦ | 'વસંતવિલાસફાગુ' | અજ્ઞાત કવિ |
| ઈ.સ. ૧૩૫૪ | 'પંચપાંડવચરિતરાસ' | શાલિભદ્રસૂરિ |
| ઈ.સ. ૧૩૫૫ | 'સમ્યક્ત્વ કથાનકો' | તરુણપ્રભુસૂરિ |
| ઈ.સ. ૧૩૫૬ | 'ગૌતમસ્વામી રાસ' | વિજયપ્રભ |
| ઈ.સ. ૧૩૬૧ | 'હંસાઉલી' | જૈનેતર કવિ અસાઈત |
| ઈ.સ. ૧૪૦૦ | 'નેમિનાથ નવરસ ફાગ' 'બાલાવબોધ' | સોમસુંદરસૂરિ |
| ઈ.સ. ૧૩૯૪ | 'મુગ્ધાવબોધ ઔક્તિક' | કુલમંડલસૂરિ |
| ઈ.સ. ૧૩૯૮ | 'રણમલ્લ છંદ' | શ્રીધર વ્યાસ |

- ૧૫મું શતક :

| | | |
|---|---|---|
| ઈ.સ. ૧૪૦૬ | 'પ્રબોધ ચિન્તામણિ', 'ત્રિભુવનદીપકપ્રબંધ' અને 'નેમિનાથ ફાગુ' | જયશેખર |
| ઈ.સ. ૧૪૦૬ | 'વિરાટ પર્વ' | શાલિસૂરિ |
| ઈ.સ. ૧૪૦૬ | 'ચિહુંગતિ ચઉપઈ' | વસ્તિગ |
| ઈ.સ. ૧૪૩૨ | 'સદયવત્સ ચરિત્ર' | ભીમ |
| ઈ.સ. ૧૪૧૪ થી ૧૪૮૦ | ભક્તરાજ નરસિંહની કાવ્ય રચનાઓ | |
| ઈ.સ. ૧૪૨૨ | 'પૃથ્વીચંદ્ર ચરિત્ર' | માણિક્યચંદ્રસૂરિ |
| ઈ.સ. ૧૪૨૯ | 'વિદ્યાવિલાસ પવાડઉ' | હીરાણંદસૂરિ |
| ઈ.સ. ૧૪૫૯ થી ૧૫૧૪ | 'કાદંબરી', 'નળાખ્યાન' 'દશમ સ્કંધ' | ભાલણ |
| ઈ.સ. ૧૪૫૬ | 'કાન્હડદેપ્રબંધ' | પદ્મનાભ |

| | | |
|---|---|---|
| ઈ.સ. ૧૪૭૦ | 'સીતાહરણ' | કર્મણમંત્રી |
| ઈ.સ. ૧૪૭૦ | મહારાણી મીરાંની સુવિખ્યાત કાવ્યરચનાઓ | |
| ઈ.સ. ૧૪૬૪ | 'ઉષાહરણ' | વીરસિંહ |
| ઈ.સ. ૧૪૮૦ | 'પ્રબોધબત્રીસી' | માંડણ બંધારો |
| ઈ.સ. ૧૪૮૫ | 'હરિલીલાષોડશકલા' | |
| | અને 'પ્રબોધપ્રકાશ' | ભીમ |
| ઈ.સ. ૧૪૯૦ | 'શ્રીકૃષ્ણલીલા કાવ્ય' | કાયસ્થ કવિ કેશવદાસ |

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આ શતક અનોખા તેજથી પ્રકાશે છે.

- ૧૬મું શતક :

સોળમા શતક પછી જૂની ગુજરાતીનો યુગ પૂરો થઈને મધ્ય ગુજરાતીનો આરંભ થાય છે. આ શતક પૂર્વોત્તર શતકોની સરખામણીમાં ઓછું દીપ્તિમાન છે. આ યુગના બ્રાહ્મણ (જૈનેતર) કવિઓમાં, પુરાણો ગુજરાતીમાં ઉતારનાર અને અન્ય કવિઓ અગ્રસ્થાને છે.

| | | |
|---|---|---|
| ઈ.સ. ૧૫૧૬ થી ૬૮ | 'નળાખ્યાન' | |
| | 'અભિમન્યુ આખ્યાન' | નાકર |
| ઈ.સ. ૧૫૦૦ થી ૧૫૨૦ | 'રામાયણ' | ઉદ્ધવ |
| ઈ.સ. ૧૫૫૦ | 'હંસાવતી વિક્રમચરિત્ર' | મધુસૂદન વ્યાસ |
| ઈ.સ. ૧૫૦૪ | 'નંદબત્રીસી' | નરપતિ |
| ઈ.સ. ૧૫૬૮ | 'મોસાળું' - 'હૂંડી' | વિષ્ણુદાસ |
| ઈ.સ. ૧૬૧૧ | 'મોસાળું' - 'હૂંડી' | વિશ્વનાથ જાની |

ત્યારબાદ પ્રેમાનંદના સમયથી ગુજરાતી ભાષા એના અર્વાચીન સ્વરૂપમાં પ્રવેશ કરે છે.

**ગુજરાતી ભાષાનાં મહત્ત્વનાં અપભ્રંશથી જુદાં પડતાં લક્ષણો**

પ્રથમ ભૂમિકા : (ગુજરાતીનો વિકાસ)

પ્રથમ ભૂમિકા ઈ.સ.ના ચૌદમા સૈકા સુધી ચાલે છે. જેને પ્રાચીન 'પશ્ચિમી રાજસ્થાની', 'અંતિમ અપભ્રંશ', 'ગૌર્જર અપભ્રંશ 'અપભ્રંશ','પ્રાચીન ગુજરાતી', 'ગુર્જર ભાષા', કે 'જૂની ગુજરાતી' કે 'મારુ ગુર્જર' તરીકે વિદ્વાનોએ ઓળખાવી છે.

**અપભ્રંશથી જુદી પાડતાં લક્ષણો : (જૂની ગુજરાતી)**

**૧. ધ્વનિ વિકાસની દષ્ટિએ.**

- અપભ્રંશના સંયુક્ત વ્યંજનો એકવડા બને છે અને એની પહેલાંનો સ્વર દીર્ઘ બને છે. જેમ કે कर्म-कम्म-કામ
- સંયુક્ત વ્યંજનોમાં પૂર્વ વ્યંજન જ્યારે અનુનાસિક હોય ત્યારે એ લુપ્ત થાય છે અને દીર્ઘ થયેલો પૂર્વસ્વર સાનુનાસિક બને છે. પઞ્ચ - પંચ-પાંચ
- અંત્ય 'ઉં'કાર અપભ્રંશના પુલ્લિંગ પ્રથમા દ્વિતીયાના એ.વ.નો 'અ' થાય છે. જેમ કે कुम्भकारः-कुम्भआरु-કુંભાર
- અમુકમાં 'હ' કાર અને'વ' કારનો લોપ થાય છે; જેમ કે બારહ-બાર, લેહસાલ-લેસાલ
- અમુક સંજોગોમાં અ-ઉ નો લોપ ચાલુ રહે છે. आक्षेति-अच्छइ-छइ

૨. રૂપ વિકાસની દૃષ્ટિએ :-

- અપભ્રંશ સુધીમાં સંસ્કૃતનું વિભક્તિતંત્ર છિન્ન ભિન્ન થયેલું અને સંસ્કૃતના પ્રત્યયો ઘસાઈ જતાં અનુગોનો પ્રચાર વધેલો તે આ ભૂમિકામાં ચાલુ રહે છે. જેના કારણે 'શિઉં', 'નઈ', 'થિકઉ' જેવા અનુગો મળે છે.
- ગુજરાતી ભાષાનું બંધારણ વધુ વ્યસ્ત કે અશ્લિષ્ટ બને છે.

૩. શબ્દભંડોળની દૃષ્ટિએ :

- ખુલ્લા અક્ષરો એટલે કે બે સ્વર વચ્ચે રહેલા વ્યંજનો બોલવાની રીતના કારણે સંસ્કૃત શબ્દો વધુ વપરાતા થાય છે. સંસ્કૃત તત્સમ શબ્દોનો વપરાશ વધે છે.
- અપભ્રંશમાં અજ્ઞાત દેશ્ય શબ્દોનું ભારણ વધેલું તે પ્રક્રિયા અહીં ચાલુ રહે છે.
- રવાનુકારી અને દ્વિરુક્ત શબ્દોનો વધારો થાય છે.

**બીજી ભૂમિકા :**

૧૨૯૭ માં ગુજરાત પર અલાઉદ્દીન ખિલજીનું આક્રમણ થયું. પરિણામે ગુજરાતમાં મુસ્લિમ સત્તાનાં મંડાણ થયાં. ગુજરાતના રાજસ્થાન સાથેના સંબંધો શિથિલ બને છે. ૧૪૦૭માં ગુજરાતની સલ્તનત સ્વતંત્ર બને છે. તેથી દિલ્હી સાથેનો સંબંધ કપાય છે. ૧૪૧૧ માં ગુજરાતની રાજધાની પાટણથી અમદાવાદ આવે છે. તેથી ગુજરાતને રાજસ્થાનથી છેટું પડે છે. અને તેના કારણે ગુજરાત રાજસ્થાનની ભાષાઓ અલગ પડે છે. સૌ પ્રથમ જયપુરી, ત્યારબાદ ગુજરાતી, મારવાડી અને માળવી જુદી પડે છે. સોળમી સદીથી (નરસિંહ ભાલણના) ગુજરાતી લગભગ આજની ગુજરાતની ભાષા તરીકે વિકસવા લાગે છે. આ ગુજરાતીની બીજી ભૂમિકા કે મધ્યકાલીન ગુજરાતી ઈ.સ. ૧૬૫૦ સુધી એટલે કે અખાના કવનકાળ સુધી ચાલુ રહે છે, એટલે ગુજરાતીની બીજી ભૂમિકાનો સમય ઈ.સ.ની પંદરમી સદીથી સત્તરમી સદીના પૂર્વાર્ધ સુધીમાં મૂકી શકાય.

**પહેલી ભૂમિકાથી (અને રાજસ્થાનીથી) જુદી પાડનારાં ભાષા લક્ષણો :-**

૧. ધ્વનિ વિકાસની દૃષ્ટિએ

- અપભ્રંશના 'અઈ' અને 'અઉ' એ સ્વરયુગ્મોને સ્થાને અમુક સ્થિતિએ વિપૃત્ત 'ઍ', અને 'ઑ' આવે છે; જેમ કે पइसइ-'पॅसे', चउक-'ચૉક'
- બીજા અક્ષરમાં 'આ' હોય તો પહેલા અક્ષરના 'આનો' 'અ' થાય છે; જેમ કે 'આષાઢ'-'અસાડ', 'આવાસ'-'અવાસ', 'આણાવઈ'-'અણાવે'
- અનન્ત્ય 'ઈ' અને 'ઉ' નો 'અ' થાય છે लिखइ-લખે, छुरउ-છરો
- સ્વીકૃત શબ્દોમાં 'અ' વડે સંયુક્ત વ્યંજનો વિશ્લિષ્ટ બને છે. धर्म-ધરમ, सूत्र-સુતર, तर्फ-તરફ
- મધ્યવર્તી 'લ'નો 'ળ' થાય છે. मिलइ- મળે.
- 'ઈ'-'ઉ' માં હ્રસ્વત્વ દીર્ઘત્વભેદનો લોપ આ સમયે જ જોવા મળે છે.

૨. રૂપ વિકાસની દૃષ્ટિએ

- કર્મણિનું 'આ' પ્રત્યયવાળું નવું રૂપ પ્રચારમાં આવે છે. कराइ- કરાય.
- વર્તમાનકાળ પ.પુ. બહુવચનનું 'ઈએ' વાળું રૂપ 'કરીએ' જેવું આખ્યાયિક રૂપ સિદ્ધ થાય છે.
- इसउं रहइं-જેવા પ્રયોગો રાજસ્થાનમાં સીમિત રહે છે. ગુજરાતીમાં 'નઈ' અનુગ પ્રચલિત બને છે.

૩. શબ્દભંડોળની દૃષ્ટિએ :

- પુરાણો સાથે પ્રસ્થાપિત થયેલા ગાઢ સંપર્કને કારણે સંસ્કૃત - તત્સમ શબ્દો અને સમાસ રચનાઓ

પ્રચુર માત્રામાં નજરે પડે છે.

- મુસ્લિમો સાથેના સંપર્કને કારણે અનેક અરબી ફારસી શબ્દો પણ ભાષામાં ઉમેરાય છે.

**ત્રીજી ભૂમિકા**

બીજી ભૂમિકામાં ભાષામાં જે લક્ષણો વિકસ્યાં છે તે સત્તરમી સદીના પૂર્વાર્ધ સુધીમાં ભાષાનાં સ્થિર અંગરૂપ બની જાય છે. અને સત્તરમી સદીના ઉત્તરાર્ધથી એટલે કે વિશ્વનાથ જાની અને પ્રેમાનંદના સમયથી ધ્વનિતંત્ર અને રૂપતંત્રની દૃષ્ટિએ તો લગભગ આજની ગુજરાતી ભાષાનું સ્વરૂપ નજરે પડે છે. પછીના સમયમાં અંગ્રેજી ભાષાના સંપર્કને કારણે ગુજરાતી ભાષાના શબ્દભંડોળમાં ઘણો વિકાસ થયો છે. નવા નવા રૂઢિપ્રયોગો અને નવી વાક્ય રચનાઓ પણ ગુજરાતીમાં પ્રવેશ્યાં છે. નર્મદ, ગોવર્ધન રામ, ન્હાનાલાલ, બ.ક.ઠાકોર, ગાંધીજી, મુનશીના હાથે ગુજરાતી ભાષા વિકસી છે. આમ છતાં ઉચ્ચારણ, વ્યાકરણ જેવા ઘટકોમાં કોઈ પાયાનું મોટું પરિવર્તન થયું નથી તેથી પ્રેમાનંદકાળથી આજ સુધીની ભાષાની એક જ ભૂમિકા ગણાવી શકાય. જેને સત્તરમી સદીના ઉત્તરાર્ધથી આજ સુધીની અર્વાચીન ગુજરાતીની ભૂમિકામાં મૂકી શકાય.

**ત્રીજી ભૂમિકાનાં વિશિષ્ટ ભાષા લક્ષણો.**

**૧. ધ્વનિવિકાસની દૃષ્ટિએ :**

- આ ભૂમિકાનું સૌથી ધ્યાન ખેંચતું લક્ષણ તે અંત્ય તથા અમુક પરિસ્થિતિઓમાં મધ્યવર્તી 'અ'નો લોપ છે.
  જેમકે; 'રમત'નું 'રમત્' 'બોલતો'નું 'બોલ્તો', 'અમદાવાદ'નું 'અમ્દાવાદ', 'અંગરખું'નું 'અંગર્ખું' 'કરવત'નું 'કર્વત્' વગેરે.
- 'હ' 'હિ' કે 'હુ' નો 'હે' કે 'હો' થાય છે.
  જેમકે. 'રહંટ'-'રહેંટ', 'બહિરઉ'નું 'બહેરુ', 'શહર'નું 'શહેર'.

**૨. રૂપવિકાસની દૃષ્ટિએ :-**

- બહુવચનનો 'ઓ' પ્રત્યય પ્રચારમાં આવે છે.
- વિધ્યર્થમાં 'આવ' વાળી કર્મણિ રચના થવા લાગે છે.
  જેમ કે 'લખવામાં આવ્યું'.

**૩. શબ્દભંડોળની દૃષ્ટિએ :-**

- ઓગણીસમી સદીથી અંગ્રેજી શબ્દો વપરાતા થયા અને એનું ભારણ વધતું ચાલે છે.
- અંગ્રેજીના સીધા અનુવાદરૂપ 'પગલાં લેવાં' જેવા રૂઢિપ્રયાગો પણ ગુજરાતી ભાષામાં દાખલ થાય છે.

આમ આ રીતે ગુજરાતી ભાષાનો ઉદ્‌ભવ અને વિકાસ થયો છે તેમજ તેના ઉદ્‌ભવ-વિકાસની ત્રણ ભૂમિકાઓ પણ આપણે ધ્વનિ, રૂપ અને શબ્દભંડોળની દૃષ્ટિએ તપાસી છે. જે ગુજરાતી ભાષાનો વિકાસક્રમ જણાવે છે.

**સંદર્ભ ગ્રંથો**


૧. શાસ્ત્રી કે.કા., 'ગુજરાતી ભાષાનો વિકાસ અને અર્વાચીન ગુજરાતી ભાષાનું સ્વરૂપ', ભારત પ્રકાશન - ૧૯૬૫

૨. વ્યાસ કે.બી., ગુજરાતી ભાષા ઉદ્‌ગમ, વિકાસ અને સ્વરૂપ,' યુનિ. ગ્રંથનિર્માણ બૉર્ડ, ૧૯૮૫

૩. 'ગુજરાતી ભાષા વિજ્ઞાન' નાયક અને ઠક્કર ગજાનંદ પુસ્તકાલય, સુરત, ૧૯૯૩

# રાષ્ટ્રીય આંદોલનમાં ગુજરાતની કલમ ક્રાંતિકારી મહિલાઓ

◆

**સૈયદ રફિકા સુલતાના* / સૈયદ અફરોઝ સુલતાના+**

"સ્ત્રીઓમાં એવી અદ્‌ભુત શક્તિ છે કે, જો તેઓ કામ કરવા ધારે અને તેને ખંતપૂર્વક કરે છે તો એક પહાડને પણ હલાવી શકવાની તાકાત ધરાવે છે." - ગાંધીજી. ('બિહાર પછી દિલ્હી' - મનુ ગાંધી - પૃ.૨૩૭)

૧૮૫૭થી અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થવાના પ્રયત્નો આરંભાઈ ચૂક્યા હતા. આથી ૧૮૫૭થી ૧૯૪૭ સુધીના નેવું વર્ષના ગાળામાં રાષ્ટ્રની આઝાદી મેળવવા વિવિધ આંદોલનો, ચળવળો, યુદ્ધો વગેરે થયાં. તેમાંના કેટલાક પ્રયત્નો સફળ થયા. તો કેટલાક નિષ્ફળ ગયા. નિષ્ફળ થવાના કારણોમાં એકતા અને સંગઠનનો અભાવ હતો. ખરી રાષ્ટ્રીય ચળવળ મહાત્મા ગાંધીએ ચલાવી. ગાંધીજીના માર્ગદર્શન હેઠળ દક્ષિણ આફ્રિકામાં પણ ગાંધીજીએ આંદોલનો કર્યા અને આ આંદોલનોમાં તેમણે સ્ત્રીઓને તક આપી. ભારતમાં ૧૯૨૦ થી ૧૯૪૭ પર્યંત દેશવ્યાપી અહિંસક આંદોલનો થયાં. ભારત દેશને સ્વતંત્ર બનાવવામાં ગાંધીજીએ અનેક કાર્યક્રમો, પ્રવૃત્તિઓ આપી જેવી કે રચનાત્મક પ્રવૃત્તિ, સત્યાગ્રહો, શિક્ષણ, લેખન, ખાદી, અસહકાર વગેરે. તેમની દરેક પ્રવૃત્તિમાં તેમણે મહિલાઓને જવાબદારી, નેતૃત્વ અને ભાગીદારી સોંપી. ગાંધીજીના આ વિશ્વાસથી મહિલઓએ આ જવાબદારીને પડકારી અને સફળ બનાવવા માટે પોતાની સર્વશક્તિનો યથોચિત ઉપયોગ કર્યો અને એ રીતે પોતાની દેશ અને સમાજ પ્રત્યેની જવાબદારીઓને સફળતાપૂર્વક નિભાવી.

રાષ્ટ્રીય આંદોલનમાં ગુજરાતની બહેનોએ પણ પોતાની જુદી-જુદી શક્તિઓનો પરિચય આપ્યો છે. અને આ શક્તિ દ્વારા રાષ્ટ્રીય આંદોલનને સફળ બનાવ્યું છે. આ આંદોલનમાં વિવિધ સ્તરની મહિલાઓએ ભાગ લીધો હતો. જેમાં ગરીબ, તવંગર, શિક્ષિત, અલ્પશિક્ષિત, નિર્ધન, લેખિકાઓ પણ હતી. અલ્પશિક્ષિત અને નિર્ધન બહેનોએ પોતાને જરૂરી હોય એટલું શિક્ષણ લઈ એક યા બીજી રીતે આંદોલનમાં પોતાનો યથાશક્તિ ફાળો નોંધાવ્યો છે. ગાંધીજીના આહ્વાનથી તેઓએ વિવિધ ક્ષેત્રોમાં કાર્યાન્વિત રહીને દરેક ક્ષેત્રને સુવ્યવસ્થિત રીતે ચલાવી પોતાની આવડત, શક્તિઓ અને આત્મવિશ્વાસની પ્રતીતિ કરાવી. મહિલાઓએ પોતાની શક્તિ અને પ્રતિભાથી પ્રત્યેક આંદોલનને સ્મરણીય બનાવ્યું છે. ક્રાંતિકારી વીરાંગના આંદોલનકારે સૈનિકની માફક ભારતના દરેક સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રોમાં ઝંપલાવી દેશ માટે કામ કર્યું છે. શિક્ષિકા, ડૉક્ટર, સમાજસેવિકા વગેરેએ સ્વદેશની અલખ જગાડવામાં ખાદીના, સ્વદેશી માલના ગાંસડા, પોટલા

---

* મ્યુઝિયમ ક્યૂરેટર, મ.દે. સમાજસેવા વિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

+ મ્યુઝિયમ, સરદાર પટેલ યુનિવર્સિટી મ્યુઝિયમ, વલ્લભ વિદ્યાનગર

ઊંચક્યા, ગરીબો અને મજૂરોની સેવા કરી. ભાંગફોડ પ્રવૃત્તિમાં પણ સામેલ રહી. એ વીરાંગનાઓએ કલમથી બૉબ સુધી દરેક ક્ષેત્રે ઝંપલાવ્યું. ગાંધીજીએ મહિલાઓમાં મૂકેલા વિશ્વાસના સંવર્ધન અર્થે ક્રાંતિકારી મહિલાઓએ અથાક પ્રયાસો કર્યા અને એમાં એ વિજેતા બની.

રાષ્ટ્રીય આંદોલનમાં મહિલાએ પોતાની કલમ ક્રાંતિ સર્જી અને પોતાની ધારદાર કલમ વડે અંગ્રેજી શાસનના પાયા હચમચાવી દીધા. પરિણામે એને જેલવાસ, દેશવટો, મારપીટ વગેરે ઘણું સહન કર્યું છે. છતાં તેમની કલમ અંગ્રેજો આગળ ઝૂકી નહીં. ગાંધીજીએ જ્યાં અને જે ક્ષેત્રે મહિલાઓને જે જવાબદારી સોંપી હતી તે દરેક ક્ષેત્રોને તેમણે ઉજ્જવળ બનાવ્યાં. અને એ રીતે રાષ્ટ્રીય આંદોલનમાં જુસ્સો ઊભો કર્યો છે. પોતાની કલમ દ્વારા સમાજના દરેક ક્ષેત્રમાં તેમની કલમે દૃષ્ટિપાત કર્યો છે. અને એ દ્વારા જોરદાર લખાણો લખી સમગ્ર રાષ્ટ્રના વિવિધ આંદોલનોને જીવંત બનાવ્યા છે અને લોકોને સ્વતંત્રતા પ્રત્યે અભિમુખ કર્યા. તેમની ફના થવાની શક્તિને ઢંઢોળી છે. ગુજરાતની વિવિધ મહિલાઓએ પોતાની કલમ દ્વારા પોતાની કાર્યશક્તિ, વિચારશક્તિ, શૌર્યશક્તિને પુરવાર કરી બતાવી છે. ગુજરાતની પત્રકાર મહિલાઓએ તેમના લખાણોથી સમગ્ર આંદોલનમાં શૌર્યની ચિનગારી ભડકાવી અને અંગ્રેજોના દમનને કલમ દ્વારા કચડી નાંખ્યું છે.

ગુજરાતનાં પ્રથમ ક્રાંતિકારી પત્રકાર મહિલા હતાં શ્રીમતી પૂતળીબાઈ કાબરાજી. આ પારસી મહિલાએ સમગ્ર આંદોલનમાં ચિનગારીનું કામ કર્યું છે. શ્રીમંત અને શિક્ષિત કુટુંબના પિતા ધનજીભાઈ ફોરમજી વાડિયા અને માતા જરબાઈ જેઓ પોતે પણ પત્રકારત્વમાં સક્રિય હતા. પૂતળીબાઈએ મેટ્રિક સુધી અભ્યાસ કર્યો હતો. ૧૮૮૦માં ઍમ્બર્સ 'શોર્ટ સ્ટોરી'નો અનુવાદ કરી સાહિત્યજગતમાં પ્રવેશ કર્યો. ૧૮૮૧માં 'સ્ત્રી બોધ' માસિકમાં પૂતળીબાઈએ વાર્તાલેખનથી પ્રવેશ કર્યો. આ વાર્તાઓ લંડન પહોંચી અને કેપ્ટન ટેમ્પલ એમને પોતાના માસિક 'એન્ટી ક્વૅરી'માં લખવા આમંત્રણ આપ્યું. તેમના આમંત્રણને માન આપી 'બેસ્ટ સ્ટોરીઝ ઑફ ઇન્ડિયા' અંગ્રેજીમાં લખી મોકલી. ત્યારથી તેઓ લેખિકા તરીકે જાહેર થયા. પારસી લગ્નોના ગીતો અને હિન્દુ લગ્નગીતોનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો. જેને ઇટાલી કવિ માર્કો એન્ટોનિયો ક્રેનિનીએ પોતાના ૧૪૦ ભાષાના ગીત સંગ્રહમાં ૩૦૦ જેટલા પારસી અને હિન્દુ લગ્નગીતોનો સમાવેશ કર્યો. આ કાવ્યો ઘણાં પ્રખ્યાત થયાં.

પૂતળીબાઈ સેવાભાવી આંદોલનકારી હતાં. પોતાનાં લખાણ દ્વારા સ્ત્રીજાગૃતિ લાવવા માટે ઘણા પ્રયત્નો કર્યા. તેમના સસરા ખુશરો કાબરાજીએ બહેનોમાં કેળવણીનો પ્રચાર થાય, તેમનું સામાજિક ધોરણ સુધરે, બહેનો શિક્ષિત થાય તેમજ મહિલાઓ જાગૃત બને એ હેતુથી 'સ્ત્રીબોધ' નામનું માસિકપત્ર શરૂ કર્યું હતું. 'સ્ત્રીબોધ' સામયિકમાં પૂતળીબાઈ નિયમિત લેખો, વાર્તાઓ વગેરે લખતા. 'સ્ત્રીબોધ'ના તંત્રી તરીકે પાંચ વર્ષ રહ્યા. ૧૯૨૭માં 'સ્ત્રીબોધ'ના દીપોત્સવી અંકમાં 'ચરખાનો ચમત્કાર' નાટિકા રચી સહુનું ધ્યાન દેશ પ્રત્યે તેમજ સ્વદેશી અને ખાદી પ્રત્યે દોર્યું. આ નાટિકાની ઘણી અસર થઈ. તેમની પ્રતિભાશાળી અને ધારદાર કલમ દ્વારા રાષ્ટ્રીય આંદોલનમાં જનજાગૃતિ લાવ્યા. પૂતળીબાઈ સમાજસુધારક, પરોપકારી, સાહિત્યકાર, પત્રકાર, વ્યાખ્યાનકાર અને ચિત્રકાર જેવા સુંદર પ્રતિભાશાળી અને વિવિધ વ્યક્તિત્વવાળા હતા. અનેક કાર્યમાં તેમણે સહાયકની ભૂમિકા પણ નિભાવી. પોતાના લેખન દ્વારા જૂના જડ થઈ ગયેલા રૂઢિરિવાજો સામે પોતાના લેખ દ્વારા જેહાદ જગાડતા.

પૂતળીબાઈ કાબરાજી સુંદર ચિત્રકાર પણ હતા અને તેમણે રાજા રવિ વર્મા પાસેથી ચિત્રકલાનો અભ્યાસ કર્યો હતો. જેવી રીતે પૂતળીબાઈ કાબરા ગુજરાતના પ્રથમ પત્રકાર હતા. તેવી જ રીતે પરદેશમાં પ્રથમ ભારતીય ક્રાંતિકારી અને પત્રકાર મહિલા ભિખાઈજી રુસ્તમજી કામા હતા, જેઓ ભારતની સ્વાધીનતા માટે સર્વસ્વ અર્પણ કરનાર પારસી મહિલા હતાં. સુપ્રસિદ્ધ પારસી કુટુંબમાં ૧૮૬૧માં જન્મેલા. ૧૮૮૫થી

તેમના પતિ રુસ્તમજી કામા સાથે મુંબઈમાં રાષ્ટ્રીય કૉંગ્રેસના અધિવેશન સમયથી જ રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં જોડાયા. ૧૯૨૦માં લંડન ખાતે તેઓ દાદાભાઈ નવરોજીના સંપર્કમાં આવ્યા અને તેજ સમયથી બંનેની રાષ્ટ્રીય ભાવના વધુ પ્રબળ બની. ભીખાઈજીએ ૧૯૦૫માં જીનીવામાં 'વંદે માતરમ્' છાપું પ્રગટ કર્યું. તેની હિંદી નકલ ભારત આવી, ૧૯૦૮માં જર્મનીના સ્ટટગાર્ટ ખાતે યોજાયેલી સમાજવાદી કૉંગ્રેસમાં તેઓ હાજર રહ્યાં હતાં. તથા સ્વતંત્ર ભારતની સંકલ્પના સાથે વંદેમાતરમ્ મંત્ર આલેખિત ત્રિરંગી ધ્વજ પરિષદમાં ફરકાવ્યો. માદામ કામા ક્રાંતિકારી વિચાર શ્રેણીના હતા. પોતાના સાહિત્ય દ્વારા જુદા જુદા દેશોમાં ભારતની સ્વાધીનતા માટે પ્રચારકાર્ય કર્યું. પોતાની કલમ દ્વારા ભારતીય ક્રાંતિકારીઓને ક્રાંતિનું પ્રશિક્ષણ આપવું. શસ્ત્રો પ્રાપ્ત કરવા, અને ગુપ્ત માર્ગે ભારતના ક્રાંતિકારીઓને એ શસ્ત્રો પહોંચાડવા. ગુપ્ત સભા ભરી તેમના દ્વારા આંદોલન અંગેનું સાહિત્ય પહોંચાડી તેનો પ્રચાર પ્રસાર કરવો એ તેમનું ધ્યેય હતું. ૧૯૧૧માં ફ્રાન્સ ભૂમિ પર વીર સાવરકરની ધરપકડ થઈ. તેના વિરોધમાં આંતરરાષ્ટ્રીય જનમત ઊભું કરવામાં તેમની ભૂમિકા મુખ્ય હતી. લંડનમાં અભિનવ સોસાયટી શરૂ કરી. જે ભારતીય ક્રાંતિકારીઓનું મિલન સ્થાન હતું. આથી અંગ્રેજો ચિડાયા. તેઓ ફ્રાન્સ ગયા ત્યાં પણ ભારતની સ્વતંત્રતાના કામે લાગી ગયા. તેમનાં લખાણો, ભાષણોમાં સ્વતંત્રતાની આગ ઝરતી હતી. અંગ્રેજો ગુસ્સે થયા અને ફ્રેંચ સરકારને વિનંતી કરી કે ભિખાઈજી કામાને ફ્રાન્સમાંથી દેશ નિકાલ કરો. ફ્રેંચ સરકારે આ ન માન્યું. આથી અંગ્રેજોએ તેમની ભારતની મિલકત જપ્ત કરી. આના પ્રતિકારરૂપે તેમણે જિનીવાથી બીજું ક્રાંતિકારી છાપું 'તલવાર' પ્રગટ કર્યું. જેની હિંદી નકલો પોંડિચેરી થઈ ભારતમાં આવતી. આ છાપું વાંચી ઘણી બહેનો પ્રભાવિત થઈ. તેમાં ખાસ પારસી બહેનો વધુ આકર્ષાઈ અને રાષ્ટ્રીય આંદોલનમાં જોડાઈ. તેમનું માર્ગદર્શન લેવા માટે તેમની સાથે પત્રવ્યવહાર કરતી. આ છાપાથી અંગ્રેજો ખૂબ રોષે ભરાયા. બીજા વિશ્વયુદ્ધ સમયે અંગ્રેજ સરકારે તેમને પકડવા ફ્રાન્સ સરકાર પર દબાણ લાધ્યું. આથી ફ્રાન્સ સરકારે તેમને પકડ્યા અને ત્રણ વર્ષ નજરકેદ રાખ્યા . તબિયત બગડતાં તેઓ ભારત આવ્યા. આઠ માસની બિમારી પછી ૧૯૩૬ની ૧૬ ઑગસ્ટે તેમનું અવસાન થયું.

રાષ્ટ્રીય આંદોલનમાં જેવી રીતે ગુજરાતના પ્રથમ કલમ ક્રાંતિકારી મહિલા પૂતળીબાઈ અને પરદેશમાં પ્રથમ ભિખાઈજી કામા હતા તેવી જ રીતે ગુજરાતના પ્રથમ કાયદાકીય ચેતના જગાડનાર, અંગ્રેજ દમનને કાયદા અને નિયમો અંગે લોકોમાં જાગૃતિ જગાડનાર પ્રથમ મહિલા બેરિસ્ટર શ્રીમતી મીઠાંબહેન જમશેદજી લામ હતા. પારસી પરિવારના, પિતા અરદેશર તાતા અને શ્રીમતી હીરાબેન અરદેશર તાતા. તેમના પતિ શ્રી જમશેદજી દોરામજી લામ મુંબઈમાં અગ્રણી સોલિસીટર હતા. ૧૯૧૯માં ભારતને રાજકીય સુધારા આપવાની ચર્ચા થઈ તે માટે લંડન સાઉથબરો કમિટીને ઇન્ડિયન રિફોર્મ્સની બેઠક સમક્ષ જુબાની આપવા માટે ભારતના બે પ્રતિનિધિઓની નિમણૂક થઈ. તેમાં તેમની માતા હીરાબહેન તાતા અને મીઠાંબહેન લામની પસંદગી થઈ હતી. ત્યાં જઈ બંને મહિલાઓએ ત્યાંની આગેવાન મહિલાઓ અને મહિલા સંસ્થાનોનો સંપર્ક કર્યો. તેમણે ભારતની મહિલાઓના ત્યાં પ્રશ્નો રજૂ કર્યા. આને કારણે ૧૯૪૬-૪૭માં ભારત સરકારે તેમને ભારત મહિલા સમિતિના અને નિર્વાસિત બહેનોની સમિતિના અધ્યક્ષ નીમ્યા. મહિલા ધારાશાસ્ત્રી મહામંડળના પણ તેઓ અધ્યક્ષ રહ્યાં. તેમજ આંતરરાષ્ટ્રીય ધારાશાસ્ત્રી મહામંડળના પણ અધ્યક્ષ રહ્યાં. આથી તેમણે આંતરરાષ્ટ્રીય ધારાશાસ્ત્રી મહામંડળની સમાચાર પત્રિકાનું સંપાદન કાર્ય હાથ ધર્યું. તેમાં ધારાશાસ્ત્રીઓના પ્રશ્નો ઉપરાંત મહિલાઓના પ્રશ્નો, કાયદાઓની સમજણ અને પ્રશ્નો, રાષ્ટ્રીય અને મહિલાઓના હક્કો, અંગ્રેજ સરકારની દમનનીતિ, તેમજ ખોટા કાયદાનો ઉપયોગ કરી ભારતમાં ટકી રહેવા માટેના તેમના પેંતરાઓ રજૂ કરતા. આ પત્રિકા તેમણે આંતરરાષ્ટ્રીય સ્તરે રજૂ કરી ભારતની ગુલામી, અંગ્રેજોની જોહુકમીનો ચિતાર વિશ્વસ્તરે પહોંચાડ્યો. આથી અંગ્રેજો પણ સમસમી ઊઠ્યા. અંગ્રેજોએ તેમની પત્રિકા બંધ કરવાની ઘણી કોશિશ કરી. પરંતુ મીઠાંબહેન કાયદાકીય રીતે ઘણાં નિપુણ હતાં તેથી તેમની પત્રિકા અંગ્રેજો બંધ કરાવી

શક્યા નહિ.

કલમ ક્રાંતિકારી હરોળમાં ગુજરાતણ મહિલા બચુબહેન લોટવાળા પણ હતા. જેના લખાણો ઉદ્દામવાદી હતા. એમની કલમમાંથી આગ ઝરતું લખાણ લખાતું હતું. તેમની વિચારસરણીની શાહીમાં રાષ્ટ્રવાદનો ઉન્માદ હતો. મુંબઈમાં તેમના પિતાશ્રી રણછોડદાસ લોટવાળા આટા મિલના માલિક હતા. મિલમાલિક હોવા છતાં તેમના પિતા 'હિન્દુસ્તાં', 'પ્રજામિત્ર' અને 'એડવોકેટ ઑફ ઇન્ડિયા' નામનાં પત્રોનું સંચાલન કરતા. તેથી બચુબહેનને પત્રકારત્વ માટે વિશાળ ક્ષેત્ર પ્રદાન થયું હતું. બચુબહેન સમાજસેવા, રાજકીય જાગૃતિ, ઉદ્દામવાદને જગાડનારા પ્રખર વિચારક હતા. તે સમયે ગુજરાતી વર્તમાનપત્રો પારસીઓના હસ્તક હતાં. સૌ પ્રથમ તેમના પિતાએ ગુજરાતીમાં બે પત્રોનું સંચાલન કર્યું હતું. તેમણે પોતાના પત્રોમાં બ્રિટિશ સરકાર વિરુદ્ધ, અંધશ્રદ્ધા, વહેમ વગેરે વિષય પર સુંદર લેખો દ્વારા સંપાદન કર્યું હતું. તેમણે રાષ્ટ્રભાવના જગાડી સાથે સાથે ઉદ્દામ રાજકીય અને સામાજિક વિચારોને વાચા આપી. બચુબહેને પોતાની રીતે દૈનિકપત્ર ઉપરાંત 'નવયુગ' નામનું માસિક શરૂ કર્યું. તેના સંચાલક તેમજ તંત્રી વગેરે પોતે હતાં. આ માસિકમાં પણ તેઓ પોતાના ઉદ્દામ વિચારો, રાષ્ટ્રીય જાગૃતિ, આંદોલનની પ્રવૃત્તિઓ, સામાજિક વિચારસરણી, મહિલાઓના પ્રશ્નો વગેરે રજૂ કરતાં. માસિક ઉપરાંત સામયિક પત્ર પણ શરૂ કર્યાં. આ પત્રો દ્વારા અંધશ્રદ્ધા, વહેમ, ધાર્મિક, સામાજિક, રાષ્ટ્રીય જાગૃતિ, સંકુચિત વિચારો, રિવાજો વગેરેમાંથી બહેનોને બહાર લાવી શિક્ષિત બનાવવાની તેમની અવિરત કોશિશ રહેતી. આ ઉપરાંત રાષ્ટ્રીય આંદોલનમાં મહિલાઓ કેવી રીતે યોગદાન આપી શકે તેની દોરવણી પણ આપતાં. આંદોલનની વિવિધ પ્રવૃત્તિઓ, ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમો અને તેના પર સામાજિક અસર વગેરે છાપી લોકોમાં એક જુવાળ ઊભો કરતાં. લોકોને અંગ્રેજોની દમનનીતિ, લાલચ આપવાની વૃત્તિ પ્રત્યે લોકોને ચેતવતાં. આ ઉપરાંત રાષ્ટ્રીય ચેતના જગાડવા સ્વચ્છ વાતાવરણ, મુક્ત જીવન જીવવા માટે શિક્ષણની ઉપયોગીતા વગેરેના સુંદર ઉપાયો દર્શાવતાં. પત્રોના સંપાદન ઉપરાંત રાષ્ટ્રીય આંદોલનમાં પણ તેઓ સક્રિય રહેતાં. સરકારી તંત્રની ઐસી કી તૈસી કરી નાખતાં. આથી અંગ્રેજ વહીવટકર્તા તેમના પ્રેસ પર વારંવાર છાપા મારતા, પત્રિકાઓ બાળી નાખતા પણ બચુબહેન પર તેની કોઈ અસર થતી નહિ. તેમણે કૉંગ્રેસની મહાસમિતિમાં જોડાઈને આગળ પડતો ભાગ ભજવ્યો. આમ બચુબહેને કલમ અને કાર્ય દ્વારા રાષ્ટ્રીય આંદોલનમાં વિવિધ ક્ષેત્રે આપેલું યોગદાન ઘણું મહત્ત્વનું રહ્યું છે.

બચુબહેન લોટવાળાની જેમ ગુજરાતની મહત્ત્વની કલમ ક્રાંતિકારી મહિલા જ્યોત્સનાબહેન શુક્લ સુરતના વતની હતાં. તેમનું પૂરું કુટુંબ રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં જોડાયેલું હતું. જ્યોત્સનાબહેનના આઝાદી વિશેના વિચારો ઘણા પ્રબળ હતા. તેમના વિશે લખાયું છે કે, "સ્વરાજ પ્રવૃત્તિ માટે અહિંસક અને હિંસક બંને માર્ગે ભભૂકી ઊઠેલી ક્રાંતિની ચિનગારી એમાંની એક ચિનગારી તે શ્રીમતી જ્યોત્સનાબહેન." તેઓ રાષ્ટ્રીય શાળામાં શિક્ષક તરીકે પણ રહ્યાં. તેમની શાળામાં શિક્ષકો પણ ક્રાંતિકારી હતા. તેઓ શ્રી વિનાયક દામોદર સાવરકર મંડળીના એક સદસ્ય હતાં. તેમને ત્યાં કાકાસાહેબ કાલેલકર, મામાસાહેબ ફડકે જેવા સ્વાતંત્ર્ય સેનાનીઓ ભેગા થતા, આ સ્વતંત્ર વીરોનો પ્રભાવ તેમના પર પડ્યો અને તેના પરિણામે તેમણે સાહિત્યિક પ્રવૃત્તિ શરૂ કરી. તેમણે ૧૯૨૧માં શ્રી બટુકભાઈ ઉમરવાડિયાની સાથે રહીને 'વિનોદ' માસિક પ્રગટ કર્યું. તેમજ ૧૯૨૨માં તેઓ 'ચેતના' સામયિકના સહતંત્રી થયાં. લેખો અને અસહકાર અંગેનાં કાવ્યો દ્વારા તેઓ જનજાગૃતિ લાવ્યાં. ૧૯૩૦ના મીઠા સત્યાગ્રહ સમયે તેમણે સ્વયંસેવિકા સંઘ બનાવ્યો અને 'સુદર્શન' નામના દૈનિકપત્રના માનદ્‌મંત્રી બન્યાં. આ દૈનિકપત્રમાં રાષ્ટ્રીય પ્રેમ અને જુસ્સો વધારતા લેખો લખતાં. સરકાર વિરોધી લખાણો, બાપુનાં ભાષણો, રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો વગેરેનું વિસ્તૃત વર્ણન કરતાં. તેમની ભાષાશૈલીમાં એક અનોખું આકર્ષણ હતું. તેમનાં લખાણોથી રાષ્ટ્રીય જુવાળ ઊભો થયો. આથી અંગ્રેજ

સરકારે પ્રેસને સીલ મારી દીધું. દૈનિકપત્ર બંધ કર્યું. સરકારના આ પગલાથી તેઓ વધુ આક્રમક બન્યો. વિદ્યાર્થીઓ દૈનિકપત્રો વાંચતા, વધુને વધુ સ્વતંત્ર સૈનિકો તૈયાર થતા ગયા. એ રીતે વિદ્યાર્થીઓમાં એક ગજબનું આકર્ષણ વધાર્યું. તેમની સાહિત્યિક પ્રવૃત્તિ જોઈને સુરત મહિલા મહાવિદ્યાલયે તેમને માનદ્ સેવા માટે બોલાયા. આથી તેઓ વિદ્યાલયમાં જોડાયાં. ઓજસભરી વાણીમાં ભાષણો આપી તેઓ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ચેતના જગાડતા. તેથી કૉલેજ પણ બંધ કરી દીધી. તેથી તેમણે વિદ્યાર્થીઓને આંદોલનમાં જોડાવાનો ઠરાવ કર્યો. સમાચારપત્રો, પત્રિકા, માસિકમાં અંગ્રેજ સરકાર વિરુદ્ધ લખાણો લખી ધારાસભાની ચૂંટણીના દિવસે ચૂંટણી મથક પર પહોંચી ગયાં. બંદુકધારી પોલીસનું કૉર્ડન તોડી ચૂંટણીનો બહિષ્કાર કર્યો. પત્રિકા છાપી, પત્રિકા પ્રચારનું કામ વિદ્યાર્થીઓને સોંપ્યું. સરકારે તેમને પકડી લીધા. છ માસની જેલ થઈ. ગાંધી ઈરવીન કરાર પછી તેઓને છોડ્યા. કરાંચી કૉંગ્રેસ અધિવેશનમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું. ૧૯૩૨માં બધા નેતા પકડાયા. પરંતુ જ્યોત્સનાબહેન તો ભૂગર્ભમાં રહી પત્રિકાઓ છાપતાં. આખરે પોલીસે તેમને પકડી લીધાં. રૂા. ૩૦૦/- નો દંડ કર્યો. તેમની વાણી સ્વાતંત્ર્ય અને લેખનપ્રવૃત્તિ પર સરકારે પ્રતિબંધ મૂક્યો. તેમણે તેનો ભંગ કર્યો તેથી ફરી તેમને જેલમાં પૂર્યાં. ૧૯૪૨માં મહાસમિતિની બેઠક માટે સુરત આવ્યાં. પોલીસે તેમની સ્ટેશન પર જ ધરપકડ કરી. ૧૮ માસની જેલ થઈ. સાબરમતી જેલમાં પૂર્યાં. હરિપુરા કૉંગ્રેસ અધિવેશનના સ્વાગત સમિતિના મંત્રી રહ્યાં પોતાનાં પત્રોમાં હરિપુરાનો અહેવાલ પ્રગટ કરતાં. સુરતના 'પ્રતાપ' દૈનિકના માનદ્‌મંત્રી તરીકે નવ વર્ષની સેવા આપી તેમણે અનેક વિષયો પર પુસ્તક પ્રગટ કર્યાં. પોતાની લેખન પ્રવૃત્તિથી રાષ્ટ્રીય જાગૃતિ લાવતાં. આમ રાષ્ટ્રીય કાવ્યો, રાસ, ગરબા વગેરે લખી રાષ્ટ્રીય આંદોલનની જ્વાળા વધારે પ્રજ્વલિત કરી હતી.

લીલાવતી મુન્શી, શ્રી કનૈયાલાલ મુન્શીના પત્ની. લગ્ન પૂર્વે તેઓ ગુજરાત સામયિકનું સંચાલન કરતાં હતાં. તેમનું શિક્ષણ ઘણું ઓછું હતું. માત્ર ચાર ધોરણ ભણેલા પરંતુ સાહિત્યક્ષેત્રે ઘણી રુચિ હતી. જેને કારણે તેમણે ગુજરાતી, સંસ્કૃત અને અંગ્રેજી સાહિત્યનો અભ્યાસ કર્યો. મુંબઈમાં યોજાયેલ ગુજરાતી પરિષદના આઠમા અધિવેશનમાં તેમણે નિબંધ લખ્યો, જે ઘણો પ્રખ્યાત થયો. તેઓ હિંદુ રિવાજો, બહુપત્નીત્વ વગેરેને પડકારતા લેખો લખતા. દેશની સ્વતંત્રતાની લડતમાં જોડાયા પછી તેમના લેખોમાં રાષ્ટ્રીય આંદોલનના પડઘા જોવા મળતા. ખાદી, સ્વદેશી અને ૧૯૩૦માં મીઠા સત્યાગ્રહ પર લેખો લખ્યા અને પોતે પણ તેમાં જોડાયાં. સરકારે પકડી લીધાં અને ત્રણ માસની જેલ થઈ. ૧૯૩૨માં સાહિત્ય ક્ષેત્રે પુનઃ સક્રિય થયા. સરકારી દમન, કાયદા વિરોધી લખાણો લખ્યાં. એક વર્ષનો ફરી જેલવાસ થયો. તેઓ સુંદર રેખાચિત્રો, કાર્ટુન દોરતાં. સમાજના રીતિ-રિવાજો પર પણ ખૂબ કટાક્ષ કરતાં.

વિનોદિની નીલકંઠ માતા વિદ્યાગૌરી નીલકંઠ અને પિતા રમણભાઈ નીલકંઠના પુત્રી હતાં. તેઓ સાહિત્યજગતના વાતાવરણમાં જન્મેલાં. તેથી કિશોરી અવસ્થાથી જ તેમના લેખનનો પ્રારંભ થયો હતો. તેમણે શિશુમંડળ શરૂ કર્યું હતું. આ ઉપરાંત હસ્તલિખિત 'મુકુલ' નામનું માસિક પત્ર પણ ચલાવતાં. જે પાછળથી પુસ્તકના રૂપમાં પ્રગટ થયું. તેઓ એક સારા અનુવાદક હતાં. પ્રો. કૂલીના સમાજશાસ્ત્રના પુસ્તકનો તેમણે 'મનુષ્ય સ્વભાવ' તથા 'સામાજિક ક્રમ' એ નામે અનુવાદ કર્યો. ગુજરાત વિદ્યાસભાએ તેમનું 'ગુજરાતી અટકોનો ઈતિહાસ' નામે પુસ્તક પ્રસિદ્ધ કર્યું. અંગ્રેજ લેખિકા જેન ઓસ્ટિનની નવલકથા પ્રાઈડ એન્ડ પ્રેજ્યુડીસને 'પરાજિત પૂર્વગ્રહ'નું નામ આપી તેમણે સુંદર અનુવાદ કર્યો. બર્નાડ રસેલના પુસ્તક કોંકવેસ્ટ ઑફ હેપીનેસનું 'સુખની સિદ્ધિ' નામ આપી સુંદર અનુવાદ કર્યો. બાળકો માટે 'શિશુ રંજના' તથા 'મેંદીની મંજરી' નામે બે મૌલિક પુસ્તિકાઓ લખી. આમ ઘણાં પુસ્તકો લખ્યાં. ગુજરાત સમાચાર અમદાવાદના દૈનિકપત્રમાં વીસ વર્ષ સુધી 'ઘર ઘરની જ્યોત' નામે સ્ત્રીઓ માટેનું પાનું સફળતાપૂર્વક સંપાદિત કર્યું.

ખેડા જિલ્લાના ગંગાબહેન ગોરધનભાઈ પટેલ. તેમના પતિ શ્રી ગોરધનભાઈ મુંબઈમાં 'બોમ્બે ક્રોનીકલ' અખબારના તંત્રી હતા. ગંગાબહેન ફક્ત બે ધોરણ ભણેલાં. પરંતુ પતિના માર્ગદર્શન હેઠળ તેઓ સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને થોડી તામિલ ભાષાના જાણકાર હતાં. મુંબઈમાં તેમણે હિંદુ સ્ત્રી મંડળની સ્થાપના કરી. તેના તે ઉપાધ્યક્ષ અને મંત્રી રહ્યાં. તેમણે આ મંડળની પત્રિકા છાપી સંપાદક તરીકે ૨૭ વર્ષની સેવા આપી. એ પત્રિકા દ્વારા સ્ત્રીશિક્ષણ, મહિલાજાગૃતિ વગેરેના મુદ્દા પર લેખો લખતાં. અંગ્રેજ સરકાર વિરુદ્ધ પણ લખતાં. આથી સરકાર ચિડાતી જેથી વારંવાર તેમના મંડળ પર તેમજ મંડળની ઑફિસ અને પ્રેસ પર છાપા મારતી અને બાળી મૂકતી. ગંગાબહેનને સરકારે બે વર્ષની સજા કરી. આમ છતાં તેમણે અનેક જુલ્મોનો સામનો કરીને પણ પોતાનું લેખનકાર્ય ચાલુ રાખ્યું. તેમનો વાર્તાસંગ્રહ 'ગુજરાતણ ટાઈપીસ્ટ' ઘણો પ્રખ્યાત રહ્યો.

લાભુબહેન મોહનલાલ મહેતા જેઓ લીંબડી નિવાસી હતા. પતિ સાહિત્યકાર હતા. આ દંપતી 'સોપાન દંપતી' તરીકે જાણીતું હતું. પિતાશ્રી અમૃતલાલ દલપતરાય જેઓએ 'જન્મભૂમિ' અને 'ડેઈલી પત્રો' શરૂ કર્યા. તેમના પતિ શ્રી મોહનલાલે ૧૯૩૭માં ભારતીય સાહિત્ય શોધની સ્થાપના કરી. લાભુબહેન તેમાં જોડાયા અને તેમણે સાહિત્ય પ્રકાશનનું કામ કર્યું. તે પછી લાભુબહેન 'જન્મભૂમિ' અને 'અખંડઆનંદ'ના તંત્રીપદે રહ્યા. તેઓ આંદોલનનો ચિતાર પ્રજા સમક્ષ મૂકતાં. તેઓ અંગ્રેજોના જુલમની ઠેકડી ઉડાડતાં લખાણો લખતાં. તેમણે મીઠાના સત્યાગ્રહ અને ધંધૂકા સત્યાગ્રહ વગેરેનો પ્રચાર, જનજાગૃતિ અને અંગ્રેજોની જોહુકમીનાં લખાણો લખી આંદોલનમાં પ્રાણ પૂર્યા. આ ઉપરાંત તેમણે 'પ્રેમમૂર્તિ કસ્તૂરબા' અને 'વીર જવાહરલાલ' વગેરે વિષયના પુસ્તકો લખ્યાં. તેમાં પોતાની સાહિત્યિક ભાષાથી લોકોમાં જોશ અને ફના થવાનો પ્રાણવાયુ ફૂંકતાં. જેમ જેમ આંદોલન જોર પકડતું જતું તેમ તેમ કલમ ક્રાંતિકારી મહિલાઓ પોતાનું જોમ, હીર પોતાની કલમ દ્વારા એક જુવાળ ઊભો કરતી ગઈ અને દિન પ્રતિદિન કલમ ક્રાંતિકારી મહિલાઓમાં ઉત્તરોત્તર વધારો થતો ગયો. શ્રીમતિ મેનાબહેન વસા કે જેઓ જામનગર નિવાસી હતા. તેમના ભાઈ શ્રી શાંતિલાલ વસા બંને ભાઈ-બહેન આંદોલનકારી હતા. વેપાર અર્થે મોમ્બાસામાં ગયા હતા. ત્યાં રહી ભારતની સ્વતંત્રતાની ધૂણી ધખાવી. મોમ્બાસામાં તેમણે 'જ્યોતિ' નામનું પત્ર શરૂ કર્યું અને ભારતમાં અંગ્રેજોની ગેરરીતિઓ, પ્રજા તરફની દમનનીતિ અને જુલમનો ચિતાર મોમ્બાસામાં વસતા ભારતીયોને આપતા. આ આંદોલનની આગ ભાઈ-બહેનને મોમ્બાસા છોડવા મજબૂર કરી બંને ભાઈ-બહેન જામનગર આવ્યાં અને ત્યાં આવી 'પડઘા' નામનું પત્ર શરૂ કર્યું. જેમાં આંદોલનનો ચિતાર પ્રગટ કર્યો અને સમગ્ર ભારતને જાગૃત કરવાના પ્રયત્નો કર્યા. મેનાબહેન ઉદ્દામ વિચારસરણીના હતાં. તેમની પત્રિકાઓમાં, પત્રોમાં, સાહિત્યમાં જલદ વિચારો જોવા મળતા. તેમજ પ્રજામંડળની પ્રવૃત્તિઓનો સુંદર ચિતાર પણ જોવા મળતો.

મુંબઈ નિવાસી કુલસુમબેન સાયાણી મુંબઈના કાર્યકર્તા હતા. ૧૯૪૦માં રાષ્ટ્રીય આંદોલન વેગ પકડતું હતું. તેવામાં ક્ષેત્રીય કાર્યકર્તા તરીકેની તેમણે મુખ્ય ભૂમિકા ભજવી. ગાંધીજી હંમેશા તેમને 'કલસુમ બેટી' કહેતા અને તેઓ ગાંધીજીને બાપુ કહેતાં. રાષ્ટ્રીય પ્રવૃત્તિને આગળ ધપાવવા માટે તેમણે 'રાહબર' નામક પાક્ષિક સામયિકનો આરંભ કર્યો. આ સામયિક ગુજરાતી, હિન્દી અને ઉર્દૂમાં છપાતું. તેમના ત્રણ ભાષાના પાક્ષિકના લખાણોથી અંગ્રેજ સરકાર સ્તબ્ધ થઈ ગઈ. તેમની સંચાલિત સ્કૂલ અને હૉસ્પિટલ પર છાપો માર્યો અને તેમની ધરપકડ કરી.

સુશીલાબહેન મણિલાલ ગાંધી, મણિલાલ ગાંધીના પત્ની અને કિશોરલાલ મશરૂવાળાના ભત્રીજી. સુશીલાબહેન અને મણિલાલ ગાંધી દક્ષિણ આફ્રિકામાં 'ઇન્ડિયન ઓપિનિયન'નું સંચાલન કરતાં. એ સંચાલન ઘણાં લાંબા સમય સુધી કર્યું. આથી ગાંધીજીએ લખ્યું "આ સોદામાં હું ફાવ્યો છું". સુશીલાબહેનની પસંદગી

બાપુએ કરી હતી. સુશીલાબહેનને ગુજરાતી, હિન્દી, મરાઠી અને અંગ્રેજી ભાષાનું સુંદર જ્ઞાન હતું. વનલીલાબહેન પરીખ જેઓ શ્રી નરહરિભાઈ પરીખના પુત્રી હતાં. સાબરમતી આશ્રમમાં જ તેમનો ઉછેર થયો. સ્વતંત્રતાનો પાયો જન્મથી જ નંખાયો હતો. તેઓ ગૂજરાત વિદ્યાપીઠના વિનય મંદિરના વિદ્યાર્થી હતાં. પાછળથી તેમણે ભણવાનું છોડી દીધું અને આંદોલનમાં જોડાયાં. ગુરુકુળમાં હિંદીનો અભ્યાસ કર્યો અને નગીનદાસ પારેખ પાસે સાહિત્યનો અભ્યાસ કર્યો. કુરેશીભાઈ પાસે ઉર્દૂ શીખ્યાં. ૧૯૪૧માં વ્યક્તિગત સત્યાગ્રહ સમયે જેલમાં ગયાં ત્યાં તેમણે મહંમદ પયગંબર સાહેબના જીવન ચરિત્રનો ઉર્દૂમાંથી અનુવાદ કર્યો. 'હિંદ છોડો' આંદોલનમાં ૧૯૪૨ સમયે ફરી જેલમાં ગયા. તેમણે વિવિધ વિષયોનો અભ્યાસ કર્યો હતો. જેમાં તેમણે 'અમારા બા' (કસ્તૂરબાની કથા) લખી. આ ઉપરાંત રાજેન્દ્રબાબુની આત્મકથા, દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ મોટા ગ્રંથોની સંક્ષિપ્ત પુસ્તિકા બનાવી. મીરાંબહેનની આત્મકથાનો ગુજરાતીમાં અનુવાદ કર્યો.

શ્રીમતી સુલોચનાબહેન મોદી શૈક્ષણિક કુટુંબમાં જન્મેલા. તેમના સસરા બેરિસ્ટર હતા. પતિ પણ ક્રાંતિકારી હતા. સુલોચનાબહેન અર્થશાસ્ત્ર વિષય સાથે બી.એ., એમ.એ. થયા. એમ. એ. માં તેમનો શોધનિબંધનો વિષય હતો 'બ્રિટિશકાળ દરમ્યાન સ્ત્રીઓનો સામાજિક દરજ્જો'. લોકોમાં સ્વદેશી ભાવના જગાડવા માટે પોતે લેખો લખતાં. અંગ્રેજીમાં બુલેટિન કાઢતાં. તેના પ્રકાશન માટે પોતાના બંગલાનાં ભોંયરામાં પ્રિન્ટીંગ મશીન રાખ્યું હતું. વડોદરાવાસી સવિતાબહેન નાનુભાઈ અમીન સ્વાતંત્ર્ય સંગ્રામના ઝનુની દેશભક્ત હતાં. દેશભક્તિનું વાતાવરણ તેમને ઘરેથી જ પ્રાપ્ત થયું હતું. રાષ્ટ્રીય ગીતો લખતાં, આ ગીતોમાં રાષ્ટ્રીય પ્રવૃત્તિઓનું વર્ણન કરી રાષ્ટ્રીય સમાચારો લોકો સુધી પહોંચાડતાં. રાષ્ટ્રીય ભજન ગાતાં, તેમણે રાષ્ટ્રીય ભજન મંડળી અને રાષ્ટ્રીય ગીત મંડળી રચી લોકો સુધી આંદોલનની વાત પહોંચાડતાં. અંગ્રેજ સરકારને આની જાણ થતાં તેમને પૂનાથી યરવડા જેલમાં મોકલી દીધાં. જેલમાં પણ રાષ્ટ્રીય ગીતો લખતાં. ગુજરાતની મહિલાઓએ સત્યાગ્રહમાં ભાગ લઈ સરકારની દમનનીતિ સામે પોતાની કલમનો કોરડો વીંઝ્યો છે તેણે આંદોલનને વેગ આપવામાં કોઈ કસર છોડી નથી. જે મહિલાઓ પોતાની કલમ કસબ બતાવી નથી શકી તેવી કેટલીક મહિલાઓ પત્રિકાઓ લખતી, છાપતી અને વહેંચતી, ટાઈપ કરતી અને પોતાની ક્રાંતિકારી આગને ઠારવા પ્રયત્ન કરતી. અમદાવાદના ઉષાબહેન નટવરલાલ લાખિયા કે જેઓ પોતાના હાથથી પત્રિકા લખતાં અને વહેંચતાં. પોલીસે જ્યારે જડતી લીધી ત્યારે તેમના નિવાસસ્થાનેથી ૫૦૦ હાથથી લખેલી પત્રિકાઓ મળી આવી. જેના કારણે તેમને છ માસની સજા થઈ. તેવી જ રીતે કપિલાબહેન ઈશ્વરલાલ પટેલ ગુપ્ત પત્રિકાનો પ્રચાર કરતાં. ૧૯૪૨માં ભારત છોડો આંદોલનમાં પત્રિકા છાપવા માટેનું સાઈક્લોસ્ટાઈલ મશીન પોલીસની જપ્તી આવે ત્યારે પોતાના કપડાંમાં સંતાડી સાયકલ પર બેસી બીજાના ઘરમાં મૂકી આવતાં. જ્યારે પોલીસને શંકા જતી એટલે પોલીસ ફરી તપાસ કરવા તેના ઘરે જતી. પોલીસના આવતાં પહેલાં કપિલાબહેન ઘણી જ ઝડપથી મશીન બીજે મૂકી આવતાં. પોતે વેશ બદલી કબજામાં પત્રિકા છૂપાવી વહેંચતાં. તેમણે સમગ્ર સૌરાષ્ટ્રમાં પત્રિકાઓની નકલ વહેંચી, આ રીતે ગુપ્ત પત્રિકા અભિયાન દ્વારા તેમણે લોકોમાં જાગૃતિ લાવવા ઘણા પ્રયત્નો કર્યા. પત્રિકા અભિયાનમાં કાંતાબહેન હરિલાલ મહેતા અને કાશીબહેન પુરુષોતમ પટેલે ૫૦૦ થી વધુ હાથની પત્રિકાઓ લખી અને ઘેર ઘેર વહેંચી. જેના કારણે કાંતાબહેનને ૨૦૦ રૂા. દંડ અને ૧૧ માસની સજા થઈ. જ્યારે કાશીબહેનને બે માસની સજા થઈ. દાહોદ નિવાસી જમુબહેન રમણલાલ શેઠ પતિ-પત્ની બંને ઘરના ભોંયરામાં પત્રિકા સાઈક્લોસ્ટાઈલ મશીનથી છાપતાં. આ વાતની ખબર પોલીસને પડતાં તેમના ઘરે જપ્તી આવી. તેમના પતિ શ્રી રમણલાલ શેઠ જ્યાં સુધી સાઈક્લોસ્ટાઈલ મશીન ખસેડી ના લે ત્યાં સુધી જમુબહેને પોલીસને દરવાજે રોકી રાખ્યા. રકઝક કરી અને તેમને અંદર ન આવવા દીધા. મશીન મૂકી દીધા પછી જ્યારે પોલીસે તપાસ કરી તો કાંઈ ન મળ્યું. તેમ છતાં પોલીસને રોક્યા અને જડતીના વિરોધમાં તેમની ધરપકડ કરી અને તેમને દોઢ માસની સજા ફટકારી અને દંડ પણ કર્યો. પત્રિકા અભિયાનના ક્રતિકારી રાજકોટ

નિવાસી શ્રી દશરાબહેન ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમોની પત્રિકા કાઢતાં અને પ્રભાતફેરી સમયે લોકોના ઘરમાં વહેંચી આવતાં. પત્રિકા અભિયાનને વધુ વેગ ૧૯૪૨ના ભારત છોડો આંદોલનમાં મળ્યો. અનેક કલમ ક્રાંતિકારીઓ દ્વારા ભારત છોડો આંદોલનને જલદ બનાવવા માટે ખૂબ પ્રયત્નો થયા. અમદાવાદ નિવાસી સરલાબહેન શીલાબહેન પટેલ મંગળાબહેન ગામેગામ પત્રિકાઓ વહેંચતાં. રાજકોટના સુભદ્રાબહેન ચીમનલાલ શ્રોફ ભોંયપત્રિકા લખતાં, પત્રિકા વહેંચતાં. વનલીલાબહેન કિનારીવાલા ભોંયપત્રિકા લખતાં તેમજ અમદાવાદથી પત્રિકા લઈ જઈ નડિયાદ ઉત્તરસંડા ગામમાં વહેંચતાં આથી આંદોલનની આગ ગામેગામ પ્રગટી.

આમ કલમ ક્રાંતિકારી મહિલાઓ રાષ્ટ્રીય આંદોલનની આગમાં મહાશક્તિ તરીકે પુરવાર થઈ. મુક્તિ આંદોલનમાં લોકોને પ્રેરણાબળ તેમણે પૂરું પાડ્યું છે. તેમણે નાનામાં નાનાં ગામોમાં પણ મુક્તિની જ્વાળા પ્રગટાવી જંગમાં મહત્ત્વનું કામ કર્યું છે અને મહિલાઓના એ બલિદાનને સમગ્ર ભારત સદા યાદ કરશે.

---

## સંદર્ભ


| | |
|---|---|
| ઉર્મિલાબહેન ગિરધરલાલ (પ્રકાશક) | 'જ્યોતિસંઘ વિકાસયાત્રા', નવજીવન, અમદાવાદ-૧૪ |
| ઉષા ય. ભટ્ટ | 'અમદાવાદ શહેરની સ્ત્રીનેતૃત્વશક્તિ (૧૯૨૦ થી ૧૯૪૭)' ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ૧૯૮૨ |
| કાલેલકર કાકાસાહેબ | 'મંગલ પ્રભાત', અંક-૪૧, ૧૯૬૭, રાજઘાટ, ન્યુ દિલ્હી. |
| કાલેલકર કાકાસાહેબ | 'બાપુના પત્રો', ભાગ ૧ થી ૧૦, આશ્રમની બહેનોને, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૭૪ |
| કાબરાજી પૂતળીબાંઈ (સંપાદક) | 'સ્ત્રીબોધ' અંક ૧, સુરત, ૧૯૩૭ |
| ગાંધીજી | 'હરિજન બંધુ', તા.૩૦-૩-૧૯૪૭, નવજીવન, ૨૫-૯-૧૯૨૭. |
| દોલત ભટ્ટ | 'મુક્તિ સંગ્રામને મોરચે મહિલાઓ', માહિતી ખાતું, ગાંધીનગર, ૧૯૯૭ |
| મનુ ગાંધી | 'વિકાસ પછી દિલ્હી', નવજીવન, ૧૯૫૪ |


The glories of our blood and state
Are shadows, not substantial things :
There is no armour against fate :
Death lays his icy hand on kings :
Sceptre and crown
Must tumble down,
And in the dust be equal made
with the poor crooked scythe and spade.

**- Shirley**

# ભારતને ભરડો લેતો મહા રાક્ષસ - ડાયાબિટીસ

◆

**ડૉ. મનહર એસ. બ્રહ્મભટ્ટ***

ખેતરની સંસ્કૃતિ ગઈ અને ઑફિસની બેઠાડુ સંસ્કૃતિ આવી, ગ્રામીણ સંસ્કૃતિનો ભારતમાંથી લોપ થતો ગયો તેમ તેમ નવો શહેરી, બેઠાડુ, ભદ્ર સમાજ ઊભો થયો. શરીર શ્રમનો મહિમા ઘટવા માંડ્યો ત્યારથી ડાયાબિટીસનો પગપેસારો વધતો ગયો. ભારતમાં આપણા ગુજરાત રાજ્યની કુલ માનવ વસ્તી જેટલી સંખ્યા ડાયાબિટીસના દર્દીઓની થવા આવી છે. ત્યારે આ ખાઉં...ખાઉ...કરી રહેલા ડાયાબિટીસનો હાઉ...વધતો જ ચાલ્યો છે.

પેટ્રોલ રૂા. ૬૦ નું લીટર થવા આવ્યું છતાં ભારતમાં ચીન અને મલેશિયાની માફક પ્રધાનો હજીયે સાયકલો ઉપર કચેરીઓમાં જતા થયા નથી. એટલે કે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને મહાત્મા ટૉલ્સટૉય જે નિયમિત દૈનિક શ્રમનો મહિમા જગતને શીખવાડી ગયા તેનો બોધપાઠ જાણે કે ઝડપથી ભુલાઈ ગયો છે.

સવારે ઝડપથી નાહી ધોઈ, પૂજા કર્યા વગર, કસરત કર્યા વગર સીધાં કપડાં પહેરી તૈયાર થઈ ફટાફટ જમી લઈ ઑફિસ જઈને છેક સાંજે સાત વાગે ઘેર આવી, તરત જમીને સૂવાના સમય સુધી ટી.વી. જોનારાએની સંખ્યા વધતી ગઈ છે. લગભગ આવા જ માહોલમાં પાછલાં પચાસ વર્ષો દરમ્યાન થયેલા જીવનશૈલીના ધરખમ ફેરફારો ના કારણે કુલ વસ્તીના પાંચ ટકા ને આજે કોઈ ને કોઈ સ્વરૂપે ડાયાબિટીસ થયો છે એટલું જ નહીં વધારે ચોંકાવનારું તો એ છે કે જેટલા કેસ નિદાન થયેલા છે લગભગ તેટલા જ કેસ નિદાન થયા વગરના પણ છે. માટે જ ડાયાબિટીસ વિશેની લોકજાગૃતિ અને આરોગ્ય શિક્ષણ વિશે જેટલું વાંચીએ, વિચારીએ અને સમજીએ તેટલું ઓછું છે.

**લક્ષણો :**

ઘણી વાર ડાયાબિટીસનો દર્દી ટોળામાં હોય તો પણ દૂરથી ઓળખાઈ આવે છે. સરેરાશ કરતાં વધારે ગોરો, સરેરાશ કરતાં વધુ થાકેલો અને ક્યારેક ચિમળાયેલા ફૂલ જેવા ચહેરાવાળો વ્યક્તિ ડાયાબિટીસનો દર્દી હોઈ શકે છે. મુખ્ય લક્ષણોમાં (૧) વધુ પડતો થાક. શારીરિક કે માનસિક પરિશ્રમ ન કરેલ હોવા છતાં દિવસ પૂરો થતાં પહેલાં થાક લાગવો, કામ કરતાં કરતાં થાકી જવું, થાકના કારણે રાત્રે વહેલા સૂઈ જવાની ફરજ પડવી, દિવસના એક કે બે મહત્ત્વના કાર્યક્રમો અને કામો મોકૂફ રાખવા, આ કામ આજે નહીં કાલે કરીશું જેવી વૃત્તિ અને કામ ટાળવાની વધુને વધુ વૃત્તિ થવી – આ બધા જ થાકનાં લક્ષણો છે. ૨.ભૂખ અને તરસ બહુ લાગવી, ગમે તેટલું પાણી પીવાય છતાં ગળું સુકાયેલું જ રહે. ૩. પેશાબ દિવસે અને રાત્રે વધુ પડતો થાય. રાત્રે બે થી છ વાર પેશાબ કરવા ઊઠવું પડે. સવારે ઊંઘ પૂરી થતાં પહેલાં પેશાબના ભરાવાના કારણે ફરજિયાત વહેલા જાગી જવું પડે વગેરે. ૪. આંખે ઝાંખ પડવી, વારંવાર ચશ્મા નંબરમાં ફેરફાર થવા,

---

* એમ.ડી.કન્સલ્ટન્ટ ફિઝિશિયન અને ડાયાબિટીસ - હૃદય રોગના નિષ્ણાત, ભગવતી હૉસ્પિટલ, એસ.ટી. પાસે, બાયડ, જિ. સાબરકાંઠા

ટી.વી. જોવાની મજા ના આવે અને વારંવાર આંખો ખેંચાય તેમજ દિવસે અને ખાસ કરીને રાત્રે ચોખ્ખું ન દેખાવાના કારણે ડ્રાઈવીંગ વગેરેમાં ખૂબ જ તકલીફ પડે. ૫. ચામડી અને સ્નાયુઓ. ચામડીમાં બહેરાશ, પગના તળિયા ઠંડા કે ગરમ રહે, રેતી કે રૂ ઉપર ઊભા હોઈએ તેવું લાગે, હાથ અને પગની આંગળીઓમાં ખાલી ચડે, ટાંકણી વાગી હોય કે અંગારો અડે તો પણ ઝટ ખ્યાલ ના આવે અને વારંવાર ગડગુમડ, ફોડકાં વગેરે થાય તેમજ વારંવાર દાદર અને ખુજલી થાય. વાગેલામાં અને ઘા માં ઝડપથી રુઝ ના આવે તો ડાયાબિટીસ હોવાની મજબૂત શંકા ઊભી થાય. શરીરના, ખાસ કરીને સાથળના સ્નાયુઓ સુકાવાથી પાતળા અને નબળા થઈ જવા વગેરે પણ ડાયાબિટીસમાં થાય છે. ૬. આખા શરીરની લોહીની નળીઓ ધીમે ધીમે બગડી જાય ત્યારે જે તે અંગમાં તેને લગતી મુશ્કેલીઓ સર્જાવાથી મગજની લોહીની નળીઓ બગડે તો લકવો, હૃદયની નળીઓ બગડે તો હૃદય રોગનો હુમલો, પગની બગડે તો ગ્રેંગ્રીન વિગેરે થઈ શકે છે. અને ત્યારે તેનાં ખાસ લક્ષણો અને ચિહ્નો દેખાય છે.

**છુપો દુશ્મન - ડાયાબિટીસ :**

લાકડાને ઉધેઈ અને લોખંડને કાટ લાગે તો જેમ કશો જ અવાજ કે ધાંધલ થતી નથી તે જ પ્રમાણે ઘણીવાર ડાયાબિટીસ શરીરમાં વર્ષો સુધી રહે અને લોહીની નળીઓને પૂરતું નુકસાન કરી રહે ત્યારે જ ઉપર જણાવેલાં કેટલાંક લક્ષણો અને ચિહ્નો દેખાય છે. આવું થાય ત્યારે દર્દી અને ડૉક્ટર બન્નેને ઊંઘતા ઝડપાયા હોવાની લાગણી થાય છે. વર્ષો સુધી ડાયાબિટીસના કારણે શરીરમાં થતા છૂપા નુકસાનને અટકાવવાનો એકમાત્ર ઉપાય છે. સમયસરનું લેબોરેટરી પરીક્ષણ અને નિદાન.

**નિદાન :**

ક્યારેક નિદાન ઓપરેશન અગાઉની ચેકઅપમાં પણ પ્રથમવાર થતું હોય છે.

**ડાયાબિટીસના ચોક્કસ નિદાન માટે :**

૧. ભૂખ્યા પેટે લેવાયેલ લોહીના નમૂનામાં ૧૦૦ કે તેથી વધુ મી.ગ્રા. ગ્લુકોઝનું પ્રમાણ આવે.
૨. જમ્યા પછી એક કલાકે લેવાયેલ લોહીમાં ૧૪૦ મી.ગ્રા. કે તેથી વધુ ગ્લુકોઝ.
૩. જમ્યા પછી બે કલાકે લેવાયેલ લોહીમાં ૧૬૦ મી.ગ્રા. કે તેથી વધુ ગ્લુકોઝ આવે તો ડાયાબિટીસ હોવાનું ચોક્કસ નિદાન થયેલું ગણાય.

**ડાયાબિટીસ કઈ રીતે થાય છે ?**

હોજરીના નીચલા ભાગ અને નાના આંતરડાંની શરૂઆતના ભાગની વચ્ચે પોતાનું માથું રાખી સ્વાદુપિંડ નામનો અવયવ પેટમાં જમણેથી ડાબે તરફ આવેલો છે. આ સ્વાદુપિંડમાં આવેલા બીટાકોષો દરરોજ આશરે ૨૫ યુનિટ જેટલું ઇન્સ્યુલીન બનાવે છે. આ ઇન્સ્યુલીન જ લોહીમાં જયારે ગ્લુકોઝ વધે ત્યારે તેને ઘટાડી સરેરાશ એટલે કે નોર્મલ કરે છે એટલે કે સ્વાદુપિંડના બીટાકોષોમાં રોજ રોજ બનતું ૨૫ યુનિટ જેટલું ઇન્સ્યુલીન ૨૪ કલાકમાંથી લગભગ ૨૦ કલાક લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ ૮૦ થી ૧૨૦ મી.ગ્રા.ની વચ્ચે રાખી આપણને ડાયાબીટીસથી દૂર રાખે છે. ભોજન પછી લોહીમાં ગ્લુકોઝ વધવા માંડે એટલે તરત જ આ બીટાકોષો સક્રિય થઈ ઇન્સ્યુલીનનો સ્રાવ કરવા માંડે છે.

**ડાયાબિટીસના પ્રકારો :**

૧. વાઈરસ પછી થતી ખાસ પ્રકારની એલર્જીથી જયારે નાનપણમાં જ આવા બીટાકોષોનો નાશ થઈ જાય ત્યારે ઇન્સ્યુલીનની પેદાશ નહીવત્ થઈ જાય છે. આવા કેસોમાં બહુ નાની ઉંમરથી બચપણથી જ ડાયાબિટીસનાં ચિહ્નો અને લક્ષણો દેખાય છે. આ પ્રકારના ડાયાબિટીસને પહેલા પ્રકારનો Type one અથવા

juvenile onset diabetes કહેવાય છે, જે ૧૪ વર્ષ અને તેથી નાની વયે દેખાય છે. ડાયાબિટીસનાં તમામ લક્ષણો અને ચિહ્નોની તીવ્રતા અને ઝડપ આવા પ્રકારના ડાયાબિટીસમાં ઘણી વધારે હોય છે. તેમજ ઇન્સ્યુલીનના ઇન્જેંક્શન લેવાની જરૂરિયાત સારવારની શરૂઆતથી જ ફરજિયાત બની જાય છે. આવા ડાયાબિટીસમાં ગ્લુકોઝનું પ્રમાણ અચાનક વધી જવાથી લોહીમાં કીટો એસીડ વધી જઈ જીવલેણ એસીડોસીસની બેહોશી પણ આવી જતી હોય છે. સદ્ભાગ્યે ડાયાબિટીસના કુલ દર્દીઓમાંથી માત્ર ૧૦ ને જ આવો ડાયાબિટીસ હોય છે.

૨. શરીરનું વજન વધવાથી, કસરતના અભાવથી, લાંબા સમય સુધી વધુ પ્રમાણમાં મીઠાઈ અને ગળપણનો ઉપયોગ કરવાથી તેમજ ક્યારેક સ્વાદુપિંડમાં છૂપા ચેપ અને સોજાના કારણે તેમાંના બીટાકોષોના નુકસાનથી થતો બીજા પ્રકારનો ડાયાબીટીસ ૩૦ કે તેથી વધુ વયની વ્યક્તિઓમાં જોવામાં આવે છે. આપણી ડાયાબીટીસના દર્દીઓની કુલ સંખ્યાના ૯૦ % ને આવો બીજા પ્રકારનો Type Two Diabetes અથવા પુખ્તોને થતા ડાયાબિટીસ Maturity onset Diabetes હોય છે.

ડાયાબિટીસના ઉપરોક્ત બે પ્રકારો મુખ્ય છે. એ સિવાય ૧. માત્ર સગર્ભાવસ્થા દરમ્યાન થતો ડાયાબિટીસ ૨. અમુક પ્રકારની દવાઓના લાંબા ગાળાના ઉપયોગને કારણે સ્વાદુપિંડને થતા નુકસાનથી થતો ડાયાબિટીસ વગેરે પણ જોવા મળે છે.

**સગર્ભાવસ્થા દરમ્યાન થતો ડાયાબિટીસ :**

સગર્ભાવસ્થા પહેલાં ડાયાબિટીસ છે કે નહીં તેની બહેનોએ ખાસ પાકી ખાતરી કરાવી લેવી જોઈએ. ટેસ્ટ કરાવી જો ડાયાબિટીસ હોય તો તેની સંપૂર્ણ સારવાર કરાવવી જોઈએ. સગર્ભાવસ્થા દરમ્યાન નિયમિત નિષ્ણાતની સલાહ લો. કારણ કે સગર્ભાવસ્થામાં ડાયાબિટીસ હોય તો તેનાથી ૧. કસુવાવડ થઈ શકે છે. ૨. વિકૃતિવાળું બાળક જન્મવાનો સંભવ રહે છે. ૩. માતા ને કે બાળકને જીવલેણ ચેપ થવાનું જોખમ સતત રહે છે.

**ડાયાબિટીસ વારસાગત છે ?**

માતા કે પિતા બેમાંથી એકને ડાયાબિટીસ હોય તો તેમના બાળકોમાં ડાયાબિટીસ થવાનું જોખમ ૨૫થી ૩૩ ટકા જેટલું રહે છે. જો બન્નેને ડાયાબિટીસ હોય તો તો તેમના બાળકોને ૭૫% થી પણ વધુ જોખમ રહે છે. તેમ છતાં ડાયાબિટીસના દર્દીઓમાંથી કેટલાકના માતૃપક્ષે કે પિતૃપક્ષે ડાયાબિટીસ હોવાનું જણાતું નથી.

**ડાયાબિટીસ અટકાવી શકાય ખરો ?**

પહેલા પ્રકારનો એટલે કે જુવેનાઇલ ડાયાબિટીસ થતો અટકાવવો મુશ્કેલ છે કારણ કે સ્વાદુપિંડમાંના બિટાકોષો ને થતું નુકસાન, નુકસાન થતું હોય ત્યારે ધ્યાનમાં આવતું નથી.

પરંતુ મોટી ઉંમરે એટલે કે પુખ્તવયમાં થતો ડાયાબિટીસ મોટે ભાગે અટકાવી શકાય છે. આવો ડાયાબિટીસ થતો અટકાવવો શી રીતે ?

૧. હંમેશા તમારા આદર્શ વજનને વળગી રહો. આ આદર્શ વજન શોધવા કે જાણવાની રીત, સાવ સાદી છે. તમારી ઊંચાઈ કેટલા ઈંચ છે ? જેટલા ઈંચ તમારી ઊંચાઈ હોય તેટલા કિ.ગ્રા. તમારું વજન હોવું જોઈએ. દા.ત. તમારી ઊંચાઈ ૫ ફૂટ ૫ ઈંચ છે. તો આ ૬૫ ઈંચ થયા. માટે તમારું વજન ૬૫ કિ.ગ્રા. થી વધુ ન હોવું જોઈએ.

૨. વધુ વજન હોય તો ખોરાકમાં ઘી, તેલ, માખણ, મીઠાઈ, બહારના નાસ્તા અને જમણ વગેરે

ટાળવું જોઈએ.

૩. નિયમિત વ્યાયામ કરો. વ્યાયામ શરૂ કરતાં અગાઉ તમારું બી.પી. અને કાર્ડીયોગ્રામનું ચેકઅપ કરાવવું જરૂરી છે. આવા ચેકઅપ બાદ નિયમિત વ્યાયામનો કાર્યક્રમ અમલમાં મૂકો. રોજ ૩ થી ૪ કિલોમીટર ઝડપથી ચાલવું જોઈએ અથવા એક કલાક સ્વીમીંગ કરવું જોઈએ. મેદસ્વી વ્યક્તિઓ એટલે કે જાડા વ્યક્તિઓ માટેનું નવું ધારાધોરણ હવે આવ્યું છે. જેને B.M.I. એટલે કે બોડીમાસ ઇન્ડેક્સ કહેવામાં આવે છે. સરળ ગુજરાતીમાં બી.એમ.આઈ. એટલે તમારી ચામડીના દર ચોરસ મીટર દીઠ તમારું કિ.ગ્રા.માં વજન. આ માટેનું આંતરરાષ્ટ્રિય ધારાધોરણ કહે છે કે તમારું બી.એમ.આઈ. ૨૭ થી વધુ હોય તો તમે સ્થૂળ વ્યક્તિ કે વધુ વજનવાળી વ્યક્તિ ગણાઓ.

**ડાયાબિટીસની સારવાર :**




**જીવનશૈલી :**

જીવનશૈલીમાં અગત્યના ફેરફારો કરવાથી મોટાભાગના દર્દીઓને માટે દવા કે ઇન્જેક્શન લેવાની જરૂરિયાત રહેતી નથી. જીવનશૈલીનાં બે મહત્ત્વનાં પાસાંઓ છે. (૧) આહાર અને (૨) કસરત

**આહાર :**

ખોરાકની જરૂરિયાત આપણા વ્યવસાય અને રોજિંદા શ્રમ પ્રમાણે રહે છે. ખોરાકની જરૂરિયાતની ગણતરીમાં કેલરી ગણવાની હોય છે. શરીરમાં પેદા થતી કે વપરાતી નૈસર્ગિક ઉષ્માના એકમને કેલરી કહેવામાં આવે છે.

(અ) બેઠાડું જીવનવાળાને રોજની ૧૮૦૦ કેલરી (બ) મધ્યમ શ્રમવાળું જીવન હોય તો રોજની ૨૨૦૦ કેલરી અને (ક) સખત પરિશ્રમવાળું કામ હોય તો રોજની ૨૭૦૦ થી ૩૨૦૦ કેલરી મળે તેવો ખોરાક લેવો જોઈએ.

કેલરીનું વિભાજન આ મુજબ છે :

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) કાર્બોદિત પદાર્થો | ૨૨૫ ગ્રામ | x | ૪ | = | ૯૦૦ કેલરી |
| (૨) પ્રોટીન રોજનું | ૬૦ ગ્રામ | x | ૪ | = | ૨૪૦ કેલરી |
| (૩) ચરબી રોજની | ૭૦ ગ્રામ | x | ૯ | = | ૬૩૦ કેલરી |
| (૪) શાકભાજી, ફળ વગેરે.... | | | | = | ૮૦ કેલરી |
| | | કુલ | | | ૧૮૫૦ કેલરી |

આમ તમે બેઠાડું જીવન જીવતા ૬૦ કિ.ગ્રા વજનના વ્યક્તિ હો તો તમારે તમારી દૈનિક જરૂરિયાતની ૧૮૫૦ કેલરી ઉપર મુજબ મેળવવાની રહે છે. યાદ રાખો કે કાર્બોદિત પદાર્થોમાંથી અને પ્રોટીનમાંથી દર ગ્રામે

૪ અને ચરબીમાંથી દરગ્રામે ૯ કેલરી મળતી હોય છે.

હવે ધારો કે તમારે ખોરાકના કોઈપણ ઘટકમાંથી ૧૦૦ કેલરી મેળવવી છે તો કઈ રીતે લઈ શકાય :

| | |
|---|---|
| કાર્બોદિતમાંથી<br>અથવા | ૨૫ ગ્રામ સ્લાઈસ બ્રેડ અથવા બે ફુલકા રોટલી અથવા બે ચમચા રાંધેલો ભાત અથવા ત્રણ ગ્લુકોઝ બિસ્કીટ અથવા ચાર મોનેકો બિસ્કીટ |
| પ્રોટીનમાંથી<br>અથવા | એક કપ પાતળી રાંધેલી દાળ અથવા છ ચમચી બાફેલું કઠોળ એટલે કે છૂટી દાળ કે લચકો દાળ અથવા અડધો કપ ભેંસનું દૂધ અથવા અડધો કપ દહીં અથવા બે નાના ઈંડા અથવા ૧૦૦ ગ્રામ ચીકન, માંસ, લીવર અથવા ૪૦ ગ્રામ ચીઝ |
| ચરબીમાંથી<br>અથવા | બે ચમચી ઘી, બે ચમચી તેલ અથવા બે ચમચી માખણ |
| સુકામેવામાંથી<br>અથવા | ૧૨ થી ૧૫ બદામ = ૨૫ થી ૩૦ પિસ્તા અથવા ૩ અખરોટ = ૧૫ થી ૨૦ મગફળી |
| ફળમાંથી<br>અથવા | બે મોસંબી અથવા નારંગી અથવા બે મોટા જામફળ કે અડધી ટેટી અથવા ૩૦ લીલી દ્રાક્ષ = ૧ એક મોટું કેળું = ૧ નાનું પપૈયું = ૩૦૦ ગ્રામ તડબૂચ = ૧ પાકી કેરી = ૧ ગ્લાસ શેરડી રસ = ૨ લીલા નાળીયેરનું પાણી |
| ઠંડા પીણામાંથી | ૧ થમ્સઅપ કે ૧ ફેન્ટા અથવા લીમ્કા (૮૦ થી ૯૦ કેલરી) |

**કેલરી અંગે કેટલાંક અન્ય સમીકરણો :**

એટલે કે કેલરીની દૃષ્ટિએ કઈ વાનગી બીજી કઈ વાનગીના બરાબર ગણી શકાય તે.

૧૦૦ ગ્રામ મીક્સ ભજિયા = ૬ ફુલકા રોટલી = ૩ નાના સફરજન = ૩ નાના સમોસા - = દહીંવડા = ૨૫૦ ગ્રામ ભેંસનું દૂધ = ૩૦૦ ગ્રામ ગાયનું દૂધ.

ખોરાકના કયા ઘટકમાં કેટલું કાર્બોદિત, પ્રોટીન કે ચરબી હોય છે ?

**અનાજ :**

ઘઉં, ચોખા, બાજરી, જુવાર, લોટ, મેંદો આ બધામાં ૬૦ થી ૭૫ ટકા કાર્બોદિત, ૧૦ થી ૧૨ ટકા પ્રોટીન અને ૧ થી ૫ ટકા ચરબી હોય છે. આમાંથી કોઈપણ અનાજ દર ૧૦૦ ગ્રામે ૩૨૫ થી ૩૫૦ કેલરી આપે છે.

**કઠોળ :**

ચણા, વાલ, મગ, વટાણા, તુવરદાળ, અડદદાળ વગેરે ૨૫ ટકા પ્રોટીન અને ૬૦ ટકા કાર્બોદિત હોય છે. સોયાબીનમાં ૨૫ ટકા કાર્બોદિત અને ૪૦ થી ૪૫ ટકા પ્રોટીન હોય છે.

**દૂધ :**

| | પ્રમાણ | કેલરી | પ્રોટીન | ચરબી |
|---|---|---|---|---|
| ભેંસનું દૂધ (અડધો કપ) | ૧૦૦ગ્રામ | ૧૨૦ | ૪.૫ ગ્રામ | ૯ ગ્રામ |
| ગાયનું દૂધ (અડધો કપ) | ૧૦૦ગ્રામ | ૭૦ | ૩.૫ થી ૪.૩ ગ્રામ | ૪ ગ્રામ |

**માંસ :**

માંસ અને ચીકનમાં તેના વજનના ૨૫ ટકા જેટલું પ્રોટીન હોય છે.

**ફરસાણનાં સમીકરણો :**

ભજિયા ૧૦૦ ગ્રામ = ૬ થી ૮ રોટલી

પેટીસ ૧ = ૪ રોટલી, ૧ સમોસો = ૨ રોટલી, ૧ દહીંવડું કે બટાકા વડું = ૨ રોટલી

૧૦૦ ગ્રામ બટાકા પૌંઆ = ૪ રોટલી, ૨ ઈંડાની આમલેટ = ૫ રોટલી અને ૧ ઢોંસો = ૪ રોટલી

**મિઠાઈનાં સમીકરણો :**

૧ પેંડો = ૧ બુંદી લાડુ = ૧ ટુકડો કોપરા પાક = ૩ રોટલી

૧ આઈસ્ક્રીમ - ૪૦૦ કેલરી એટલે કે ૮ રોટલી.

**દિવસના કુલ ખોરાકને આ રીતે ચાર ભાગમાં વહેંચવો જોઈએ :**

| સવારનો ચા નાસ્તો | બપોરનું ભોજન | સાંજનો ચા-નાસ્તો | રાત્રે ભોજન |
|---|---|---|---|
| કુલ કેલરીના ૧૫ થી ૨૦% | કુલ કેલરીના ૩૦% | કુલ કેલરીના ૧૫ થી ૨૦% | કુલ કેલરીના ૩૦ |

અતિશય લાંબા સમય સુધી ભૂખ્યા રહી પછી બધી કેલરી એક ટંકમાં એક ભોજનમાં લેવાય તેવી આદતથી ડાયાબિટીસ વધે છે, ઘટતો નથી.

**કસરત :**

ખોરાકના જેટલું જ કે તેથી વધુ મહત્ત્વ વ્યાયામનું છે. રોજ ૩૦ મિનિટ ઝડપથી ચાલવું અથવા ૪૫ મિનિટ તરવું અથવા ૨૨ થી ૨૫ મિનિટ દોડવું અથવા ૬૦ મિનિટ મધ્યમ ઝડપે ચાલવું હિતાવહ છે.

**કસરતથી થતા અદ્ભુત ફાયદા :**

૧. શરીરે બનાવેલા, પણ બીન ઉપયોગી ઈન્સ્યુલીનનો ઉપયોગ થઈ જાય છે. શરીરના કોષો વધુ સંવેદનશીલ બનવાથી ઈન્સ્યુલીનની અસરકારકતા વધે છે.

૨. વધારાના ગ્લુકોઝનો સ્નાયુઓ દ્વારા ઉપયોગ થઈ જાય છે.

૩. વજનને સહેલાઈથી કાબૂમાં લઈ શકાય છે.

૪. શરીરની લોહીની નળીઓ ખુલ્લી અને સ્થિતિ સ્થાપક રહે છે.

૫. વૃદ્ધત્વ, શિથિલતા, થાક અને હતાશા દૂર થઈ શક્તિ, સ્ફૂર્તિ અને આત્મવિશ્વાસ આવે છે.

૬. કસરતથી આખા શરીરમાં, ચહેરો અને હાવભાવમાં ચમક, તરવરાટ, ઉષ્મા અને આંતરિક ઉર્જાનો ઉજાશ આવે છે.

૭. કસરતથી દવાઓની કે ઈન્સ્યુલીનની જરૂરિયાત ઘટે છે. કેટલાક કેસોમાં તો માત્ર વ્યાયામ અને આહાર બાબતના યોગ્ય અને કુશળ વહીવટથી દવાઓ વિના પણ ડાયાબિટીસ સંપૂર્ણ કાબૂમાં રહે છે.

૮. વ્યાયામથી શારીરિક ચુસ્તી, સ્ફૂર્તિની સાથે સાથે ક્ષીણ થયેલ જાતિય શક્તિમાં પણ ધીમે ધીમે વધારો થવા માંડે છે.

**એટલા માટે જ, વ્યાયામને તમારા દૈનિક જીવનનો અતિ અગત્યનો ભાગ બનાવો.**

**વ્યાયામથી તમારું ખોવાયેલું સ્વર્ગ પાછું મળવાની પૂરેપૂરી શક્યતા છે. માટે જ વ્યાયામ વગરના દિવસને બરબાદ થયેલો કે વેડફી નાખેલો દિવસ ગણો,**

**ડાયાબિટીસમાં દવાઓ :**

| દવાઓ | ઈન્જેક્શનો |
|---|---|
| ૧. ટોલ બ્યુટેમાઈડ અને ક્લોર પ્રોપેમાઈડ | ૧. સાદુ = રેગ્યુલર = ક્રિસ્ટેલાઈન ઈન્સ્યુલીન (ચામડી નીચે અથવા નસમાં) અસર આશરે ૮ કલાક. |
| ૨. ફેનફોરમીન | ૨. લેન્ટે અને અલ્ટ્રાલેન્ટે (અસર આશરે ૨૪ કલાક) |
| ૩. મેટ ફોરમીન | ૩. હ્યુમન મીક્ષટાર્ડ, એક્ટ્રાપીડ (અસર ૧૨ થી ૧૬ કલાક) |
| ૪. ગ્લાયપીઝાઈડ | ૪. ચામડી નીચે મૂકી રાખવામાં આવતા, સતત ગ્લુકોઝ માપીને પોતાની મેળે જ ઈન્સ્યુલીન ઈન્જેક્શન શરીરમાં છૂટું પાડતા સક્રિય પંપ (કિંમત રૂા. ૨,૫૦,૦૦૦) |
| ૫. ગ્લીકાઝાઈડ | |
| ૬. ગ્લાયબુરાઈડ | |
| ૭. પાયોગ્લીટેઝોન | |
| ૮. મેટફોરમીન અને પાયોગ્લીટેઝોન | |
| ૯. મેટફોરમીન, પાયોગ્લીટેઝોન અને ગ્લીમાપીરાઈડ | |

**ગોળીઓ :**

મોટાભાગની ગોળીઓ મોઢેથી જમ્યા પહેલાં અથવા જમીને તરત જ, દિવસમાં એક કે બે વાર લેવાની હોય છે. મોઢેથી લેવાની ગોળીઓમાં અમુક ભય સ્થાન છે. જેવા કે વૃદ્ધોમાં અને ખોરાક લેવામાં અનિયમિત વ્યક્તિઓમાં લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ ૭૦ મી.ગ્રા. કે તેથી ઓછું થઈ જાય તો બેહોશી આવી શકે છે, જે ક્યારેક જીવલેણ સાબિત થઈ શકે છે. આ અપવાદ સિવાય મોઢેથી લેવાતી ગોળીઓ મોટે ભાગે સારી, અસરકારક અને લાંબા વર્ષો સુધી આડ અસરના ખાસ ભય વગર ઉપયોગ કરી શકાય તેવી છે. મોઢેથી

લેવાતી ગોળીઓ પૈકી મેટફોરમીન અને પાયોગ્લીટેઝોન વાળી ગોળીઓથી ઉપર જણાવેલ ગ્લુકોઝ ઓછું થઈ બેહોશી આવવાનો ભય રહેતો નથી, જે ખાસ નોંધ કરવા જેવો મુદ્દો છે.

માત્ર ગોળીઓનો ઉપયોગ ડાયાબિટીસની સારવારમાં આહાર અને કસરતની કાળજી સિવાય કરવાનો કોઈ અર્થ નથી. એટલે કે આહાર અને કસરતની કાળજી નિયમોપૂર્વક પૂરેપૂરી લેવાય તેની સાથે જ ગોળીઓનો ઉપયોગ કરવાનો રહે છે.

સામાન્ય સંજોગોમાં ગોળીઓ, આહાર અને કસરતથી ડાયાબિટીસ કાબૂમાં હોય તેવા દર્દીઓમાં પણ ઓપરેશન દરમ્યાનના થોડાક દિવસ ઇન્સ્યુલીન ઈન્જેક્શનનો ઉપયોગ કરી ગ્લુકોઝને બરાબર નિયંત્રણમાં રાખવું જોઈએ.

સગર્ભાવસ્થા દરમ્યાન ગોળીઓનો ઉપયોગ ન કરવાની વિશ્વના મોટાભાગના ડાયાબિટીસ નિષ્ણાતોની સલાહ છે. પ્રસૂતિ સુધી ઇન્સ્યુલીન ઇન્જેક્શનથી જ ડાયાબિટીસ કાબૂમાં રાખવાનું ઈચ્છનીય છે.

ઇન્જેક્શનો ઇમરજન્સી કેસો સિવાય ચામડી નીચે મોટે ભાગે દર્દીઓએ જાતે જ લેવાના હોય છે. **ગ્લુકોમીટર** હવે દરેક દર્દીના અંગત નિયમિત વપરાશનું સાધન બની ગયું છે. રૂા. ૧૭૦૦ થી ૨૨૦૦ ની આસપાસમાં સારામાં સારા ગ્લુકોમીટરો હવે બજારમાં સહેલાઈથી મળે છે. દર્દી જાતે જ ભૂખ્યા પેટે અથવા જમ્યા પછીના પોતાના લોહીના નમૂનામાં પોતાના ઘેર, ઑફિસમાં અથવા પ્રવાસમાં પણ, એક મિનિટથી પણ ઓછા સમયમાં પોતાના લોહીમાંના ગ્લુકોઝનું પ્રમાણ જાણી શકે છે. અને દવાઓના ડોઝમાં અનુકૂળ ફેરફારો કરી શકે છે. જાતે ઇન્જેક્શન લેવાની કે ગ્લુકોમીટરથી જાતે જ પોતાનું લોહી તપાસવાની વિધિ બહુ જ સાદી, ટૂંકી અને ઝડપથી શીખી શકાય તેવી છે. અને દરેક દર્દીને આ બંને બાબત આવડવી જોઈએ. આ બાબતમાં શરૂઆતની માહિતી કે તાલીમ કે મદદ તમને તમારા ફિઝીશીયન સસ્મિત આપશે.

**ડાયાબિટીસમાં જોખમો અને કેટલાક પ્રશ્નો :**

* **ડ્રાઈવિંગ** : જો તમારો ડાયાબિટીસ તરત નિદાન થયેલો હમણાંનોજ હોય તો તમારે બહુ ભારે વાહનો અને મશીનરી વગેરેનો ઉપયોગ થોડો સમય સુધી ન કરવો જોઈએ.
* ગ્લુકોઝનું પ્રમાણ વધુ પડતી કસરત કે દવાથી ૭૦ મી.ગ્રા. કે તેથી ઓછું થવા માંડે ત્યારે તમને બેધ્યાનપણુ, ચિડીયાપણું, આખા શરીરે પરસેવો કે હૃદયના ધડકારા વધી જવાનો અનુભવ થાય, આવું થાય તો તરત જ એક ગ્લાસ પાણીમાં ૩ થી ચાર ચમચી ખાંડ ઓગાળીને પી જવી જોઈએ. ખિસ્સામાં તમારી પાસે થોડાક ગ્લુકોઝ બિસ્કીટ અવશ્ય રાખો અને આવું થાય તો તરત જ બે થી ત્રણ બિસ્કીટ લઈ લો.
* stress **માનસિક તાણ :** અચાનક થયેલું ગંભીર આર્થિક નુકસાન, ધંધામાં પડેલી મોટી ખોટ, નોકરીના સ્થળમાં ફેરબદલી, મારામારી કે કૉર્ટ કેસ, તરત નિકાલ ન આવે તેવા પ્રકારના ગંભીર પ્રશ્નો, અકસ્માત દાઝી જવું, ઈલેક્શન કે કૉર્ટ કેસમાં હાર થવી - આવા કેસોમાં તમને જબરદસ્ત માનસિક તાણ અને આઘાતનો અનુભવ થઈ શકે છે.અને ત્યારે તમારું સામાન્ય સંજોગોમાં બરાબર કાબૂમાં રહેતું લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ અચાનક વધી જવાનો સંભવ રહે છે. આવા સંજોગોમાં હંમેશાં ડૉકટરની સલાહ મુજબ થોડીક વધારાની કાળજી લેવાનું રાખવું.
* **ચશ્મા નંબર** : ડાયાબિટીસમાં લોહીમાં ગ્લુકોઝના પ્રમાણમાં મોટી વધઘટ થવાના તબક્કામાં તમને આંખે ઝાંખ, અંધારામાં ઓછું દેખાવું, ડ્રાઈવીંગમાં તકલીફ કે ચશ્મા નંબર વારંવાર બદલાતા હોવાનો અને આંખે દુઃખાવાનો અનુભવ થશે. આવું થાય ત્યારે ડાયાબિટીસનો સંપૂર્ણ કાબૂ કર્યા

પછી જ ચશ્મા નંબર કઢાવી તે મુજબ ચશ્મા પહેરો. નંબરની વધઘટના સમયમાં એટલે કે આશરે ચાર થી છ અઠવાડિયા થોડીક રાહ જુઓ. ડાયાબિટીસ કાબૂમાં આવતાં જ આ તકલીફ આપો આપ મટી જશે.

ડાયાબિટીસ સતત સંશોધનોનો વિષય રહ્યો છે. એમાં નવી દવાઓ, સારવારની નવી પદ્ધતિઓ વગેરે આવતા જ રહે છે. આવા નવા જ્ઞાનનો તમને લાભ મળે તે માટે તમારા નિષ્ણાતના સંપર્કમાં રહો.

સેલ્ફ મેડિકેશન એટલે કે જાતે જ નિદાન કરી, નિષ્ણાત ડૉકટર વગર દવાઓ લીધા કરવી એ તમે તમારી પોતાની જિંદગી સાથે કરેલો અક્ષમ્ય અપરાધ છે, જે તમને કદી ભરપાઈ ન કરી શકાય તેવું પારાવાર અને કાયમી નુકસાન કરી શકે છે. માટે જ તમને દવાઓનું સંપૂર્ણ જ્ઞાન છે એમ લાગતું હોય તો પણ નિષ્ણાત ડૉકટરની સલાહ વગર જાતે દવા શરૂ કરી સતત લેવાની એટલે કે ''સેલ્ફ મેડીકેશન'' કરવાની ભૂલ કદી કરતા નહીં....

શંકાસ્પદ બજારુ જડીબુટ્ટીઓ, ઊંટવૈદું અને માનવજીવન સાથે ખતરનાક અખતરાઓ કરનારા તત્ત્વોથી દૂર રહો. હંમેશા સંપૂર્ણ વૈજ્ઞાનિક અને સંપૂર્ણ આધુનિક એટલે કે તમારા નિષ્ણાતની સલાહ જ લેવાનું પસંદ કરો.

ડાયાબિટીસ હવે છૂટા છવાયા વ્યક્તિઓને જવલ્લે જ થતો રોગ મટી આપણા રાષ્ટ્રની સૌથી મૂલ્યવાન સંપત્તિ એટલે કે માનવજીવન ના સોળમા ભાગને (૬ % વસ્તીને) ભરડો લઈ ચૂક્યો છે. તેનાથી આપ પોતે પણ સંપૂર્ણ જાગૃત બનો અને આવી જાગૃતિ અને સામાન્ય જ્ઞાનનો જનસમાજમાં પ્રચાર અને પ્રસાર કરો.




*With Best Compliments*

From



**Star Distributors**

**SANAND**

# વિશ્વવાડીનું મઘમઘતું સુગંધયુક્ત માનવપુષ્પ

◆


**રસેશ જમીનદાર**


આપણા રાષ્ટ્રની સંસ્કૃતિએ વૈદિક યુગથી આરંભી અદ્યાપિ પર્યન્ત વિશ્વોદ્યાનને સુગંધિત અને મઘમઘતું રાખવા વાસ્તે સમયાંતરે માનવપુષ્પોના પરાગકોશ અર્પવાની પરંપરાને શાશ્વતી પદ્ધતિએ અવિરત ચાલુ રાખી છે. આ બધાં પુષ્પના પરાગકોશ સંવેદનશીલતાની ચરમ સીમાનાં દ્યોતક છે. એમ કહી શકાય કે મહાવીરથી મહાત્મા સુધીનાં માનવપુષ્પને કારણે વિશ્વવાડી સુગંધયુક્ત રહી છે. આપણે સહુ એ બધાં માનવપુષ્પથી અભિજ્ઞ હોઈ એમનાં નામોલ્લેખ અહીં જરૂરી જણાતા નથી. પણ એટલું અવશ્ય ધ્યાનાર્હ રહેવું જોઈએ કે આપણા આ બધા મહામાનવ હકીકતમાં વિચારપુરુષ હતા. એમ પણ કહી શકાય કે તેઓ વિચારક્રાંતિના અગ્રેસર હતા. પરિણામે વિચારના પ્રદીપ સતત પ્રજ્વલિત રહ્યા છે. એમના વિચારોએ જગતમાં ઘણાં બધાં પરિવર્તનને મોકળું મેદાન બક્ષ્યું છે. એ બધાં મૈત્રીભાવનાનાં પવિત્ર ઝરણાં હતાં. એમનાં વૈચારિક પ્રદાન એટલાં ઉમદા અને કરુણાસભર હતાં, જેને પરિણામે સમાજના તથાકથિત વાડાબંધ પ્રવાહો અવરોધાયા. તેઓ બધા પોતપોતાની જ્ઞાતિ-જાતિ-ધર્મ-રાષ્ટ્ર-સંસ્કૃતિથી એટલા બધા જળકમળવત્ રહ્યા હતા કે પરિણામે તેઓ સહુ વિશ્વની પ્રજાના આરાધ્ય તીર્થસ્વરૂપ, કહો કે તીર્થંકર બની રહ્યા છે. આ મહામાનવોની વ્યક્તિપૂજાથી આપણે ઉફરીને એમની વિચારધારાના તત્ત્વને અંકે કરીને અહિંસાના પથને દૃષ્ટશ્રદ્ધ કરવાની જરૂર છે. એમના વિચારોને બંદીવાન ના બનાવીએ પણ વહેતા મૂકીએ, નદીના ખળખળ વહેતા જળની જેમ. જેથી પ્રવાહને કાંઠે બેઠેલા સુજ્ઞજન એમાંથી યથાશક્તિ વિચાર ચમનનો લ્હાવો લઈ શકે.

આટલી તાત્ત્વિક ભૂમિકા એટલા વાસ્તે પ્રસ્તુત કરી છે કે જેથી આપણા આ ત્રણ માનવોમાંથી એક મહાવીર વિશે આપણે વિશેષ પરિચય કેળવીએ. આમ તો ભગવાન મહાવીર તીર્થંકર અંગે લખાયેલા એક પુસ્તક તરફ અંગુલિનિર્દેશ કરવાનો ઉદ્દેશ છે. પુસ્તકનું નામ છે 'મહામાનવ મહાવીર - મૈત્રીભાવનું પવિત્ર ઝરણું'. એના લેખક છે ડૉ. ગુણવંતભાઈ શાહ. આ નામથી આપણે ખૂબ પરિચિત હોઈ એમના વિશે લખવાનું દુ:સાહસ કરવું નથી. પણ તેઓ ગુજરાતના પ્રબુદ્ધ વિચારક છે એવું વિધાન બસ છે. અવલોકન હેઠળનું આ પુસ્તક આમ તો 'સાતમી સંવર્ધિત આવૃત્તિ' (સપ્ટેમ્બર, ૨૦૦૩) છે. એટલે આ અગાઉ ઑગસ્ટ, ૧૯૮૫ થી અત્યાર સુધી ચાર આવૃત્તિ અને બે પુનર્મુદ્રણ એનાં થયાં છે અને ૯,૨૫૦ જેટલી પ્રત વેચાઈ છે. આટલી બાબતે જ આ પુસ્તકની પ્રતિબદ્ધતા અને લોકપ્રિયતાથી આપણે ઉજાગર થઈએ છીએ. આર. આર. શેઠની કંપનીએ આ પુસ્તકનું નયનરમ્ય પ્રકાશન કર્યું છે. સમગ્ર ઉઠાવ આકર્ષક છે અને બસો પૃષ્ઠના આ પુસ્તકનું મૂલ્ય એકસો પચીસ રૂપિયા છે. મહાવીર એ જૈનધર્મના ચોવીસમા તીર્થંકર છે. એ વિચારવીર તો ખરા જ,

---


* પૂર્વ અધ્યક્ષ અને પ્રાધ્યાપક, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

એ સંવેદનશીલ પણ ખરા જ. મૈત્રી અને કરુણાના તેઓ આત્મજ્ઞાની હતા. પરમ ધર્મ અહિંસાના એ ઉદ્‌ગાતા અને ઉદ્‌ઘોષક હતા. એમના સમગ્ર ઉપદેશનું મહાતત્ત્વ છે કે બધા જીવને જીવવું ગમે છે, કોઈનેય મરવું ગમતું નથી. માટે કોઈ પણ જીવની હિંસા કરવી એના જેવું કોઈ મહાપાપ નથી. અહિંસાની આવી સાદી સરળ સમજ તો ભગવાન મહાવીરે આપી છે, જેનો વર્તમાને સુંદર વિનિયોગ મહાત્મા ગાંધીજીએ આપણી પ્રત્યક્ષ કર્યો છે. આત્માની અનુપમ શક્તિને વિશિષ્ટતાથી વિકસાવીને જીવનને એક ઊંચા આદર્શ સુધી પહોંચાડનાર થોડાક મહાત્માઓમાંના એક હતા મહાવીર. આ એક એવા તીર્થંકર હતા જેમણે સંસારસાગરના ભવાટવીને પાર કરીને સંસારના સંખ્યાતીત જિજ્ઞાસુઓને સાગર તરવા સક્ષમ બનાવ્યા હતા. એમનો બોધ માનવજાતિના કલ્યાણનો હતો. આ અહિંસાધર્મની સરળ અને સદૃષ્ટાંત મીમાંસા ગુણવંતભાઈએ એમના પ્રસ્તુત પુસ્તકમાં સુંદર રીતે કરી છે. જૈનધાર્મિકોનું એક પ્રિય સૂત્ર છે - जैनं जयति शासनम् । આ સૂત્રને લેખકે ૨૩ પ્રકરણ મારફતે આપણી પ્રત્યક્ષ કર્યું છે.

આજે જ્યારે સમગ્ર વિશ્વ હિંસાના તાંડવનૃત્યથી બેબાકળું થયું છે, રાજકારણીઓ હિંસાના ઓથા હેઠળ જ્યારે પોતાની ખીચડી પકાવી રહ્યા છે, અને સામાન્ય માણસને ચોપાસથી વ્યાપ્ત થયેલી હિંસામાંથી મુક્ત થવાનો જ્યારે કોઈ માર્ગ હાથવગો દેખાતો નથી ત્યારે ..... ભગવાન મહાવીરનું દર્શન ક્યારેય ન હતું એટલું આવશ્યક રીતે પ્રસ્તુત જણાય છે. લેખકે સહજતાથી નોંધ્યું કે મહાવીરનું વિભૂતિમત્વ એટલું તો ગહન રીતે વિરાટ છે કે, કેવળ એ જૈનો પૂરતું સીમિતના રહેતાં વૈશ્વિક અને માનવીય બની રહ્યું છે. ઇતિ.

આમ તો આ પુસ્તક મહાવીરકેન્દ્રી હોઈ સ્વાભાવિક જ તેમાં જૈનદર્શનનાં વિવિધ પાસાંની પારદર્શક મીમાંસા અગ્રેસરી હોય જ; પણ લેખકનો અભિગમ પાર્શ્વદર્શી નથી. અને તેથી હિન્દુ દર્શન અને બૌદ્ધદર્શનની વિચારધારાનું તુલનાત્મક વિશ્લેષણ પણ એમણે સહજ રીતે કર્યું છે. એમની વૈશ્વિક વિચારણાનો અને એમના વિશાળ વાંચનનો લાભ પણ આ પુસ્તકમાં આપણે અંકે કરી શકીએ છીએ. પૂર્વના અને પશ્ચિમના ચિંતકો, વિચારકો અને વિજ્ઞાનીઓના અભિપ્રાય પણ છૂટથી આપણી પ્રત્યક્ષ કર્યા છે. આનો પ્રત્યય થાય છે પ્રત્યેક પ્રકરણના પ્રારંભ પૂર્વે 'સ્પાર્ક-પ્લગ'નું વિશિષ્ટ પૃષ્ઠના વાચનથી. ત્રેવીસ પ્રકરણ વાસ્તે એમણે ત્રેવીસ 'સ્પાર્ક-પ્લગ' આપ્યા છે, જેમાં પ્રસ્તુત ચિંતનકણિકા આપણા મનોવલણને વ્યાપક બનાવે છે તો મનસાકાશને સ્વચ્છ, એટલું જ નહીં પ્રત્યેક 'સ્પાર્ક-પ્લગ'ની અંતિમ પંક્તિઓમાં તેઓ મહાવીરના મહામાનવ ગુણોને સરળતાથી પ્રસ્તુત કરે છે. 'સ્પાર્ક-પ્લગ'ના દૃષ્ટાંત દ્વારા લેખક મહાવીરના વિચારોને સ્પષ્ટ કરે છે. પ્રકરણો અને 'સ્પાર્ક-પ્લગ'ના અભ્યાસથી એક બાબત બહુ સ્પષ્ટ થાય છે કે લેખકના મનમાં અહિંસાધર્મની મીમાંસા કેન્દ્રસ્થ છે. અને સમયનો તકાજો છે કે હિંસાના લૂતાતંતુની જેમ ચોમેર વ્યાપ્ત થયેલા અને થઈ રહેલા વાતાવરણમાં આપણા રાષ્ટ્રે વિશ્વને બક્ષેલા અહિંસાધર્મને ઉજાગર કરવાનો છે અને એવી તક લેખકે આ પુસ્તકમાં આપણને સંપડાવી આપી છે. પ્રત્યેક 'સ્પાર્ક-પ્લગ'ના પૃષ્ઠભાગે કોઈ ને કોઈ ચિંતકનાં વિચારબીજ અહિંસાધર્મને સમજાવતાં વાવ્યાં છે, જેના વાચનથી આપણા ચિત્તતંત્રમાં તે તે બીજ અંકુરિત થઈ છેવટે ફળરૂપે આપણને પોષક નીવડે છે.

પુસ્તક કુલ ૧૯૯ પૃષ્ઠથી વિભૂષિત છે, જેમાંથી ૧૧૮ પૃષ્ઠ એવાં છે કે જેના અંતભાગના ડાબે અથવા જમણે (બેકી પૃષ્ઠ ઉપર ડાબે અને એકી પૃષ્ઠ ઉપર જમણે) આસમાની રંગની પૃષ્ઠભૂમિ ઉપર હાયકુની જેમ કાં તો કોઈ ચિંતકની, કાં તો કોઈ પુસ્તકમાંની, કાં તો કોઈ ધર્મગ્રંથમાંથી લાઘવી ચિંતનકણિકાઓ સંપડાવી આપીને લેખકે આપણા ઉપર અનહદ ઉપકાર કર્યો છે કેમકે પુસ્તકના ધ્રુવકેન્દ્રને સમજવા આ *ચિંતનકણિકા* આરંભે આપણને હળવા બનાવી દે છે કે 'સ્પાર્ક-પ્લગ', એના પૃષ્ઠ ભાગમાં મૂકેલાં અવતરણ અને પુસ્તકમાં અભિવ્યક્ત વિચારોને સમજવામાં ખાસ કોઈ તકલીફ જણાતી નથી. ચિંતનકણિકા ખુલ્લા

મૂકેલા ટીપણાના વીંટાના આકારમાં મૂકવામાં આવ્યા છે, જેથી જે તે પૃષ્ઠ ઉપર વાચકની નજર સહસા ત્યાં જ પહોંચે.

ત્રેવીસ પ્રકરણ મારફતે ગુણવંતભાઈએ જૈનતત્ત્વને સરળ રીતે સદૃષ્ટાંત આપણી સમક્ષ રજૂ કર્યું છે અને તે પણ અળગાપણાના અભિગમથી નહીં તેમજ કેવળ જૈનધર્મના પરિપ્રેક્ષ્યમાં પણ નહીં પરંતુ વિશ્વદર્શનના દૂરબીનથી એટલે જગતભરના એવા પ્રવાહ કે અવતરણ કે વિચારતંતુ કે દૃષ્ટાંતના અટામણની મદદથી. છતાં પણ લેખકનો મુખ્ય ઉદ્દેશ - મહાવીર અને તેમના ઉપદેશ અને સરવાળે જૈન ધર્મની મીમાંસાનો - ક્યાંય ચતરાઈ ગયેલો જણાતો નથી. પ્રકરણની માંડણી અન્ય પ્રવાહોથી શરૂ થઈ હોય તો પણ સરવાળે અને પ્રકરણાંતે કે મધ્યપ્રવાહે ફોકસ તો જૈનતત્ત્વ ઉપર કેન્દ્રિત થયેલું હોય છે. અને એટલે જ છેલ્લા પ્રકરણને 'જૈનં જયતિ શાસનમ્' કહીને મૂળ ઉદ્દેશનું સર્વગ્રાહી સુંદર અભિવાદન કર્યું છે. એમ ખસૂસ કહી શકાય કે લેખકની રજૂઆત એકાંગી નથી તેમ એકાધિકવાદની પણ નથી. એમનું લક્ષ્ય તો વર્તમાને વિશ્વમાં વ્યાપ્ત થયેલી ખતરનાક હિંસાના માહોલને સંયમિત કરવામાં મહાવીર અને એમનો ઉપદેશ ક્યાં કેવી રીતે ઉપાદેયી નીવડી શકે તેમ છે તે તરફ આપણાં વાણીવર્તન વલણને આકૃષ્ટ કરવાનું છે અને લેખક એમના આ લક્ષ્યમાં સરિયામ સફળ રહ્યા છે અને એથી જ આ પુસ્તકની સાતમી આવૃત્તિ પ્રકાશિત કરવાની જરૂર ઉદ્ભવી. પ્રત્યેક પ્રકરણ કોઈ નવા જ પયગામ તરફ આપણું ધ્યાન અવશ્ય લઈ જાય છે અને તે બાબત દરેક પ્રકરણના શીર્ષકથી અભિવ્યક્ત થાય છે.

પુરવણી ૧માં 'મહાવીરની અંતર્યાત્રા' નામના મથાળા હેઠળ લેખકે પાંચ પ્રસંગ મારફતે મહાવીરની જીવનયાત્રાને લાઘવતાથી આપણને સમજાવી છે. આમ તો આ પુસ્તકમાંનું પ્રત્યેક પ્રકરણ ખરે જ ધ્યાનાર્હ છે, તો પણ જો કોઈ એક પ્રકરણ તરફ અંગુલિનિર્દેશ કરવો હોય તો તે છે પ્રકરણ ૧૪ : મહાવીરને દેરાસરની બહાર શોધીએ. ધર્મને આપણે વાડામાં બદ્ધ અને બંધ કરી દીધો છે અને ધર્મસ્થાપકને આપણે ધર્માલયમાં કેદ કરી દીધો છે તે તરફ લેખક આપણું ધ્યાન દોરીને એવું કહે છે કે ઊંચી અને દુર્બોધ વાતોથી ધર્મને વિધિબદ્ધ કરી દીધો છે તેમાંથી છૂટવાનું ઈજન આ પ્રકરણમાં છે. વિધિવિધાનને ઓળંગીને આપણે ધર્મને સમજવો જોઈએ. વર્ણ-જાતિ-સંપ્રદાય-ભૂગોળની કોઈ સરહદને આંબી જઈ લોકગત થતો ઉપદેશ સાચો ધર્મ બની રહે છે. જૈનોની ધર્મ પરત્વેની કેટલીક મર્યાદા અને ચુસ્તતાને પણ લેખકે પારદર્શક કરી આપી છે. કોઈ પણ ફિલસૂફી, જે પૂર્ણપણે સૈદ્ધાન્તિક હોય અને જે અવ્યવહારુ હોય અને તે આદર્શ વિચારને કે તત્ત્વને અભિવ્યક્ત કરતી હોય, તે અંકે કરવી કોઈ સમાજને ગમતી નથી. કહેવું એટલું છે કે વિચારની વાંસોવાંસ તત્ત્વજ્ઞાન કે દર્શન કે ફિલસૂફી કે જ્ઞાનવિમર્શ પણ જો સિદ્ધાંતના સ્થિતિચુસ્ત ચોકઠામાં કે યુરોપિયાના ચકરાવામાં કે આદર્શનાં આંગણમાં બંધાયેલાં હોય તો તે લોકભોગ્ય કે લોકાભિમુખ કે લોકગત કે રુચિકર બનતાં નથી. એનાં પ્રસાર-પ્રચાર સીમિત રહે છે અને વિશેષ તો સંવાદ-વિવાદ-સંઘર્ષરૂપી અભિમન્યુના કોઠામાં ચકરાવા લેતા રહે છે અને તેથી પ્રજાપ્રત્યક્ષ થતા નથી. સરવાળે, તત્ત્વજ્ઞાન કે દર્શનના તાણાવાણા વ્યવહારુ અભિગમથી અને રોજિંદા જીવનમાં ઉપકારક થઈ શકે તે રીતે ભાત ઉપસતી હોય તે બાબત અભીષ્ટ ગણાય. એટલે કે ફિલસૂફી જીવંત હોવી જોઈએ, કહો કે જીવી શકાય તેવી હોવી જોઈએ, માનવજીવનને ભર્યુંભાદર્યું બનાવે તેવી હોવી જોઈએ, જીવનને વરેણ્ય બનાવતી હોય.

આ ભૂમિકાના સંદર્ભે કહી શકીએ કે જૈનતત્ત્વની દુર્બોધતાને દૂર કરી 'તત્ત્વજ્ઞાન એ જે જીવી શકાય' એવી રજૂઆત કરવામાં ગુણવંતભાઈ ખસૂસ સફળ થયા છે અને તે જ છે આ પુસ્તકની ઉપયોગિતા. અસ્તુ.

# Comprehensive Compendium of Hindu Rituals

◆

**Dr. Rasesh Jamindar***

Religion is a transforming experience. It is not a theory of God. It is spiritual consciousness. Belief and conduct, rites and ceremonies, and authorities are subordinate to the art of self-discovery and contact with the Divine. When the individual withdraws his soul from all outward events, gathers himself together inwardly, strives with concentration, there breaks upon him an experience, sacred, strange, wondrous, which quickens within him, lays hold of him, becomes his very being. Even those who are the children of science and reason, must submit to the fact of spiritual experience which is primary and positive. – This is what Dr. Sarvapalli Radhakrishnan has said in his Foreward to 'The National Culture of India' by. S. Abid Husain in 1955 and the same holds good for this book under review by Sadhu Mukundcharandas who has very aptly contributed to self-reflection, finer feeling and deepens the journey of one's inner process.

* * *

Why should one practice rites and rituals ? Why should one perform morning *Pujā* ? How is a *Mūrti* different from a statue ? Why do people ring a bell on entering a *Mandir* ? Why do Hindus join their palms in *Praṇāmas* instead of shaking hands ? Why should one have a spiritual *Guru* ? Why should one have a home shrine ? What is *Bhakti* ? Can stress be relieved by chanting *Mantras* ? Why are certain plants, trees, animals and objects considered sacred or auspicious ? How does a *Tīrth* arise ? What is the significance of performing *Pujā* of a newly purchased house, business or object such as a fridge or car, etc ? How does a Hindu pray ? Are prayers answered ? Why should one offer *Praṇāmas* to parents every morning ? What is the purpose of clapping when singing *Bhajans* ? What is the importance of celebrating festivals ? Why is fasting, rather than feasting, observed during certain sacred days and *Jayantis* of *Avatāras* ? Why is vegetarianism an imporatant Hindu diet norm ? Why is marriage regarded as a sacred sacrament ?

* * *

These and many other questions are very cogently answered in this book by Sadhu Mukundcharandas. These are the questions frequently asked by many youngsters today and especially those living abroad quite often. But these NRG's and NRIs will certainly find satisfactory answers here in all the five parts. The reviewer believes that after pursuing answers minutely and having indepth perusal of those detailed clarifications or cogent arguments these youngsters will definitely have their confusions cleared, especially their misunderstaing and misinformation. This 'Frequently Asked Questions' section is the focus of this book. The author has specifically mentioned that 'They can appreciate the underlying scientific approach of the *Rishis* who gifted these rituals to mankind.' It is felt here that these youngsters should first read another book authored by the same author before reading the book under review: *Rishis, Mystics and Heroes of India* (Volume 1, 2005)

* * *

* પૂર્વ અધ્યક્ષ અને પ્રાધ્યાપક, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, મ.દે. સમાજ વિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

This book consists of five parts, 41 chapters, 512 pages alongwith 781 photographs, 90 paintings and 27 maps. Those five parts are : Part one - *Mandir Rituals* – consisting of eleven chapters in 82 pages. Part two – *Bhakti Rituals* – comprising nine chapters (from 12 to 20) in 95 pages (from 83 to 178). Part three–*Home Rituals*–having six chapters (from 21 to 26) and 31 pages (from 179 to 210). Part four *Personal Rituals* – presents seven chapters (from 27 to 33) and 151 pages (from 211 to 362). Part five – *Ritual symbols* – containing eight chapters (from 34 to 41) and 35 pages (from 363 to 398). It is appended with 7 appendices spreading into 134 pages (from 399 to 433). At the end glossary, bibliography and index are given in 78 pages (from 434 to 512).

* * *

The aim of this book as echoed by the author is to provide answers and cogent arguments for all Hindus seeking answers to questions that may have irked them. It can be a vital tool for Hindu parents to inform their children about Hindu rituals. ...Has attempted to capture the authenticity, essence, colourful charm and rich variety of Hindu rituals.... The answers and scientific elaboration about the significance of rituals hopes to remove any stigma and doubt usually associated with Hindu rituals; of them being old fashioned, rote and impractical in modern life...Young Hindus to know that several rituals discussed in this book such as *Mānasī Pujā*, meditation and Prāṇāyama, can improve their overall physical health, immunity, power of concentration, memory, creativity and performance in sports, in addition to the spiritual gains. This is because they activate right-brain fuction, which deals with the above factors...Practicing Hindu rituals will also help them identify and connect with a cultural tradition which is over 10,000 years. It will boost their self-esteem and pride in being Hindu. *Iti.*

This scholarly book is printed in full-colour with a gorgeous outlook and elegant binding, even though its cost is very moderate. It is published by the *Swāminārāyaṇ Aksharpīth*, a main centre of the *Bochāsaṇwāsī Shree Akshar Purushottam Swāminārāyaṇ Saṅsthā* (generally and popularly known as BAPS by all, on glossy paper and yet it is priced at Rs. 350 only.

* * *

*Saṁskāra* is a life-line of *Bhāratiya Sanskriti.* It flows from everybody's blood-vessels on the globe but it has been given considerable significance only in our cultural tradition. *Saṁskāra* certainly is invisible or it is an inward grace. In our culture there are 16 *Saṁskāras.* It starts with *Garbhādhān* (conception or pre-natal) *Saṁskāra* and ends with last rite (i.e. *Antyeṣṭī* Saṁskāra). The author has very vividly narrated all the 16 *Saṁskāras* which boost our cultural values and *Dharma.* This chapter gives readers a perfect explanation of them and helps everyone to understand their usage. Even otherwise the whole book is readable and everyone must be in possession of it to live a fruitful and meaningful life.

* * *

The introduction of the book by Sadhu Mukundcharandas is well presented explaining the following important points to clear our misinformation and doubts: Significance of rituals, Historical perspective, Modern science and rituals, Congregational rituals, Rituals and the path of *Bhakti*, Womens' role in rituals, Rituals in a changing social and cultural milieu and Diet norms and ritual purity. This introduction is laudable.

The one-page introduction to every part of this book is noteworthy as it gives a summary of every part. It helps the reader to understand what is going to be discussed in the following pages. Every chapter has in the beginning highlighted the main points that have been explained therein, which helps to know that what sort of discussion will now follow. The photos, painting and maps certainly add to help understanding many moot questions. The whole book is profusely illustrated. Hence it breaks the monotonous reading if one feels so. Hardly any page remains without any sort of illustration. Old manuscript type paintings are very attractive and worthy of understanding the origin of the rituals. The reading of the entire book is not that of a monologue, Instead it gives Omipresent and Omniscient reading to understand thoroughly The Omnipotent. Anyone interested in our age old cultural and traditional history and spirituality with a modern approach will find this well-researched, well-documented and cross-cultural work by the author spellbinding and enriching. No doubt, this is a book which belongs to the home and library of every person who is desirous and wishes to evolve using the wisdom of our Sages and Ṛṣis.

One must certainly admit that from a formidable enthusiastic scholar comes a challenging attempt to introduce history with clarity into culture. This book is a thrilling piece of scholarship and deep understanding of the ever-cherished values i.e. an exercise of head and heart. It may help one in creating and maintaining a proper balance between body, mind, *Jīvātmā*, intellect and the environment around you in line with the five clements of nature and enlightens one's intellect and environments, so that you can enjoy healthy, peaceful and comfortable living within the Laws of Nature.

This book is well researched and written with clarity and honesty with chaste English – an eyeopener for Hinduism and non-Hindus alike about rites and rituals. No one has addressed the core problems of epistemology more tranchantly than Indian thinkers and no one has provided a more probing and accessible exposition of their many controversies than Sadhu Mukundcharandas. His presentation of the subject is marked by ability, vision and purpose as well as more so with specific objective i.e. to help 'Hindu parents to inform their children about Hindu rituals.'

In this pathbreaking but extremely lucid book, the versatile author shows clearly that our forefathers possessed a high spiritual wisdom which not only influenced the evolution of the western world in decisive ways but which still has much to teach us today. Out archaic spirituality is codified in the rich symbols and metaphors of the magnificient Ṛgveda which is shown to be much older than has been widely assumed by scholars. The present book thus unravels the astonishing code hidden in the Vedic hymns.

In the end, this reviewer must unhasitatingly say that this book is a valuable addition to the vast literature on Hinduism. It is interesting as a work of scholarship and provides an insight into the oceanic rites and rituals. I would like to congratulate Sadhu Mukundcharandas whole heartedly.

---

* **Hindu Rites and Rituals** (*sentiments, sacraments, and Symbols*) by Sadhu Mukundcharandas and published by Swāminārāyaṇ Aksharpeeth, Shahibag Road, Amdavad 380004; First Edition : June 2007, Price Rs. 350, Copies 7000, pp. 40 + 512.

## Guide lines for accepting the articles :

The scholars are requested not to send their articles for publication to any other place, once accepted for this Journal.

The article should be submitted preferably in a computerized copy or if it is a hand-written copy, it should be written only on one side of the paper and it should be clearly readable. The title page should contain the exact title of the article, author's name, affiliation and complete address. The Line drawings and the Photographs along with the article can be printed only on the approval of the Editors.

The references should contain the name of the author or the Editor, title of the book, edition, publication place and the year. The writings of the Journal are protected by copy-right of the Gujarat Research Society.

The Journal is non-profit making and does not pay for the article accepted for publication. However, the authors will get 10 off-prints of their published papers along with a copy of the Journal.

The authors should send two copies of their published book for review. One copy of the book and 10 off-prints of the printed review will be given to the reviewer.

The views expressed in the various articles of this Journal are the views of the authors and it should not be assumed that the editors agree with the views mentioned in the articles.

Subscription : Rs. 100 (including postage)

In Foreign Countries :
U. S. A. : 8 $ (including postage)
Europe and other countries : 3.50 £

Subscription year January to December

Advertisements :

| | | |
|---|---|---|
| Cover page 4 | : | Rs. 5,000/- |
| Cover Page 3 | : | Rs. 4,000/- |
| Cover page 2 | : | Rs. 5000/- |
| Full Page | : | Rs. 3,000/- |
| Half Page | : | Rs. 1,500/- |

For Correspondance write to :
Hon. Director,
**Gujarat Research Society**
445, Paldi (West),
Opp. ESI Dispensary,
D. 42, AHMEDABAD-380007

Publication Year : 2008

Printed by : **Krishna Graphics**
966, Naranpura Old Village, Naranpura, Ahmedabad-380013
Ph. : 079-27494393. (M) 9426300640

પેટના દર્દોના નિદાન તથા સારવાર માટે અતિ આધુનિક સર્વ પ્રથમ હૉસ્પિટલ

સુભદ્રા

ગૅસ્ટ્રો સર્જરી હૉસ્પિટલ

- શહેરના હાર્દ સમા પાલડી વિસ્તારમાં
- ક્લાસ-૧ ઓપરેશન થિયેટર
- વિશાળ વેઇટીંગ ફોયર તથા રૂમ્સ
- લૅપરોસ્કોપીથી થતા ઓપરેશનો
- ઍન્ડોસ્કોપીની સુવિધાઓ
- મસા, ભગંદર માટે આધુનિક પધ્ધતિ




ડૉ. કે. એસ. પુરોહિત

કોચરબ આશ્રમ સામે, આશ્રમ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬. ફોન : હૉસ્પી.૨૬૫૭૭૭૭૬, ૨૬૫૭૭૬૬૩
રહે ૨૬૬૩૨૯૪૫ E-mail : drkspurohit@yahoo com




ગુજરાત રિસર્ચ સોસાયટી, જર્નલ વિમોચન સમારંભ, તા. ૯-૯-૨૦૦૭

ડાબેથી ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા, ડૉ. નીતિનભાઈ એસ. શાહ, ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, ડૉ. ભારતીબેન શેલત, ડૉ. મનીષા ભટ્ટ



Shri Krishna As Envoy

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।
गतासूनगतासूंश्च नानुशोचन्ति पण्डिताः ॥ ( भ.गी. २/११ )
न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥ ( भ.गी. २/२० )
नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥ ( भ.गी. २/२३ )


સૌજન્ય

**શ્રી નટવરલાલ રણછોડદાસ પટેલ**

માજી પ્રમુખ યુનિયન હાઈસ્કૂલ
લાંઘણજ, તા. જિ. મહેસાણા